દૈનિક સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર
R.N.I. No. GUJ GUJ /2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 137 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ જયેષ્ઠ સુદ - ૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 10 June 2024, Monday ■ REGD.No. MCS/058/2018-20
સોમવાર, ૧૦ જૂન ૨૦૨૪, (૧૨ પાનાં) કિંમત ₹૧૦.૦૦
ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭ ૮
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# હેટ-ટ્રિકના હીરો: મોદીએ ૭૧ પ્રધાન સાથે શપથ લીધા



નવી દિલ્હી: વડા પ્રધાન નિયુક્ત નરેન્દ્ર મોદીએ પોતાની નવી ટર્મમાં અગાઉનું કામ ચાલુ રાખવાનો સંકેત આપતાં પ્રધાનોની પસંદગીમાં પોતાના મોટા ભાગના પ્રધાનોનો કૅબિનેટમાં ફરી સમાવેશ કર્યો હતો. કૅબિનેટ સ્તરના ૩૦ અને રાજ્યકક્ષાના ૩૬ સહિત કુલ ૭૧ પ્રધાનોએ શપથ લીધા હતા. જેમાંથી ૨૭ ઓબીસી સમાજના, ૧૫ એસસી/એસટી સમાજના પ્રધાનો હતા. સાથી પક્ષોના કુલ ૧૧ સંસદસભ્યોને કૅબિનેટમાં સ્થાન અપાયું હતું. લઘુમતી સમાજના પાંચ સંસદસભ્યોને કૅબિનેટમાં સ્થાન અપાયું છે. ચાર ભૂતપૂર્વ મુખ્ય પ્રધાનોને સ્થાન આપવામાં આવ્યું છે. અમિત શાહ, રાજનાથ સિંહ, નિર્મલા સીતારમન, એસ. જયશંકર જે અગાઉની ટર્મમાં ગૃહ, સંરક્ષણ, નાણાં અને વિદેશમંત્રાલય જેવા ખાતા સંભાળી રહ્યા હતા તેમની સાથે જ પીયૂષ ગોયલ, ધર્મેન્દ્ર પ્રધાન, અશ્વિની વૈષ્ણવ, કિરણ રિજિજુ અને હરદીપ સિંહ પુરીનો નવી કૅબિનેટમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

રવિવારે નવી દિલ્હીમાં આયોજિત શપથ-ગ્રહણ સમારંભમાં ભાજપના અને સાથી પક્ષોના નેતાઓ દ્વારા પ્રધાનપદના શપથ લીધા હતા.

આ બધાની વચ્ચે ગત કૅબિનેટમાં માહિતી અને પ્રસારણ ખાતાના પ્રધાન રહેલા અનુરાગ ઠાકુરને કૅબિનેટમાં સ્થાન મળ્યું ન હોવાથી આશ્ચર્ય વ્યક્ત થઈ રહ્યું છે. અનુરાગ ઠાકુર હિમાચલ પ્રદેશની હમીરપુર બેઠક પરથી પાંચમી વખત ચૂંટાઈ આવ્યા છે.

અમેઠીની બેઠક પરથી પરાજિત થયેલા સ્મૃતિ ઈરાની અને ગુજરાતમાંથી વિજયી થયેલા પુરુષોત્તમ રૂપાલા, જેમના રાજપૂત વિરોધી નિવેદનને કારણે ખાસ્સો વિવાદ થયો હતો તે બંનેને નવી કૅબિનેટમાં સ્થાન આપવામાં આવ્યું નહોતું.

આવી જ રીતે શશી થરૂર સામે સંઘર્ષપૂર્ણ લડાઈમાં હારી ગયેલા રાજીવ ચંદ્રશેખરને પણ નવી કૅબિનેટમાં પડતા મૂકવામાં આવ્યા હતા.

જોકે વિદાય થયેલી સરકારના મોટા ભાગના પ્રધાનોનું પુનરાવર્તન થવાની શક્યતા પહેલેથી જ વ્યક્ત કરવામાં આવી રહી હતી.

ભાજપના નેતાઓ મનોહરલાલ ખટ્ટર, સી. આર. પાટીલ, શિવરાજ સિંહ ચૌહાણ, બાંદી
(જુઓ પાનું ૨) ▸▸

## ગુજરાતના છ સાંસદને પ્રધાનપદ મળ્યાં: રૂપાલા અને ચૌહાણ કપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાંથી ચૂંટાયેલા અમિત શાહ, મનસુખ માંડવિયા, નીમુબેન બાંભણિયા, સી.આર પાટીલ એમ ચારને કેન્દ્રીય પ્રધાનમંડળમાં સ્થાન અપાયું છે, જ્યારે રાજ્યસભામાંથી ચૂંટાયેલા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા અને પૂર્વ વિદેશ પ્રધાન એસ.જયશંકરને પણ નરેન્દ્ર મોદી સરકારમાં સ્થાન આપવામાં આવ્યું છે, જ્યારે પુરુષોત્તમ રૂપાલા અને દેવુસિંહ ચૌહાણને પડતા મૂકવામાં આવ્યા છે. આમ નવા પ્રધાનમંડળમાં રાજ્યના છ સાંસદને સ્થાન મળ્યું છે.

નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રચાયેલી સરકારના પ્રધાનોના શપથવિધિ સમારોહમાં ગાંધીનગર બેઠક પરથી ચૂંટાયેલા અમિત શાહ તેમજ જે.પી. નડ્ડા અને એસ.જયશંકરે કેબિનેટ પ્રધાન તરીકે શપથ લીધા હતા. જ્યારે ભાવનગરમાંથી ચૂંટાયેલાં મહિલા સાંસદ નીમુબેન બાંભણિયાને પ્રથમ વાર સ્થાન આપવામાં આવ્યું છે.

અગાઉની મોદી સરકારમાં કૃષિ પ્રધાન રહી ચૂકેલા અને રાજકોટ બેઠક પરથી જીતેલા પુરુષોત્તમ રૂપાલાનું આ વખતે પ્રધાન મંડળમાંથી પત્તું કપાયું છે. એવી જ રીતે ખેડા બેઠક પરથી જીતેલા દેવુસિંહ ચૌહાણને પણ પડતાં મૂકવામાં આવ્યા છે. ■

## ટીમ ઈન્ડિયાએ ૧૯ ઓવરમાં બનાવ્યા માત્ર ૧૧૯ રન

### પાકિસ્તાન સામેના મુકાબલામાં વરસાદના વિઘ્નો બાદ ભારતીય બૅટર્સ પાણીમાં બેસી ગયા

ન્યૂ યૉર્ક: કરોડો ક્રિકેટપ્રેમીઓ જે ભારત-પાકિસ્તાન મુકાબલાવાળા સુપર સન્ડેની મહિનાઓથી રાહ જોઈ રહ્યા હતા એમાં પહેલાં તો મેઘરાજાએ મજા બગાડી હતી અને વરસાદના વારંવાર વિઘ્નો આવ્યા બાદ ભારતીય બૅટર્સ પાણીમાં બેસી ગયા હતા. ભારતીય ટીમ ૧૯ ઓવરમાં ફક્ત ૧૧૯ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી.

બાબર આઝમની ટીમને ૧૨૦ રનનો લક્ષ્યાંક આપવામાં એકમાત્ર રિષભ પંત (૪૨ રન, ૩૧ બૉલ, છ ફોર)નું કેટલાક જીવતદાન બાદ સાધારણ યોગદાન હતું.

ભારતીય બૅટર્સે પાકિસ્તાનને એક પછી એક વિકેટની ભેટ આપીને છેવટે મૅચને લો-સ્કોરિંગ બનાવી નાખી હતી.

ખરેખર તો મેઘરાજાએ રવિવારે ભારત-પાકિસ્તાન મૅચની પહેલાંથી જ મજા બગાડવાની શરૂઆત કરી દીધી હતી. વારંવાર વરસાદ પડતાં ટૉસ મોડો ઉછાળવામાં આવ્યો અને ત્યાર પછી લાંબા વિલંબ બાદ ૩૪,૦૦૦-પ્લસ પ્રેક્ષકોની હાજરીમાં રમત ફરી શરૂ થઈ હતી. જોકે વરસાદના વિઘ્ન પછી ફરી રમત શરૂ થઈ અને ત્રીજા જ બૉલમાં વિરાટે ચાર રને વિકેટ ગુમાવી દીધી હતી.

રોહિત ૧૩ રન, અક્ષર પટેલ ૧૮ બૉલમાં એક સિક્સર તથા બે ફોરની મદદથી બનેલા ૨૦ રન, સૂર્યકુમાર સાત રન અને શિવમ દુબે ત્રણ રન બનાવીને આઉટ થયો હતો. નસીમ શાહે અને રઉફે ત્રણ-ત્રણ, આમિરે બે તેમ જ આફ્રિદીએ એક વિકેટ લીધી હતી.

એક તો પિચનો વિવાદ ચાલી રહ્યો છે ત્યાં વરસાદને લીધે આઉટફીલ્ડ ધીમું થયું હોવાનું પાકિસ્તાની ફીલ્ડર્સની ફીલ્ડિંગ પરથી જોવા મળ્યું હતું.

રોહિતે બે દિવસ પહેલાં એક ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું કે 'પિચ આગામી મૅચોમાં કેવી રહેશે એ વિશે ખુદ પિચ ક્યૂરેટર પણ મૂંઝાયેલા છે.'

પાકિસ્તાનના કૅપ્ટન બાબર આઝમે ટૉસ જીતીને ફીલ્ડિંગ પસંદ કરી હતી. ભારતે આયરલૅન્ડ સામેની ઇલેવન જાળવી રાખી હતી, જ્યારે પાકિસ્તાને આઝમ ખાનના સ્થાને ઇમાદ વસીમને ઇલેવનમાં સમાવ્યો હતો. ■

### જમ્મુ-કાશ્મીરમાં ત્રાસવાદીઓ બેફામ

## યાત્રાળુઓની બસ પર ગોળીબાર: ૧૦નાં મોત

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ: જમ્મુ-કાશ્મીરના રિયાસી જિલ્લામાં યાત્રાળુઓને લઈ જતી બસ પર રવિવારે આતંકવાદીઓએ કરેલા ગોળીબારમાં ઓછામાં ઓછા દસ જણનાં મોત થયાં હોવા ઉપરાંત ૩૩ જણ ઘાયલ થયા હોવાનું વરિષ્ઠ સુપરિન્ટેન્ડન્ટ ઑફ પોલીસ (એસપી) મોહિતા શર્માએ પત્રકારોને આપેલી મુલાકાતમાં કહ્યું હતું.

આતંકવાદીઓએ બસ પર ૪૦થી ૫૦ જેટલી ગોળી છોડી હતી. આતંકવાદીઓએ કરેલા ગોળીબારમાં બસના ચાલકને માથામાં ગોળી વાગતાં તેણે બસ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને બસ ખાઈમાં ખાબકી હતી.

૫૩ યાત્રાળુને લઈને કતરાસ્થિત શિવખોડી તીર્થસ્થાનથી પાછી ફરી રહી હતી ત્યારે આતંકવાદીઓએ ગોળીબાર કરતાં બસ ઊંડી ખીણમાં ખાબકી હતી.

પોનિ વિસ્તારના તેરયાથ ગામ નજીક રવિવારે સાંજે લગભગ સવાછ વાગે આ ઘટના બની હતી. બચાવ અને રાહત કામગીરી તાત્કાલિક શરૂ કરી દેવામાં આવી હતી. વધારાના સુરક્ષા દળની ટુકડીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

આ હુમલો જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ ફરી માથુ ઊંચકી રહ્યો હોવાનાં સંકેત આપે છે. પડોશી રાજૌરી અને પૂંછ જિલ્લાની સરખામણીએ રિયાસી જિલ્લો અત્યાર સુધી મોટાભાગે આતંકવાદથી અછૂતો રહ્યો હતો.

ઘટનાને મામલે તપાસ શરૂ કરી દેવામાં આવી હોવાનું એસપીએ કહ્યું હતું. (એજન્સી)■



**મહાત્મા ગાંધીને નમન:** રવિવારે સાંજે શપથવિધિ પહેલાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સવારના રાજઘાટ જઈને મહાત્મા ગાંધીની સમાધિ પર ફૂલ ચડાવ્યા હતા. (પીટીઆઈ)

## ગુજરાતમાં મેઘરાજાનું આગમન: ગાજવીજ સાથે વરસાદ, ચારનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદ સહિત ગુજરાતમાં આજે વરસાદ પડતાં કુલ ચાર લોકોનાં મોત થયાં હતાં. આજે વહેલી સવારથી જ વલસાડથી શરૂ થયેલી મેઘમહેર સમગ્ર રાજ્યમાં જોવા મળી હતી. ગુજરાતના ચારેય ઝોનમાં ભારેથી સામાન્ય વરસાદ વરસ્યો હતો. અમદાવાદ, સુરત, વડોદરા, ભરૂચ, ભાવનગર સહિત મોટાભાગના વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયાં હતાં. ભારે પવનના પગલે અનેક વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી થવાની તેમજ વીજ પુરવઠો ખોરવાયો હોવાની ઘટના સામે આવી હતી. ભરૂચમાં વૃક્ષ નીચે દબાઈ જતા એક મહિલા સહિત ત્રણ લોકોનાં મોત નિપજ્યાં હતાં. અમદાવાદમાં રાત્રે અનેક વિસ્તારોમાં વરસાદ વરસવાનો શરૂ થયો હતો.

ભરૂચના પૂર્વ પટ્ટી વિસ્તારમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો. તવરા નજીક જાહેર માર્ગ પર વૃક્ષ ધસી પડતા એક ગાડી અને રિક્ષા દબાઈ ગઈ હતી. રિક્ષામાં સવાર મહિલાનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું, જ્યારે કારમાં સવાર બે યુવકોના પણ સારવાર દરમિયાન મોત નિપજ્યાં હતાં.

વડોદરાના કોટા ગામમાં રહેતા શંકરભાઈ મારવાડી આજે સાંજે તેમના ઘરની પાછળ આવેલી વાડીમાં ગયા હતા. આ સમયે ભારે વરસાદ શરૂ થઈ ગયો હતો અને કડાકા ભડાકા સાથે વીજળી પણ થવા લાગી હતી. આ સમયે અચાનક જ વીજળી પડતા શંકરભાઈનું સ્થળ પર જ મોત થયું હતું. તેમના મૃતદેહને સયાજી હૉસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો.

ભાવનગરના ઉમરાળા અને વલ્લભીપુર તાલુકાનાં વાતાવરણમાં પલટો આવતા જોરદાર પવન અને કરા સાથે વરસાદ પડ્યો હતો. ભારે પવનના કારણે વૃક્ષો પણ રોડ પર ધરાશાયી થતાં વીજ પુરવઠો ખોરવાયો હતો.

ભારે ઊકળાટ બાદ વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક પણ પ્રસરી હતી. ઉમરાળા-વલ્લભીપુર તાલુકાના નવાગામ, લીલીયાના, પીપળી, કેરિયા, પીપરાળી, છોગઠ, ટીંબી, સહિત વિસ્તારમાં વરસાદી માહોલ છવાયો હતો.

વડોદરા શહેરમાં આજે સાંજના સમયે અચાનક જ ધોધમાર વરસાદ શરૂ થયો હતો. ભારે પવન-વીજળી સાથે વરસાદ પડ્યો હતો. ભારે કડાકા ભડાકાની સાથે વરસાદનું આગમન થતાં જગતનો તાત ખેડૂત ખુશખુશાલ થઈ ગયો હતો.

અગાઉથી જ ચોમાસું સારું જશે તેવી આગાહી થયેલી હતી તે પ્રમાણે આજે ભારે વરસાદ શરૂ થતાં ખેડૂતોમાં ખુશી વ્યાપી ગઈ છે. સાંજના સમયે અચાનક વરસાદ શરૂ થતા નોકરી પરથી ઘરે જતા લોકો રસ્તામાં અટવાઈ ગયા હતા. વડોદરા શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની શરૂઆત થઈ ગઈ છે. ■

## મણિપુરના હિંસાગ્રસ્ત જીરીબામમાં પરિસ્થિતિ તંગ, પરંતુ નિયંત્રણ હેઠળ

ઇમ્ફાલ: મણિપુરના જીરીબામ જિલ્લામાં પરિસ્થિતિ તંગ રહી હતી પરંતુ રવિવારે નિયંત્રણ હેઠળ હતી. નોંધનીય છે કે શંકાસ્પદ આતંકવાદીઓએ રાજ્યમાં હિંસાના નવા હુમલામાં બે પોલીસ ચોકી અને ઓછામાં ઓછા ૭૦ ઘરોને આગ ચાંપી દીધી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

શનિવારે સાંજે બનેલી ઘટના બાદ અસરગ્રસ્ત વિસ્તારોમાં વધારાના સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે. મણિપુર પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે જીરીબામ જિલ્લામાં ફાટી નીકળેલી વંશીય અથડામણને પગલે પરિસ્થિતિ તંગ છે, પરંતુ નિયંત્રણમાં છે. આ હિંસામાં બદમાશોએ બે પોલીસ ચોકી, એક ફોરેસ્ટ બીટ ઓફિસ અને મેઇતેઇ અને કુકી બંને સમુદાયોના ઘણા ઘરોને આગ ચાંપી દીધી હતી.

નિવેદનમાં જણાવાયું છે કે પોલીસ સોશિયલ મીડિયા અપડેટ્સ પર પણ સક્રિયપણે દેખરેખ રાખી રહી છે, જે સમુદાયોમાં સાંપ્રદાયિક લાગણીઓ ભડકાવી શકે છે અને સામાન્ય જનતાને પાયાવિહોણી માહિતી ફેલાવવાથી દૂર રહેવાની વિનંતી કરે છે.

નોંધનીય છે કે શંકાસ્પદ આતંકવાદીઓ દ્વારા ૫૯ વર્ષીય વ્યક્તિની હત્યા કર્યા બાદ ગુરુવારે સાંજે વંશીય હિંસાગ્રસ્ત રાજ્યના જીરીબામમાં હિંસા ફાટી નીકળી હતી. ■

## છત્તીસગઢમાં એન્કાઉન્ટરમાં ઠાર છ નક્સલી પર કુલ ૩૮ લાખનું ઇનામ: પોલીસ

જગદલપુર: છત્તીસગઢના નારાયણપુર જિલ્લામાં બે દિવસ પહેલા સુરક્ષા દળો સાથેની અથડામણમાં ૩ મહિલાઓ સહિત ૬ નક્સલવાદીઓ માર્યા ગયા હતા. આ તમામ નક્સલી ખૂંખાર કેડરના હતા, જેના પર કુલ ૩૮ લાખ રૂપિયાનું ઇનામ હતું. પીપલ્સ લિબરેશન ગેરિલા આર્મી (પીએલજીએ) કંપની નંબર ૫૨ સુરક્ષા દળો દ્વારા આ ઓપરેશન અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો છે. પોલીસે કહ્યું કે આથી પૂર્વ બસ્તર વિભાગમાં નક્સલવાદીઓમાં ભયનું વાતાવરણ ઊભું થયું છે. જેને તેનું મજબૂત બંધારણ માનવામાં આવે છે. આ એન્કાઉન્ટર શુક્રવારે ઓરચા પોલીસ સ્ટેશનની હદમાં ગોબેલ અને થુલથુલી ગામની નજીક થયું હતું. જ્યારે પોલીસે અગાઉ જણાવ્યું હતું કે સાત નક્સલવાદીઓ માર્યા ગયા હતા, તેઓએ પાછળથી આંકડો સુધારીને છ કર્યો હતો, જેમાં ત્રણ મહિલાઓનો સમાવેશ થાય છે. આ ઘટના અંગે એક પોલીસ અધિકારીએ જણાવ્યું છે કે મૃતકો પીપલ્સ લિબરેશન ગેરિલા આર્મી (પીએલજીએ)ની સૈન્ય કંપની નંબર ૬ અને પ્રતિબંધિત ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઇન્ડિયા (માઓવાદી)ના પૂર્વ બસ્તર ડિવિઝન ફોર્મેશનના હતા. માર્યા ગયેલા છ નક્સલવાદીઓમાંથી ચારની ઓળખ થઇ છે. ચારેયના માથે ૮-૮ લાખ રૂપિયાનું ઇનામ હતું. જ્યારે બાકીના બેમાંથી એક પર ૫ લાખ અને બીજા પર ૧ લાખનું ઇનામ હતું. પોલીસે જણાવ્યું કે આ વર્ષે અત્યાર સુધીમાં બસ્તર ડિવિઝનમાં ૭૧ એન્કાઉન્ટરમાં ૧૨૩ નક્સલવાદીઓ માર્યા ગયા છે. ■

## મુનાકમાંથી પર્યાપ્ત પાણી છોડવામાં નહીં આવે તો દિલ્હીમાં જળ સંકટ સર્જાશે: આતિશીનો હરિયાણાના સીએમને પત્ર

નવી દિલ્હી: દિલ્હીના જળ પ્રધાન આતિશીએ રવિવારે હરિયાણાના મુખ્ય પ્રધાન નાયબ સિંહ સૈનીને પત્ર લખીને રાષ્ટ્રીય રાજધાની માટે મુનાક કેનાલમાંથી ૧,૦૫૦ ક્યુસેક પાણી છોડવામાં આવે તે સુનિશ્ચિત કરવા વિનંતી કરી અને કહ્યું કે અન્યથા ૧-૨ દિવસમાં દિલ્હીમાં મોટું સંકટ સર્જાશે.

પત્રવ્યવહારમાં આતિશીએ જણાવ્યું હતું કે દિલ્હીમાં સાત વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ(ડબ્લ્યુટીપી) યમુનાના પુરવઠા પર નિર્ભર છે અને કાચા પાણીની અછતને કારણે અમારા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તેમની મહત્તમ ક્ષમતા પર ચાલી શકતા નથી. દિલ્હીને મુનાક ખાતેથી લગભગ ૧,૦૫૦ ક્યુસેક પાણી મળવાનું છે, પરંતુ સપ્લાયમાં ઘટાડો થયો છે, એમ તેણીએ જણાવ્યું હતું. મુનાક કેનાલનું પાણી ૮૪૦ ક્યુસેક ઘટવાને કારણે દિલ્હી સાત વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી પૂરતું પાણી ઉત્પન્ન કરી શકશે નહીં.

તેણીએ વધુમાં કહ્યું કે જો હરિયાણા આજ સુધીમાં પૂરતા પ્રમાણમાં પાણી છોડશે નહીં તો આગામી ૧-૨ દિવસમાં દિલ્હીમાં મોટું સંકટ આવશે. તેથી હું તમને નમ્રતાપૂર્વક વિનંતી કરું છું કે દિલ્હી માટે મુનાક કેનાલમાંથી ૧,૦૫૦ ક્યુસેક પાણી છોડવામાં આવે તે સુનિશ્ચિત કરો. અગાઉ આતિશીએ કહ્યું કે તેણીએ રાષ્ટ્રીય રાજધાની માટે પીવાનાં પાણીના પ્રાથમિક સ્ત્રોતોમાંના એક મુનાક કેનાલ દ્વારા હરિયાણા દ્વારા છોડવામાં આવતા અપૂરતા પાણીના જથ્થા અંગે તાકીદની બેઠક માટે ઉપરાજ્યપાલ વી કે સક્સેના પાસે સમય માગ્યો છે. ■



**માછીમારોનું વેકેશન શરૂ:** ચોમાસાની સિઝન ચાલુ થતાં જ દરિયો તોફાને ચડતો હોવાથી માછીમારોના વેકેશનની શરૂઆત થતી હોય છે. કોઝીકોડે જિલ્લાના પુથીયપ્પા જિલ્લામાં માછીમારોએ પોતાના વહાણો કિનારે લાંગરી દીધા હતા. (પીટીઆઈ)

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રાહુલે લોકસભામાં વિપક્ષના નેતા બનવું જોઈએ

**લોકસભાની** ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતી ના મળી તેમાં મોદીએ મુસ્લિમ તુષ્ટિકરણના જોરે પોતાની દુકાન ચલાવતા ચંદ્રાબાબુ નાયડુ અને નીતીશ કુમારને મોટા ભા બનાવવા પડ્યા છે. અત્યાર લગી મોદીની ગેરંટીઓની વાત કરતા મોદી હવે મોદીની ગેરંટીની વાત છોડો પણ ભાજપની વાત પણ નથી કરતા. તેના બદલે એનડીએની વાત કરતા થઈ ગયા છે. દસ વર્ષ લગી એકહથ્થુ શાસન કરનારા મોદીએ હવે સાથે મળીને સરકાર ચલાવવાની વાતો કરવી પડે છે.

સ્વાભાવિક રીતે જ નરેન્દ્ર મોદીનો દબદબો ઘટી ગયો છે ત્યારે બીજી તરફ નહેરુ-ગાંધી ખાનદાન પાછો લાઈમલાઈટમાં આવી ગયો છે. એક તબક્કે નહેરુ-ગાંધી ખાનદાન પર નિષ્ફળતાનું લેબલ એવું લાગી ગયેલું કે, બળતું ઘર ખડગેને સમર્પિત કરીને આખું ખાનદાન ખસી ગયેલું. ભાજપની હાર સાથે પાછા નહેરુ-ગાંધી ખાનદાનના દિવસો આવી ગયા છે. એક તરફ સોનિયા ગાંધી કોંગ્રેસ સંસદીય દળનાં પ્રમુખપદે ચૂંટાયાં છે ત્યારે બીજી તરફ રાહુલ ગાંધીને લોકસભામાં વિપક્ષના નેતા બનવાનો તખ્તો તૈયાર કરી દેવાયો છે.

કોંગ્રેસ વર્કિંગ કમિટીની સંસદના સેન્ટ્રલ હોલમાં મળેલી બેઠકમાં બેઠકમાં મલ્લિકાર્જુન ખડગેએ સોનિયા ગાંધીના નામનો પ્રસ્તાવ મૂક્યો હતો. ગૌરવ ગોગોઈ અને તારિક અનવરે તેને સમર્થન આપ્યું ને પછી બધા સાંસદોએ સોનિયાના નામ પર મંજૂરીની મહોર મારતાં સોનિયા પાછાં સંસદીય દળનાં પ્રમુખ બની ગયાં છે. આ જ બેઠકમાં રાહુલ ગાંધીને લોકસભામાં વિપક્ષના નેતા બનાવવાનો પ્રસ્તાવ પણ પસાર કરી દેવાયો છે.

લોકસભામાં વિપક્ષના નેતાનું પદ કેન્દ્ર સરકારના કેબિનેટ મિનિસ્ટરની સમકક્ષ મનાય છે પણ લોકસભામાં વિપક્ષના નેતાનું પદ છેલ્લાં ૧૦ વર્ષથી ખાલી છે. ૨૦૧૪માં કોંગ્રેસને ૪૪ અને ૨૦૧૯માં ૫૨ બેઠક મળી હતી. ભાજપ પછી કોંગ્રેસને સૌથી વધુ બેઠકો મળી હતી પણ સંસદીય કાર્યવાહીની જોગવાઈના કારણે કોંગ્રેસને વિપક્ષના નેતાનું પદ મળ્યું નહોતું. લોકસભામાં વિપક્ષના નેતાનું પદ મેળવવા માટે કોઈપણ પક્ષ પાસે લોકસભાની કુલ બેઠકના ૧૦ ટકા બેઠકો હોવી આવશ્યક છે.

આ જોગવાઈ પ્રમાણે લોકસભાની કુલ ૫૪૩ બેઠકોમાંથી કોંગ્રેસને પાસે ૫૪ સાંસદ હોવા જરૂરી હતા છેલ્લી ટર્મમાં કોંગ્રેસ પાસે લોકસભાની કુલ બેઠકોના ૧૦ ટકા બેઠકો નહોતી એટલે લોકસભામાં વિપક્ષનું નેતાપદ તેને નહોતું મળ્યું પણ અધીર રંજન ચૌધરી લોકસભામાં કોંગ્રેસના નેતા હતા. આ વખતે અધીર રંજન ચૌધરી ગુજરાતી ક્રિકેટર યુસુફ પઠાણ સામે હારી ગયા છે તેથી કોંગ્રેસે નવા નેતા શોધવાના જ હતા. કોંગ્રેસે ૯૯ બેઠકો જીતી છે તેથી લોકસભામાં વિપક્ષના નેતાનું પદ મળશે. કોંગ્રેસીઓ ઈચ્છે છે કે, રાહુલ ગાંધી આ લોકસભામાં વિપક્ષના નેતાનું પદ સંભાળે.

રાહુલ ગાંધી ૨૦૧૯માં પણ સાંસદ હતા પણ તેમને કોંગ્રેસના નેતા બનવામાં રસ નહોતો કેમ કે કોંગ્રેસની કારમી હાર થઈ હતી પણ આ વખતે રસ પડી શકે છે કેમ કે આ વખતે કોંગ્રેસ જોરમાં છે. ભાજપને સ્પષ્ટ બહુમતી મળી નથી અને ભાજપ બીજા પક્ષોના ટેકે ઊભો છે. બીજી તરફ કોંગ્રેસ ૯૯ બેઠકો જીતીને મજબૂત બનીને ફરી બેઠી થઈ છે તેથી રાહુલ પાસે મોકળું મેદાન છે. રાહુલ આક્રમક બેટિંગ કરી શકે એવો તખ્તો તૈયાર છે તેથી રાહુલને વિપક્ષના નેતા બનવામાં રસ પડી શકે છે. રાહુલે વિચારવાનો સમય માગ્યો છે પણ એ મોટા ભાગે હા પાડી દેશે એવું લાગે છે.

રાહુલે લોકસભામાં વિપક્ષનું નેતાપદ સ્વીકારવું પણ જોઈએ કેમ કે કોંગ્રેસમાં બીજો કોઈ એવો નેતા નથી કે જે આ હોદ્દા પર બેસવા માટે લાયક ગણી શકાય. કોંગ્રેસના બીજા બધા નેતા સાવ મોળામસ છે જ્યારે રાહુલ આક્રમક છે. રાહુલ વિશે ભાજપના ભક્તજનોએ ગમે તે વાતો ફેલાવી હોય પણ રાહુલમાં જબરદસ્ત લડાયકતા તો છે જ. રાહુલે કોંગ્રેસને ફરી બેઠી કરવા માટે આખા ભારતની બે યાત્રાઓ કરીને બતાવેલી લડાયકતાને વખાણવી જ પડે.

રાહુલે હજુ પોતાની સક્ષમ નેતા તરીકેની ક્ષમતા સાબિત કરવાની બાકી છે. લોકસભાની આ ચૂંટણીમાં કોંગ્રેસ ભાજપને સ્પષ્ટ બહુમતી મેળવવાથી રોકવામાં સફળ થયો એ મોટી સિદ્ધિ છે કેમ કે ભક્તજનોએ તો માની જ લીધેલું કે, મોદી અજેય છે અને કોઈ કદી તેમને હરાવી ના શકે. અખિલેશ યાદવે એ સાબિત કરી દીધું કે, મોદીને હરાવી શકાતા જ નથી પણ પછાડી પણ શકાય છે. અખિલેશે હિંદુત્વની લહેરને ખાળીને યુપીમાં સમાજવાદી પાર્ટીએ પહેલાં કદી નહોતી જીતી એટલી બેઠકો જીતાડી.

રાહુલે પણ અખિલેશ જેવી નેતૃત્વની ક્ષમતા બતાવી હોત તો લોકસભાનાં પરિણામોની સ્ટોરી અલગ હોત. કોંગ્રેસે ભાજપને રાજસ્થાન, હરિયાણા અને મહારાષ્ટ્રમાં કારમી પછડાટ આપી પણ મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ગુજરાત, કર્ણાટક, તેલંગાણા, દિલ્હી, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ના હરાવી શકી. કોંગ્રેસ આ રાજ્યોમાં થોડુંક વધારે જોર કરીને બીજી વીસેક બેઠકો જીતી શકે તેમ હતી. રાહુલ નેતૃત્વની ક્ષમતા બતાવીને એ કર્યું હોત તો ભાજપ ૨૨૦ બેઠકો જીતીને સાવ લબડી ગયો હોત અને કોંગ્રેસ એ ૨૦ બેઠકો જીતીને સરકાર રચી શકી હોત.

ખેર, જે ના થયું તેની વાત કરવાનો મતલબ નથી પણ રાહુલે ભવિષ્યમાં એ ક્ષમતા બતાવવી જ પડશે. આ ક્ષમતા કેળવવા માટે રાહુલે લોકસભાના વિપક્ષનું નેતાપદ સ્વીકારવું જોઈએ.

રાહુલ માટે અત્યારે અનુકૂળ સંજોગો પણ છે. રાહુલનો આત્મવિશ્વાસ બુલંદ છે જ્યારે ભાજપના નેતાઓનો આત્મવિશ્વાસ તળિયે છે. ભાજપના ચમચા અને મોદીભક્તો તો સાવ ઠરી જ ગયા છે. રાહુલ ગાંધીને પપ્પુ કહીને સતત અપમાનિત કરતા ભક્તજનોને રાહુલે એવો ડોઝ આપી દીધો છે કે, તેમનું નામ બોલવાનું જ ભૂલી ગયા છે. ભાજપના નેતા પણ રાહુલનું નામ લેતા સાવ બંધ થઈ ગયા છે. ચૂંટણી વખતે શેહઝાદે ને એવાં વિશેષણોથી રાહુલ ગાંધીને સંબોધનારા ભાજપના નેતાઓમાંથી કોઈએ ચૂંટણીનાં પરિણામો પછી રાહુલ ગાંધી વિશે એક હરફ નથી ઉચ્ચાર્યો. તેનો મતલબ એ છે કે, રાહુલ અંતે ભાજપના નેતાઓમાં પોતાનો ડર પેદા કરવામાં સફળ થયા છે. રાહુલ વિશે એલફેલ બોલીશું તો તેની ભારે કિંમત ચૂકવવી પડશે એવો ફફડાટ ભાજપના નેતાઓમાં પેદા થઈ ગયો છે. આ ડરનો લાભ લેવા પણ રાહુલે લોકસભામાં વિપક્ષનું નેતાપદ સ્વીકારવું જોઈએ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર ગ્રીષ્મઋતુ), સોમવાર, તા. ૧૦-૬-૨૦૨૪, વિનાયક ચતુર્થી, ઉમા ચતુર્થી

- ભારતીય દિનાંક ૨૦, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, જયેષ્ઠ સુદ-૪
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે વૈશાખ, તિથિ સુદ-૪
- પારસી શહેનશાહી રોજ ૩૦મો અનેરાન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૩૦મો અનેરાન, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૨૨મો ગોવાદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૩જો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૫
- મીસરી રોજ ૪થો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૫
- નક્ષત્ર પુષ્ય રાત્રે ક. ૨૧-૩૯ સુધી, પછી આશ્લેષા.
- ચંદ્ર કર્કમાં.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૩, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૫, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : બપોરે ક. ૧૫-૦૧, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૩૮ (તા. ૧૧)
- ઓટઃ સવારે ક. ૦૭-૪૫, રાત્રે ક. ૨૧-૦૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, જયેષ્ઠ શુક્લ - ચતુર્થી. વિનાયક ચતુર્થી, ઉમા ચતુર્થી (બંગાળ-ઓરિસ્સા), ગુરુ અર્જુન દેવ પુણ્યતિથિ (શીખ) ભદ્રા સમાપ્તિ ક ૧૬-૧૪.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ ચંદ્ર-ગુરુ-શનિ ગ્રહ દેવતાનું પૂજન, સુવર્ણ ખરીદી, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, શ્રી વિનાયક ગણેશ પૂજા, નિત્ય થતાં પશુ લે-વેંચ, ખેતીવાડીના કામકાજ, બી વાવવું, પીપળાનું પૂજન, હજામત, નિત્ય થતાં દુકાન-વેપારના કામકાજ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રીસુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, શ્રી વિષ્ણુ-સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન.
- આચમનઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ પ્રવાસનો શોખ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ.
- ગોચરગ્રહોઃ સૂર્ય-વૃષભ, મંગળ-મેષ, બુધ-વૃષભ, ગુરુ-વૃષભ, શુક્ર-વૃષભ, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ- વૃષભ, નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# જેઈઈ ઍડવાન્સનું પરિણામ જાહેર

## દિલ્હીનો વેદ લાહોટી અને મુંબઈની દ્વિજા પટેલ ટોચના સ્થાને

નવી દિલ્હીઃ આઈઆઈટી ઍન્ટ્રન્સ એક્ઝામ જેઈઈ ઍડવાન્સના જાહેર થયેલા પરિણામમાં વિદ્યાર્થીઓની યાદીમાં દિલ્હીનો વેદ લાહોટી અને વિદ્યાર્થિનીઓની યાદીમાં મુંબઈની દ્વિજા ડી. પટેલ ટૉચના સ્થાને રહ્યા હતા, એમ અધિકારીઓએ રવિવારે કહ્યું હતું.

મુંબઈની દ્વિજા ડી. પટેલે ઑલ ઈન્ડિયા સ્તરે સાતમો ક્રમાંક મેળવ્યો હતો. દિલ્હીના વેદ લોહાટીએ જેઈઈ ઍડવાન્સની પરીક્ષામાં ૩૬૦માંથી ૩૫૫ માર્ક્સ મેળવ્યા હતા. અગાઉ વર્ષ ૨૦૨૨માં જેઈઈ ઍડવાન્સમાં ૩૬૦માંથી ૩૫૨ સર્વાધિક માર્ક્સ હતા. આ વરસે જેઈઈ ઍડવાન્સ પરીક્ષાનું સંચાલન કરનાર આઈઆઈટી મદ્રાસના જણાવ્યા અનુસાર આઈઆઈટી મુંબઈની દ્વિજા ધર્મેશકુમાર પટેલ ૩૬૦માંથી ૩૩૨ માર્ક્સ મેળવી વિદ્યાર્થિનીઓની યાદીમાં ટોચ પર રહી હતી. જોકે ઑલ ઈન્ડિયા સ્તરે તે સાતમા સ્થાને રહી હતી.

આ યાદીમાં ટોચના દસમાં સ્થાન મેળવનારાઓમાંથી ચાર આઈઆઈટી મદ્રાસના હતા. દિલ્હીના આદિત્યએ આ યાદીમાં બીજું તો મદ્રાસના ભોગલાપલ્લી સંદેશે ત્રીજું સ્થાન મેળવ્યું હતું.

આઈઆઈટી રુરકી રિધમ કેડિયા), આઈઆઈટી મદ્રાસ (પુટ્ટી કુશલકુમાર), આઈઆઈટી બૉમ્બે (રાજદીપ મિશ્રા), આઈઆઈટી મદ્રાસ (કોદુરી તેજેસ્વર), આઈઆઈટી બૉમ્બે (ધ્રુવી હેમંત દોશી), આઈઆઈટી મદ્રાસ (અલ્લાદાબોના એસએસડીબી સિદ્ધિવક સુહાસ) આ યાદીમાં અનુક્રમે ત્યાર પછીના સ્થાને રહ્યા હતા.

આઈઆઈટી મદ્રાસના સૌથી વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં સફળ રહ્યા હતા તો આઈઆઈટી દિલ્હી અને આઈઆઈટી બૉમ્બે આ યાદીમાં અનુક્રમે ત્યાર પછીના સ્થાને રહ્યા હતા. જેઈઈ ઍડવાન્સમાં સફળતા મેળવનાર ટોચના પાંચસો વિદ્યાર્થીઓમાં આઈઆઈટી મદ્રાસના ૧૪૫, આઈઆઈટી બૉમ્બે ૧૩૬ અને આઈઆઈટી દિલ્હીના ૧૨૨ વિદ્યાર્થીનો સમાવેશ થાય છે.

જેઈઈ ઍડવાન્સની પરીક્ષામાં ઉત્તીર્ણ થનારા અન્યોઓમાં સાત વિદેશી વિદ્યાર્થી ઉપરાંત ૧૭૯ ઑવરસિસ સિટિઝન ઑફ ઈન્ડિયા (ઓસીઆઈ)નો પણ સમાવેશ થાય છે. આઈઆઈટી મદ્રાસના વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર ગણિત, પદાર્થ વિજ્ઞાન અને રસાયણ શાસ્ત્રમાં મેળવેલા ગુણની સરેરાશને આધારે વિદ્યાર્થીઓને ટૉપર્સની યાદીમાં સ્થાન આપવામાં આવે છે. કુલ ૧,૮૦,૨૦૦ વિદ્યાર્થીઓએ આઈઆઈટી જેઈઈ ઍડવાન્સની બંને પેપરની પરીક્ષા આપી હતી જેમાંથી ૭,૯૬૪ વિદ્યાર્થિની સહિત ૪૮,૨૪૮ વિદ્યાથી પાત્ર ઠર્યા હતા. જેઈઈ ઍડવાન્સ દેશભરમાં ઍન્જિનિયરિંગ કૉલેજમાં પ્રવેશ મેળવવા અને જેઈઈ ઍડવાન્સની પરીક્ષા માટે પાત્ર ઠરવાની પરીક્ષા છે. જૉઈન્ટ સિટ ઍલોકેશનનું કાઉન્સેલિંગ સોમવારથી શરૂ થશે. (એજન્સી) ■

# મોદીના શપથગ્રહણ સમારોહમાં સાત પડોશી દેશના નેતાઓ, ઉદ્યોગપતિ અંબાણી, અદાણી અને સેલિબ્રિટીઓની હાજરી

નવી દિલ્હીઃ રાષ્ટ્રપતિ ભવન ખાતે રવિવારે યોજાયેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીના શપથગ્રહણ સમારોહમાં માલ્દીવ્સના રાષ્ટ્રપતિ મોહમ્મદ મૂઈઝ્ઝુ, નેપાળના વડા પ્રધાન પુષ્પ કમલ દહલ 'પ્રચંડ' અને શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમાસિંઘે, બંગલાદેશના વડાં પ્રધાન શેખ હસિના, મૉરેસિયસના વડા પ્રધાન પ્રવિન્દકુમાર જુગનાથે, ભૂતાનના વડા પ્રધાન ત્શેરિંગ તોબ્ગે અને સિસિલિના ઉપરાષ્ટ્રપતિ અહમદ અફિફ સહિત સાત પડોશી દેશના નેતાઓએ તેમ જ પ્રધાનમંડળના સભ્યો, અંબાણી, અદાણી જેવા ઉદ્યોગપતિઓ અને શાહરુખ, અક્ષયકુમાર, અનિલકપૂર, રજનીકાંત, કંગના રનૌત, રવિના ટંડન સહિતની સેલિબ્રિટીઓએ હાજરી આપી હતી.

ભાજપના વડપણ હેઠળના એનડીએએ લોકસભાની ૫૪૩ બેઠકમાંથી ૨૯૩ બેઠક મેળવ્યાના ગણતરીના દિવસો બાદ મોદીએ સતત ત્રીજીવાર વડા પ્રધાન તરીકે શપથગ્રહણ કર્યા હતા.

અમિત શાહ, રાજનાથસિંહ, નીતિન ગડકરી, નિર્મલા સીતારમણ, એસ. જયશંકર અને પીયૂષ ગોયલ સહિતના અગ્રણી નેતાઓએ કેન્દ્રીય પ્રધાન તરીકે શપથગ્રહણ કર્યા હતા.

શેખ હસિના અને અફિફ શનિવારે તો પ્રંચડ, વિક્રમસિંઘે અને જુગનાથ રવિવારે દિલ્હી આવી પહોંચ્યા હતાં.

સરકારની 'નૅઈબરહૂડ ફર્સ્ટ' અને 'સાગર વિઝન'નીતિને ધ્યાનમાં રાખીને વિદેશ ખાતાએ સાત પડોશી દેશને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી શપથગ્રહણ સમારોહમાં હાજર રહેવા આમંત્રણ આપ્યું હતું. 'સિક્યોરિટી ઍન્ડ ગ્રોથ ફૉર ઑલ ઈન ધ રિજ્યન-સાગર વિઝન' અંતર્ગત ભારત ઈન્ડિયન ઑસિયન રિજ્યનના દેશોને જરૂરી તમામ સહકાર આપી રહ્યું છે.

વર્ષ ૨૦૧૪માં લોકસભાની ચૂંટણીમાં ભાજપે ભવ્ય વિજય મેળવ્યા બાદ મોદીએ વડા પ્રધાન તરીકે સૌપ્રથમવાર શપથગ્રહણ કર્યા હતા ત્યારે સાઉથ એશિયન એસોસિયેસન ફૉર રિજ્યોનલ કોઑપરેશન 'સાર્ક' જૂથના નેતાઓ હાજર રહ્યા હતા.

વર્ષ ૨૦૧૯માં બે ઑફ બેંગાલ ઈનિશિયેટિવ ફૉર મલ્ટી-સેક્ટોરલ ટૅક્નિકલ ઍન્ડ ઈકોનોમિક કો-ઓપરેશન (બીઆઈએમએસટીઈસી) જૂથના દેશના નેતાઓએ મોદીના શપથગ્રહણ સમારોહમાં હાજરી આપી હતી. આ જૂથમાં શ્રીલંકા, બંગલાદેશ, મ્યાનમાર, થાઈલૅન્ડ, નેપાળ અને ભૂતાનનો સમાવેશ થાય છે. (એજન્સી) ■

# એલઓસી પર સ્થિરતા જાળવવા માટે સુરક્ષા એજન્સીઓ જરૂરી પગલાં લેશેઃ સેનાના વરિષ્ઠ અધિકારી

શ્રીનગરઃ નિયંત્રણ રેખા પર સ્થિતિ સ્થિર છે અને સુરક્ષા એજન્સીઓ તેને જાળવવા માટે તમામ જરૂરી પગલાં લેશે, એમ સેનાના એક વરિષ્ઠ અધિકારીએ રવિવારે જણાવ્યું હતું. આર્મી ૧૫ કોર્પ્સના જનરલ ઓફિસર કમાન્ડિંગ લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઇ વિજય દિવસની ૨૫મી વર્ષગાંઠ નિમિત્તે કારગિલ યુદ્ધના દિગ્ગજોને સન્માનિત કરવાના કાર્યક્રમ પછી જમ્મુ અને કાશ્મીરના બારામુલ્લા જિલ્લાના બિપીન રાવત સ્ટેડિયમમાં પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા. લેફ્ટનન્ટ જનરલ ઘાઇએ કહ્યું કે સરહદો પર સ્થિતિ સ્થિર છે. પરિસ્થિતિને સ્થિર રાખવા માટે જે પણ જરૂરી હશે તે સુરક્ષા એજન્સીઓ કરશે. કેન્દ્રશાસિત પ્રદેશમાં ૭૦ થી ૮૦ વિદેશી આતંકવાદીઓ સક્રિય હોવાના પોલીસ મહાનિર્દેશક(ડીજીપી) આરઆર સ્વેનના નિવેદન વિશે પૂછવામાં આવતા તેમણે કહ્યું કે પોલીસ વડાની ટિપ્પણી તથ્યપૂર્ણ છે. ડીજીપી સ્વેને શનિવારે પુલવામામાં પત્રકારોને જણાવ્યું હતું કે જ્યારે સ્થાનિક આતંકવાદીઓની સંખ્યા ઘટી રહી છે, ત્યારે કેન્દ્રશાસિત પ્રદેશમાં ૭૦ થી ૮૦ વિદેશી આતંકવાદીઓ કાર્યરત છે. ■

# કૉંગ્રેસે એનડીએને 'નરેન્દ્ર ડિસ્ટ્રક્ટિવ અલાયન્સ' લેખાવ્યું

નવી દિલ્હીઃ એનડીએને 'નરેન્દ્ર ડિસ્ટ્રક્ટિવ અલાયન્સ' લેખાવતા કૉંગ્રેસે રવિવારે કહ્યું હતું કે ભાજપ પાસે સંપૂર્ણ બહુમત ન હોવા છતાં મોદી પોતાને એનડીએના નેતા જાહેર કરાવી વડા પ્રધાન તરીકે શપથગ્રહણ કરશે.

કૉંગ્રેસના મહામંત્રી જયરામ રમેશે કહ્યું હતું કે ૨૮ મે ૨૦૨૩નો દિવસ યાદ કરો જ્યારે મોદી રાજદંડ સાથે નવા સંસદભવનમાં પ્રવેશ્યા હતા અને ત્યારે મોદી જાણે કોઈ મોટા સમ્રાટ હોય તે દર્શાવવા અને તમિળ મતદારોને આકર્ષવા ૧૫ ઑગસ્ટ ૧૯૪૭ના ઈતિહાસ સાથે ચેડાં કરવામાં આવ્યા હતા અને તે સમયે જ મેં સરકારી દસ્તાવેજોનો ઉપયોગ કરી મોદીનું બનાવટીપણું ખુલ્લું પાડ્યું હતું.

આ નાટકનું પરિણામ શું આવ્યું તે આપણે જાણીએ છીએ એમ જણાવતાં જયરામ રમેશે કહ્યું હતું કે તમિળ ઈતિહાસનો રાજદંડ આદરનું પ્રતિક તો રહ્યો, પરંતુ તમિળો સહિત દેશના મતદારોએ મોદીના બનાવટીપણાને નકારી કાઢ્યું છે.

તેમણે દાવો કર્યો હતો કે લોકસભાની આ ચૂંટણીમાં મોદીનો નૈતિક, રાજકીય અને અંગત પરાજય થયો છે.

છેલ્લાં એક દાયકા દરમિયાન મોદીએ જેનો નાશ કરવાનો પ્રયાસ કર્યો હતો તે જ બંધારણ સામે નમવાની તેમને ફરજ પડી છે, એમ તેમણે કહ્યું હતું.

બહુમત મેળવવાથી ઘણા જ દૂર રહેલા અને વડા પ્રધાન તરીકે શપથગ્રહણ કરનાર મોદીએ ખરેખર તો એનડીએના નેતાપદ માટેની તમામ કાયદેસરતા ગુમાવી છે, એમ તેમણે કહ્યું હતું.

તાજેતરમાં પૂરી થયેલી લોકસભાની ચૂંટણીમાં ભાજપ ભલે એકલા હાથે સરકાર રચી શકે તેટલી બેઠકો મેળવી નહોતો શક્યો, પરંતુ ભાજપના વડપણ હેઠળના એનડીએએ લોકસભાની ૫૪૩માંથી ૨૯૩ તો કૉંગ્રેસે ૯૯ બેઠક મેળવી હતી.

સરકાર રચવા ઓછામાં ઓછી ૨૭૨ બેઠકની જરૂર હોય છે. (એજન્સી) ■

# ઓડિશામાં બીજેડીની કારમી હાર બાદ પાંડિયને રાજકારણમાંથી લીધી નિવૃત્તિ

ભુવનેશ્વરઃ ઓડિશાના પૂર્વ મુખ્યમંત્રી નવીન પટનાયકના નજીકના સાથી અને બીજુ જનતા દળ (બીજેડી)ના વરિષ્ઠ નેતા વી. કે. પાંડિયને રવિવારે લોકસભા અને વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીને મળેલી કારમી હારની જવાબદારી લેતા સક્રિય રાજકારણમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી.

અધિકારીમાંથી નેતા બનેલા પાંડિયને એક વીડિયો સંદેશમાં કહ્યું હતું કે ''હવે મેં સક્રિય રાજકારણ છોડવાનું નક્કી કર્યું છે,'' આ પ્રવાસ દરમિયાન જો મેં કોઈને દુઃખ પહોંચાડ્યું હોય તો કૃપા કરીને મને માફ કરો. જો બીજુ જનતા દળની હારમાં મારા વિરુદ્ધના અભિયાને કોઈ ભૂમિકા ભજવી હોય તો મને માફ કરશો. આ માટે હું સમગ્ર બિજુ પરિવારની માફી માગું છું. પાંડિયને કહ્યું કે રાજકારણમાં પ્રવેશવાનો તેમનો એકમાત્ર હેતુ પટનાયકને મદદ કરવાનો હતો અને તેથી જ તેમણે ચૂંટણી લડી ન હતી. નોંધનીય છે કે ભારતીય જનતા પાર્ટીએ ૧૪૭ સભ્યોની ઓડિશા વિધાનસભામાં ૭૮ બેઠકો જીતીને બીજેડીના ૨૪ વર્ષના લાંબા શાસનનો અંત કર્યો હતો. પટનાયકની આગેવાની હેઠળની પાર્ટીએ ૫૧ બેઠકો જીતી જ્યારે કૉંગ્રેસને ૧૪ અને કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (સીપીઆઇ)ને એક બેઠક મળી હતી.

બીજેડી રાજ્યમાં એક પણ લોકસભા સીટ જીતી શકી નથી. ભાજપે ૨૦ બેઠકો જીતી અને કૉંગ્રેસે એક લોકસભા બેઠક જીતી છે. પાંડિયને કહ્યું, હું હંમેશાં ઓડિશાને મારા હૃદયમાં અને ગુરુ નવીનબાબુને મારા શ્વાસમાં રાખીશ. ■

પહેલા પાનાનું ચાલુ

## હેટ-ટ્રિકના હીરો

સંજય કુમાર અને રવનીત સિંહ બિટ્ટુ કેબિનેટના નવા ચહેરાઓ જોવા મળ્યા છે.

સરકારમાં નવા ચહેરાઓ મોટા ભાગે ભાજપના સાથી પક્ષો તરફથી આવ્યા છે. ટીડીપીના રામ મોહન નાયડુ અને ચંદ્ર શેખર પેમ્માસાની, જેડીયુના લલન સિંહ, શિવસેનાના પ્રતાપરાવ જાધવ ઉપરાંત એનડીએના અન્ય ઘટકપક્ષોના સભ્યો જેમ કે ચિરાગ પાસવાન, જીતેન રામ માંઝી, એચ. ડી. કુમારસ્વામી, અને અનુપ્રિયા પટેલનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ભાજપની અગાઉની સરકારમાં રહેલા જ્યોતિરાદિત્ય સિંધિયા, ભૂપેન્દર યાદવ, પ્રહ્લાદ જોશી, ગિરીરાજ સિંહ, ગજેન્દ્ર સિંહ શેખાવત, ડૉ. મનસુખ માંડવિયા, એસ. પી. એસ. બઘેલ, અન્નપૂર્ણા દેવી, વીરેન્દ્ર કુમાર, શોભા કરંડલાજે, અને એલ. મુરુગને પણ શપથ ગ્રહણ કર્યા હતા.

ભાજપના જુએલ ઓરાંવ, સર્વાનંદ સોનોવાલ, જી. કિશન રેડ્ડી, સુકાંતા મઝુમદાર, અને ભાગીરથ ચૌધરીએ પણ શપથગ્રહણ કર્યા હતા.

રાવ ઈન્દ્રજિત સિંહ, અર્જુન રામ મેઘવાળ, ડૉ. જિતેન્દ્ર સિંહ, રાષ્ટ્રીય લોકદળના જયંત ચૌધરી, ઉત્તર પ્રદેશના જિતેન પ્રસાદ, શ્રીપાદ યશો નાઈક, પંકજ ચૌધરી, કૃષ્ણ પાલ ગુર્જર, રામદાસ આઠવલે, રામનાથ ઠાકુર, નિત્યાનંદ રાય, વી સોમન્નાએ રાજ્યકક્ષાના પ્રધાન તરીકે શપથગ્રહણ કર્યા હતા.

ભાજપના સંસદસભ્ય મહારાષ્ટ્રનાં રક્ષા ખડસે પણ નવી સરકારનો હિસ્સો બન્યા હતા.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડા જેમનો અધ્યક્ષ તરીકેનો કાર્યકાળ એક મહિનામાં પૂરો થઈ રહ્યો છે તેમને પણ મોદી સરકારમાં ફરી એક વખત સ્થાન આપવામાં આવ્યું હતું. આ પહેલાં તેઓ કેન્દ્રીય કૅબિનેટમાં હતા, પરંતુ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવામાં આવ્યા ત્યારે તેમણે પ્રધાનપદેથી રાજીનામું આપ્યું હતું. (પીટીઆઈ) ■

# મણિપુરમાં ચાર નાગરિકની હત્યા મામલે એનઆઇએએ કરી એક આતંકીની ધરપકડ

નવી દિલ્હીઃ આસામની જેલમાં બંધ એક આતંકવાદીની ધરપકડ કરવામાં આવી છે. આતંકી પર આરોપ છે કે તે મણિપુરના વિષ્ણુપુર જિલ્લાના ચાર લોકોની હત્યામાં સામેલ હતો. એનઆઇએએ આ અંગે નિવેદન જાહેર કર્યું છે.

એનઆઇએએ જણાવ્યું હતું કે મણિપુરના રહેવાસી લુનમિનસેઇ કિપગેન ઉર્ફે લેંગિનમંગ ઉર્ફે મંગ ઉર્ફે લેવીને શનિવારે ગુવાહાટીના લોખરા સ્થિત સેન્ટ્રલ જેલમાંથી ગેરકાનૂની પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ અને આર્મ્સ એક્ટની જોગવાઈઓ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. ૧૮ જાન્યુઆરીના રોજ થયેલી ભીષણ હત્યામાં ધરપકડ કરાયેલ તે પ્રથમ આરોપી છે. સશસ્ત્ર હુમલાખોરોએ બિષ્ણુપુરના નિંગથોખોંગ ખા ખુનૌમાં વોટર ટ્રિટમેન્ટ પ્લાન્ટ પાસે ચાર નાગરિકની નિર્દયતાથી હત્યા કરી હતી.

શનિવારે એનઆઇએએ મણિપુરના બિષ્ણુપુર જિલ્લામાં ચાર નાગરિકની હત્યાના સંબંધમાં એક વ્યક્તિની ધરપકડ કરી હતી. આ વ્યક્તિ હાલમાં અન્ય કેસમાં ગુવાહાટી જેલમાં છે. હુમલાખોરોએ અત્યાધુનિક હથિયારોથી અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. આ ફાયરિંગમાં ચાર નાગરિકનાં મોત થયા હતા. એનઆઇએએ ૯ ફેબ્રુઆરીએ કેસ નોંધ્યો હતો. તપાસ દરમિયાન એવું બહાર આવ્યું છે કે આ હુમલામાં લુનમિનસેઇ કિપગેન સક્રિય રીતે સામેલ હતો, જે ઉત્તર-પૂર્વ રાજ્યમાં ચાલી રહેલી વંશીય અશાંતિ અને હિંસાનો પણ એક ભાગ હતો. અગાઉ તે કુકી આતંકવાદી સંગઠન કેએનએફ (પી)નો કેડર હતો, પરંતુ હિંસા દરમિયાન તે અન્ય કુકી આતંકવાદી સંગઠન - યુનાઈટેડ કુકી નેશનલ આર્મીમાં જોડાયો હતો. અનેક હત્યાઓને અંજામ આપ્યો હતો. ■

# શપથગ્રહણ પહેલા મોદીએ મહાત્મા ગાંધી અને વાજપેયીને શ્રદ્ધાંજલિ અર્પી

નવી દિલ્હીઃ સતત ત્રીજી વખત વડા પ્રધાન તરીકે શપથ લેતા પહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે સવારે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને પૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીની સમાધિની મુલાકાત લીધી હતી અને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમણે નેશનલ વોર મેમોરિયલ ખાતે શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી.

રવિવારે સવારે વડા પ્રધાન સૌ પ્રથમ મહાત્મા ગાંધીની સમાધિ રાજઘાટ પહોંચ્યા હતા અને રાષ્ટ્રપિતાને શ્રદ્ધાંજલિ આપી હતી. રાજઘાટની મુલાકાત બાદ મોદીએ ભાજપના દિગ્ગજ નેતા અને પૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીના સમાધિ સ્થળ 'સદૈવ અટલ' ખાતે જઇને તેમને શ્રદ્ધાંજલિ અર્પી હતી. અટલ બિહારી વાજપેયીના સમાધિ સ્થળ પર મોટી સંખ્યામાં સમર્થકો હાજર હતા.

ત્યારબાદ મોદી દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપનાર સૈનિકોના સ્મારક નેશનલ વોર મેમોરિયલ પહોંચ્યા અને જવાનોને વંદન કર્યા હતા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ રવિવારે સાંજે રાષ્ટ્રપતિ ભવનમાં એક સમારોહમાં તેમને અને તેમના મંત્રીમંડળને શપથ લેવડાવ્યા હતા. ■

# ભાજપના કાર્યકર્તા તરીકે કામ કરવાનું ચાલુ રાખીશઃ અનુરાગ ઠાકુર

નવી દિલ્હીઃ ભાજપના સંભવિત પ્રધાનોની યાદીમાં નામ ન આવ્યા બાદ ભાજપના ભૂતપૂર્વ પ્રધાન અનુરાગ ઠાકુરે રવિવારે જણાવ્યું હતું કે તેઓ ભાજપના કાર્યકર્તા તરીકે કામ કરવાનું ચાલુ રાખશે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વિકસિત ભારતનાં સપનાને સાકાર કરવા માટે પ્રયાસો કરશે. અનુરાગ ઠાકુરે મોદી અને પ્રધાનોની ટીમને અભિનંદન આપ્યા હતા અને કહ્યું હતું કે એનડીએની સરકારમાં પસંદ કરવામાં આવેલા પ્રધાનો અત્યંત સક્ષમ છે. તેઓ દેશને વિકાસના પંથે લઈ જવા માટે બનતા બધા જ પ્રયાસો કરશે. (પીટીઆઈ) ■

# અમિત શાહ સતત બીજી વાર કેન્દ્રીય પ્રધાન પદ સંભાળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાજપના ચાણક્ય અને નરેન્દ્ર મોદીના વ્યૂહનું સચોટ અમલીકરણ કરીને ભાજપને ૨૦૧૪માં સત્તાસ્થાને પહોંચાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનારા ગાંધીનગર લોકસભા મત વિસ્તારમાંથી સતત બીજી વાર જંગી સરસાઇથી વિજયી રહેલા અમિત શાહ કેન્દ્રીય એનડીએ સરકારમાં ફરી એક વાર પ્રધાન પદ્ સંભાળશે.

અમિત શાહે નરેન્દ્ર મોદીની ખૂબ જ નજીકના અને વિશ્વાસુ માનવામાં આવે છે, શાહની રાજકીય કારકિર્દી ગુજરાતમાંથી શરૂ થઈ છે, અમદાવાદના નારણપુરા વિધાનસભા બેઠક પરથી પોતાની સંસદીય સફર શરૂ કરનારાં અમિત શાહ તત્કાલિન મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીની સરકારમાં ગૃહ પ્રધાનનો રાજ્યકક્ષાનો સ્વતંત્ર દરજ્જો સંભાળ્યો હતો ત્યારબાદ તેઓ સતત રાજ્યની મોદી સરકારમાં મહત્ત્વનું સ્થાન સંભાળતા રહ્યાં હતા ત્યારબાદ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં દેશવ્યાપી વ્યૂહ રચના ઘડવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. તેમ જ ૨૦૧૪માં દેશમાં ભાજપે પૂર્ણ બહુમતિ સાથે સરકાર રચવાની સિદ્ધિ મેળવી હતી ત્યારબાદ અમિત શાહને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની જવાબદારીની સોંપાઇ હતી. અને ૨૦૧૯માં સતત બીજી વાર નરેન્દ્ર મોદી સરકાર રચાઇ હતી. જોકે રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે સફળ કામગીરી બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના પ્રધાનમંડળમાં શાહને સ્થાન આપ્યું હતું.

નરેન્દ્ર મોદીની ગત સરકારમાં અમિત શાહને કેન્દ્રીય ગૃહ પ્રધાન સહિતના મહત્ત્વના વિભાગો સોંપવામાં આવ્યા હતા. લોકસભાની ૨૬ બેઠકોમાંની એક એવી ગાંધીનગર બેઠક ખાસ માનવામાં આવે છે.

આ બેઠક ૩૫ વર્ષથી ભાજપનો ગઢ રહી છે. ૨૦૨૪ની ચૂંટણીમાં કૉંગ્રેસે ભાજપના દિગ્ગજ નેતા અમિત શાહ સામે ગાંધીનગર બેઠક પર સોનલ પટેલને મેદાનમાં ઉતાર્યા હતા. આ બેઠક પર ફરી એકવાર અમિત શાહનો જાદૂ ચાલ્યો છે. તેઓ આ બેઠક પર ૭.૧૦ લાખ મતથી જીત્યા હતા.

ગાંધીનગર બેઠક પર એક વખત વાજપેયી જીત્યા હતા, જ્યારે ૧૯૯૮થી સતત ૨૦૧૪ સુધી લાલકૃષ્ણ અડવાણી જીત્યા અને ૨૦૧૯માં ગાંધીનગરના સાંસદ અમિત શાહ ચૂંટાયા હતા. ■

# ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ સી આર પાટીલને કેન્દ્રીય પ્રધાન મંડળમાં સ્થાનઃ પ્રમુખપદ ખાલી થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ અને નવસારી બેઠક પરથી સતત ચાર ટર્મથી જંગી સરસાઇથી જીતતા સી આર પાટીલના નેતૃત્વમાં ભાજપે ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં ૧૮૨માંથી ૧૫૬ બેઠકો જીતવાનો વિક્રમ નોંધાવ્યા બાદ હવે પાટીલનું કેન્દ્રીય પ્રધાન મંડળમાં સ્થાન આપવામાં આવ્યું છે. પાટીલ કેન્દ્રીય પ્રધાન બનતા તેમના સ્થાને ગુજરાત ભાજપના નવા પ્રદેશ પ્રમુખ અને સંગઠનની કવાયત શરૂ થશે.

ગુજરાતમાંથી સૌથી વધુ સરસાઇથી જીતવાનો વિક્રમ નોંધાવનારા સી.આર.પાટીલ ગત ટર્મમાં પણ તેઓ નવસારી બેઠક પરથી સારી લીડ સાથે જીત્યા હતા જ્યારે વર્ષ ૨૦૨૪માં પણ તેમણે ૭ લાખથી વધુની સરસાઇ મેળવીને સૌથી વધુ લીડથી જીતવાનો પોતાના જ વિક્રમ તોડ્યો હતો.

નવસારી લોકસભા બેઠક ૨૦૦૮માં થયેલા મતક્ષેત્રના નવા સિમાંકન બાદ અમલમાં આવી હતી. આ અગાઉ નવસારી જિલ્લાનો વલસાડ લોકસભા બેઠકમાં સમાવેશ થતો હતો. ભાજપ દ્વારા ૨૦૦૯થી આ બેઠક પર જીતતા આવેલા સી.આર. પાટીલને રિપીટ કરવામાં આવ્યા હતા. ૨૦૧૯માં અહીંથી કૉંગ્રેસે કોળી કાર્ડ ખેલ્યું હતું. આ બેઠક પર કોળી સમાજની બહુમતી છે. આથી કૉંગ્રેસ દ્વારા કોળી સમાજના યુવાન નેતા અને વિજલપોર નગરપાલિકાના ભૂતપૂર્વ પ્રમુખ ધર્મેશ પટેલને ટિકિટ આપવામાં આવી હતી. ૨૦૧૯ની ભાજપના ઉમેદવાર સી.આર.પાટીલે કૉંગ્રેસના ઉમેદવાર ધર્મેશ પટેલને ૬,૮૯,૬૬૮ના મતોથી હરાવ્યા હતા. સતત ત્રીથી વાર વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નવસારી બેઠક માટે સી.આર.પાટીલ પર ભરોસો મૂક્યો હતો. લોકસભા ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોની પ્રથમ લિસ્ટમાં નવસારી લોકસભા બેઠક પરથી ફરી એક વખત સીઆર પાટીલને ઉમેદવાર બનાવવામાં આવ્યા હતા. તેઓ નોન ગુજરાતી ભાજપના પ્રદેશ પ્રમુખ છે. નવસારી બેઠક પર છેલ્લા ત્રણ ટર્મથી સાંસદ છે. ૨૦૧૪ અને ૨૦૧૯માં તેઓ સૌથી વધુ માર્જિનથી જીતી હોવાને કારણે તેઓ રાષ્ટ્રીય કક્ષા પર લોકોની નજરે આવ્યા હતા. ત્યારબાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને ગુજરાતના પ્રદેશ પ્રમુખ બનાવ્યા. ૨૦૧૯માં, તેમણે ૬૮૯,૬૬૮ મતોના વિક્રમી માર્જિન સાથે ચૂંટણી જીતી હતી જે ચૂંટણી ઇતિહાસમાં બીજા ક્રમનું સૌથી વધુ માર્જિન હતું. ૨૦૧૪માં, તેઓ ૫,૫૮,૧૧૬ મતોના વિક્રમી માર્જિનથી ચૂંટાયા હતા, જે સમગ્ર ભારતમાં ત્રીજા સૌથી વધુ મતો મેળવનાર ઉમેદવાર હતા જ્યારે વર્ષ ૨૦૦૯માં તેઓએ ૪,૨૩,૪૧૩ મતો મેળવ્યા હતા. સામાન્ય પરિવારના રઘુનાથજી પાટીલ અને સરુબાઈ પાટીલના ઘરે ૧૬મી માર્ચ ૧૯૫૫ના રોજ મહારાષ્ટ્રના જલગાંવ નજીક એદલાબાદના પીંપરી-અકારાઉત ખાતે સી.આર.પાટીલનો જન્મ થયો હતો. પાટીલે શિક્ષણ દક્ષિણ ગુજરાતમાં અલગ અલગ વિવિધ સ્થળે લીધું હતું. છેલ્લે સુરતની આઇઆઇટીમાં અભ્યાસ કર્યો હતો. ■

# ગાંધીધામમાં ફાયર સેફ્ટી વિનાના સિનેમા સહિત બે હોટેલને સીલ મરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ રાજકોટ શહેરમાં જરૂરી મંજૂરી વગર પતરાના શેડમાં ખડકી દેવામાં આવેલા ટીઆરઆપી ગેમ ઝોનમાં વેલ્ડિંગ કરતી વેળાએ સર્જાયેલા ભયાનક અગ્નિકાંડમાં સેંકડો નિર્દોષો હોમાયાની કદી ન ભુલાય તેવી દૂર્ઘટના બાદ સફાળી જાગેલી રાજ્ય સરકારના આદેશને પગલે સમગ્ર રાજ્યની સાથે રણપ્રદેશ કચ્છમાં પણ વહીવટી તંત્રની ખાસ ટુકડીઓ દ્વારા વિવિધ જાહેર સ્થળોએ ફાયર સલામતીનાં સાધનો તેમજ જરૂરી આધાર-પુરાવા ચકાસવાની કામગીરી હાથ ધરી કેટલાંક સ્થળોને તાળાં મારવામાં આવી રહ્યાં છે જ્યારે કેટલાકને નોટિસો ફટકારવામાં આવી રહી છે ત્યારે ભુજ બાદ હવે પંચરંગી શહેર ગાંધીધામમાં ફાયર સિસ્ટમ જ ન લગાડનાર એક જાણીતા મુવી થિએટર અને બે હોટેલને સીલ કરી દેવાયાં છે.

એકતરફ, કચ્છની મુલાકાતે પ્રાદેશિક મ્યુનિસિપલ કમિશનર છે ત્યારે બીજી તરફ પ્રાદેશિક ફાયર ઑફિસરે તેમની સાથે બેઠક યોજ્યા બાદ ત્રણે મિલકતો પર સીલીંગની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાદેશિક ફાયર ઑફિસર અનિલ મારુએ જણાવ્યું હતું કે, ગાંધીધામની હોટેલ સેવન સ્પાઈસ અને હેપ્પી ઈનને સીલ મારી દેવાયું છે. બંને હોટેલમાં ફાયર સેફ્ટીની કોઈ સુવિધા જ નથી. એ જ રીતે, ઓમ સિનેમાને પણ ફાયર સેફ્ટીની અધૂરાશો અને એનઓસીની પૂર્તતા ના હોઈ સીલ મારી દેવાયું છે. રાજકોટ ગેમ ઝોનની ભીષણ હોનારતના પગલે ભુજમાં કડક કાર્યવાહી બાદ હવે ગાંધીધામમાં સીલીંગની કામગીરી હાથ ધરાતાં ફફડાટ ફેલાયો છે. દરમિયાન, બે દિવસ અગાઉ ભુજની જાણીતી હોટેલ પ્રિન્સને સીલ કરી દેવાઈ હતી પણ હવે તેમાં ફાયર સેફ્ટીનાં ઉપકરણો લાગી જતાં તંત્રએ હોટેલને લગાડેલાં સીલ હટાવી દેવા અનુમતિ આપી દીધી હોવાનું જાણવા મળી રહ્યું છે. ■

# ગીર સોમનાથની કેસર કરીની વિદેશમાં ૫૦૦ ટનથી વધુ નિકાસઃ સ્થાનિક બજારમાં ભાવ નહીં ઘટે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની ખાસ કરીને તાલાલાની કેસર કેરીની વર્ષોથી વિદેશમાં માગ રહે છે. સિઝનના પ્રારંભ બાદ ઓર્ગોનિક કેસરની નિકાસ કરવામાં આવી રહી છે. આ વર્ષે અત્યાર સુધીમાં ૫૦૦ ટનથી વધુ નિકાસ થઈ ચૂકી છે. લંડન, યુકે,સ્વિઝરલેન્ડ, અખાતી દેશો અને આફ્રિકા જેવા દેશોમાં ભારે નિકાસ થઈ છે. ગીર સોમનાથ અને તાલાલા ગીર અહીંના કેસરી સિંહ અને કેસર કેરીના કારણે વિશ્વ પ્રસિદ્ધ બન્યું છે.કેસર કેરી પર છેલ્લાં પાંચેક વર્ષથી વિપરીત હવામાનનું ગ્રહણ લાગ્યું છે. જેથી સતત છેલ્લાં પાંચ વર્ષથી કેસર કેરીનો પાક ઘટી રહ્યો છે. જેના કારણે ઓછી કેરી અને વધુ ભાવ વચ્ચે કેરીની સમય મર્યાદા ટૂંકી બનતા કેસર કેરીના રસિયાઓ માટે ભીમ અગિયારસ પર કેસર કેરી ખરીદવી કઠિન બનશે.

ગત સિઝનની વાત કરવામાં આવે તો ગત વર્ષે તાલાલા મેંગો યાર્ડ ખાતે બાર લાખ કેસર કેરીના બોક્સની આવક હતી. સાથે ૩૦૦થી લઈ અને ૫૦૦ રૂપિયા સરેરાશ ૧૦ કિલોના બોક્સનો ભાવ રહ્યો હતો. પરંતુ આ વખતે વિપરીત હવામાનને કારણે કેરીના ફ્લાવરિંગ ખરી પડવાના કારણે માત્ર ૪૦ ટકા કેરી જ બચી શકી હતી. ઓછી કેરી હોવાને કારણે આ વર્ષે આખી સિઝનમાં કેરીના ભાવ ભારે ઊંચા રહ્યા છે. હાલ કેસર કેરીનું છેલ્લું અઠવાડિયું ચાલી રહ્યું છે. ૧૦ કિલોના એક બોક્સના ૮૦૦ થી લઈને ૧૩૦૦ રૂપિયા સુધીના ભાવ ચાલી રહ્યા છે. વરસાદ શરૂ થયા બાદ પણ કેરી નહીં ખાઈ શકાય. આમ કેસર કેરી ગ્રાહકો માટે આ વખતે ઊંચા ભાવને કારણે કડવી બની છે.

અત્રે ઉલ્લેખનિય છે કે,ગત વર્ષે આવેલા વાવાઝોડાના પગલે અનેક આંબાના ઝાડ ઉખડી ગયાં હતાં, જેથી ખેડૂતોને નુકસાન થયું હતું. તો ચાલુ વર્ષે પડેલા કમોસમી વરસાદ અને બરફના કરાથી કેરીના પાકને આંશિક નુકસાન પહોંચ્યું હતું. પાકવાની આરે આવેલા મોર ખરી પડ્યો હતો. જેથી હાલ બજારમાં કેસર કેરીનો માલ ઓછો જોવા મળી રહ્યો છે.દરમિયાન કેસર કેરીના એક વેપારીએ જણાવ્યું હતું કે, જૂન મહિનો આવતા જ કચ્છની કેસર કેરીની રાહ જોતા લોકોને હવે કેરીનો સ્વાદ માણવા મળશે. હાલમાં કચ્છની કેસર કેરીની ગુણવત્તા ખૂબ સારી આવી રહી છે. કમોસમી વરસાદના કારણે માલની આવક પર અસર થઈ છે. બજારમાં કેસર કેરીનો ઓછો માલ છે અને તેના હિસાબે જ આ વખતે ગુણવત્તા મુજબ પાંચ કિલોના બોક્સમાં ભાવ ૩૦૦થી ૫૦૦ જેટલા ભાવ છે. કચ્છની કેસર કેરીની માગ તો દર વખત જેટલી જ છે અને ગુજરાતના અન્ય જિલ્લાઓ તેમજ મહારાષ્ટ્રમાં પણ મોકલવામાં આવી રહી છે. ■

# દક્ષિણ ગુજરાતની ઓરસંગ નદીમાં નવાં નીર આવ્યાંઃ પાંચ દિવસમાં વરસાદની આગાહી

## મધ્ય પ્રદેશના વિસ્તારોમાં વરસાદ શરૂ થતા પાણી આવ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મધ્ય પ્રદેશના કેટલાક વિસ્તારોમાં વરસાદ શરૂ થતા હેઠવાસમાં આવતી દક્ષિણ ગુજરાતની ઓરસંગ નદીમાં પાણી વહ્યાં હતાં.

છોટાઉદેપુર જિલ્લાની જોવાદોરી ઓરસંગ નદીમાં નવા નીર આવતા આડબંધ ઉપરથી પાણી વહ્યાં રહ્યાં છે. શનિવારે સાંજે છોટાઉદેપુર તેમજ ઉપરવાસ મધ્ય પ્રદેશમાં વરસેલા વરસાદને પગલે ઓરસંગ નદીમાં નવા નીર આવતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો હતો.

બીજી તરફ દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં આજથી પાંચ દિવસ સુધી વરસાદ વરસવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી હતી. છોટાઉદેપુર જિલ્લામાં સવારથી જ વાતાવરણમાં પલટો આવ્યો હતો અને છૂટોછવાયો વરસાદ વરસી રહ્યો છે. જેમાં કેટલાક ઠેકાણે ધીમી ધારે તો કેટલાક ઠેકાણે ધોધમાર વરસાદ શરૂ થયો હતો.

આ ઉપરાંત સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં પણ અસહ્ય બફારા વચ્ચે ગતમોડી રાત્રે મેઘરાજાની પધરામણી થઈ હતી અને ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. જિલ્લાના બોડેલી તાલુકાના ચલામલીમાં વહેલી સવારથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ચલામલીમાં વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ સર્જાયું હતું અને વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.ઉપરવાસના મધ્ય પ્રદેશમાં રાત્રી દરમિયાન ભારે વરસાદને પગલે કવાંટના ઉમઠીની સાપણ નદીમાં નવા નીર આવ્યાં હતાં. ■

# પાલનપુરમાં કોલેરાના નવા ૧૯ કેસઃ ૨૧૯ લોકો અસરગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ગાંધીનગર જિલ્લાના પેથાપુર બાદ બનાસકાંઠાના પાલનપુર શહેરમાં કોલેરાના વધુ ૧૯ કેસ નોંધાતા અસરગ્રસ્તોનો આંકડો ૨૧૯ની ઉપર પહોંચ્યો છે. શહેરમાં પીવાનું પાણી પૂરું પાડતી પાઇપલાઇનમાં લીકેજથી દૂષિત પાણીના લીધે આ રોગચાળો ફેલાયો છે. અત્યાર સુધીમાં બે લોકોનાં મોત પણ થઇ ચૂક્યાં છે.

પ્રાપ્ત વિગતો અનુસાર શહેર કોટ વિસ્તારના પીવાના પાણીની પાઈપ લાઈનમાં લીકેજ હોવાના કારણે વોર્ડ નંબર-૫ અને ૬માં ગટરનું ગંદું પાણી પીવાના પાણીની પાઈપ લાઈનો મિશ્ર થતા આ વિસ્તારમાં લોકો ઝાડા, ઊલટી, તાવ, કોલેરા રોગમાં સપડાયા છે. ૧૯ દર્દીઓ સારવાર હેઠળ છે. આરોગ્ય વિભાગની ટીમો દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં બીજા રાઉન્ડમાં સર્વે અને લોકોનું મેડિકલ ચેકઅપ હાથ ધરવામાં આવ્યું છે.

પાલનપુર શહેરમાં કોટ વિસ્તારના ખાસદાર ફળી, ભક્તોની લીંમડી, નાની બજાર, રબારીવાસ, જમાદારવાસ, ગોબાંદવાસ, સલાટવાસ, સુશી ઠેરઠેર ગંદકીના ઢગલા ખડકાયા હોય હાલની કાળઝાળ ગરમીમાં ૨૨ જેટલા લોકો તાવ, શરદી, ઝાડા ઊલટી જેવી બીમારીઓમાં સપડાયા છે. જેમાં કોલેરાના કારણે એક વ્યક્તિનું મોત થતા પીણાંના સ્ટોલ બંધ કરાવવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગ દ્વારા બીજા રાઉન્ડમાં સર્વે અને અસરગ્રસ્ત લોકોની સારવાર હાથ ધરવામાં આવી છે. ■

# વલસાડના અતુલ ગામમાં પીવાનાં પાણીનો પોકારઃ મહિલાઓએ સરપંચ સામે માટલા ફોડ્યા

## અતુલ ગામના ત્રણથી ચાર જેટલા ફળિયામાં પીવાનું પાણી અનિયમિત આવતું હોવાની સમસ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાણીદાર ગણાતા વલસાડ જિલ્લામાં જ કેટલાક ગામોમાં ઊતરતા ઉનાળે પીવાના પાણીની સમસ્યા જોવા મળી રહી છે. જિલ્લાના અતુલ ગામ ખાતે પીવાના પાણી મુદ્દે ગામની મહિલાઓએ રેલી કાઢી સરપંચના ઘરે આગળ જ માટલા ફોડી વિરોધ કર્યો હતો

વલસાડના અતુલ ગામમાં ત્રણથી ચાર જેટલા ફળિયામાં વર્ષોથી પીવાનું પાણી ન આવતા લોકોની વારંવારની રજૂઆત થતા સરપંચ અને ઉપસરપંચ તેઓની રજૂઆત ન સાંભળતા અને તેઓની અવગણના કરતા આખરે ગામની મહિલાઓ ભેગી થઈ અને રેલી કાઢી સરપંચના ઘરે પહોંચી હતી. મોટી સંખ્યામાં પહોંચેલી મહિલાઓએ માટલા ફોડી હલ્લાબોલ કરી સરપંચની સામે પીવાના પાણી માટે ઉગ્ર રજૂઆત કરી પીવાના પાણીની માગ કરી હતી. અતુલ ગામના ત્રણથી ચાર જેટલા ફળિયામાં પીવાનું પાણી અનિયમિત આવતું હોવાની સમસ્યા સર્જાય છે. મોટાભાગના ઘરોમાં ગંદૂ પાણી આવતું હોવાનું મહિલાઓનો આક્ષેપ છે.

ગામમાં ત્રણથી ચાર જેટલા ફળિયાને છોડીને અન્ય બીજા ફળિયાઓમાં ૨૪ કલાક પાણી આપવામાં આવે છે જેને કારણે આદિવાસી વિસ્તારના ફળિયાઓમાં લોકો સાથે અન્યાય થતો હોવાનું પણ બહાર આવ્યું છે. પાર નદીમાંથી પાણીની પાઇપલાઇન અતુલ ગામ સુધી નવી નાખવામાં આવ્યા છતાં અતુલ ગામના ત્રણથી ચાર જેટલા ફળિયામાં પીવાના પાણીની સમસ્યા સર્જાય છે.

બીજી તરફ સરપંચનું કહેવું છે કે, ઓપરેટરની સમસ્યાને લઈને પાણી નિયમિત નથી પહોંચતું. આગામી દિવસોમાં આ સમસ્યાનું નિરાકરણ લાવી લોકોના ઘરે પાણી પહોંચતું કરીશું. ■

# ભાવનગર બેઠક પરથી પ્રથમ વાર જ ચૂંટાયેલાં નીમુબેનની કેન્દ્રીય પ્રધાન મંડળમાં પસંદગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગર બેઠકના સાંસદ નીમુબેન બાભણીયાની કેન્દ્રીય પ્રધાન તરીકે પસંદગી થતા ગોહિલવાડને લાંબા અંતરાલ બાદ કેન્દ્રીય પ્રધાન મંડળમાં સ્થાન અપાયું છે. ભાવનગરમાં અગાઉ પાંચ-પાંચ ટ્રમ સુધી ભાજપના સાંસદ રહેલા રાજેન્દ્રસિંહ રાણા તેમજ બે ટર્મ સાંસદ રહેલાં ડૉ. ભારતીબેન શિયાળને પ્રધાનપદ પ્રાપ્ત થયું ન હતું પરંતુ પહેલી જ સાંસદ બનેલા નિમુબેન બાંભણિયા એ તરત જ કેન્દ્રમાં પ્રધાનપદ પ્રાપ્ત કર્યું છે.

તાજેતરમાં યોજાયેલ લોકસભાની ચૂંટણીમાં ભાવનગરની લોકસભા બેઠક ઉપરથી જંગી બહુમતીથી ચૂંટાયેલાં ભાજપના નિમુબેન બાંભણિયાની કેન્દ્રીય પ્રધાન મંડળમાં પસંદગી થતા ભાવનગરમાં ભાજપના વર્તુળોમાં આનંદની લાગણી ફેલાઇ છે. ઉલ્લેખનીય છે કે સમગ્ર ગુજરાતમાં મહિલા ઉમેદવારોમાં ભાવનગરના નીમુબેન બામણીયાને ૪.૫૫ લાખની લીડ મળી હતી. ભાવનગરમાં બે વખત મેયર તરીકે સફળ કામગીરી કરી ચૂકેલા અને શિક્ષણ સાથે સંકળાયેલાં નીમુબેન પ્રદેશ સંગઠનમાં પણ સફળ કામગીરી બચાવી ચૂક્યાં છે.

ઉલ્લેખનીય છે કે, નીમુબેન બાંભણિયા ઉપરાંત ડો. મનસુખભાઈ માંડવિયા પણ ભાવનગર જિલ્લાના વતની છે. આમ ભાવનગરના બે વ્યક્તિઓને કેન્દ્રમાં પ્રધાનપદ પ્રાપ્ત થયા છે. ■

# અમૂલ-મધર બાદ હવે સુમુલ દૂધના ભાવમાં લિટરે ₹ બેનો વધારો ઝીંકાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સહકારી ડેરીઓએ આ વખતે ઉનાળા દરમિયાન જ લોકસભાની ચૂંટણી આવી જતા ભાવવધારો કરવાનું ટાળ્યા બાદ આખરે ચૂંટણી પૂરી થતા જ સૌ પ્રથમ અમૂલ દૂધમાં ભાવવધારો ઝીંકાયાં બાદ મધર ડેરીએ પણ બહારના રાજ્યો માટે દૂધના ભાવવધારો કર્યો હતો ત્યારબાદ હવે દક્ષિણ ગુજરાતની સૌથી મોટી ગણાતી સુમુલ ડેરીએ પણ સુરતના લોકો પર આજે મધરાતથી જ દૂધ પર એક લિટરે રૂ. બેનો વધારો ઝીંક્યો છે. સુરતીઓને આજથી વધુ એક મોંઘવારીનો ભાર સહન કરવો પડશે.

સુરત તાપી જિલ્લા સહકારી દૂધ સંઘના નિર્ણયથી દૂધના ભાવમાં રૂપિયા બેનો વધારો કરવામાં આવ્યો છે, લિટરે રૂપિયા બેનો વધારો કરવામાં આવ્યો છે.

ગોલ્ડના ૫૦૦ મિલીના ૩૪ રૂપિયા, તાજાના ૨૭ રૂપિયા, શકિતના ૩૧, સ્લિમ એન્ડ ટ્રિમના ૨૪ રૂપિયા ચૂકવા પડશે તો સુમુલ ડેરી રોજના ૧૨.૫૦ લાખ લિટર દૂધ નું વેચાણ કરે છે.

થોડા દિવસ પહેલા પંચમહાલની પંચમહાલ ડેરી અને ભાવનગરની સર્વોત્તમ ડેરી દ્વારા પશુપાલકો પાસેથી દૂધની ખરીદીમાં ભાવવધારો કરવામાં આવ્યો હતો. જોકે સુરતની સુમુલ ડેરી દ્વારા પણ દૂધની ખરીદીમાં ભાવવધારો કરીને સુરત અને તાપી જિલ્લાના અઢી લાખ કરતાં વધારે પશુપાલકો માટે મોટી ખુશખબર આપવામાં આવી હતી.

સુમુલ ડેરી દ્વારા ભેંસના દૂધમાં કિલોફેટે ૨૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. ગાયના દૂધમાં કિલોફેટે ૧૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. ભેંસના દૂધના કિલોફેટે ભાવ ૮૩૦ રૂપિયા હતા જે વધારીને ૮૫૦ રૂપિયા કરવામાં આવ્યા છે. ગાયના દૂધના કિલોફેટના ભાવ ૭૯૫ રૂપિયા હતા જે વધારીને ૮૧૦ રૂપિયા કરવામાં આવ્યા છે.■

## અગ્નિકાંડની આગ અમદાવાદ પહોંચીઃ

# મનપાએ બાદ ૫૮ કર્મિઓને શો કોઝ નોટિસ આપી

અમદાવાદઃ રાજકોટમાં ગેમિંગ ઝોનમાં સર્જાયેલ અગ્નિકાંડને પગલે હવે અમદાવાદ મનપાનું તંત્ર પણ સફાળું જાગ્યું હતું તેમ જ ફાયર સેફ્ટી અને સલામતીને લગતા નિયમોનું ચુસ્ત પાલન નહીં કરનારાં પર તવાઇ બોલાવ્યા બાદ એસ્ટેટ - ટીડીઓ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા બેદરકારી દાખવવામાં આવી હોવાનું જણાતાં ૫૮ જેટલા અધિકારીઓ, કર્મચારીઓને નોટિસ, ચાર્જશીટ આપી છે અને ખુલાસા માગવામાં આવ્યા છે.

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા લગભગ ૨૨ જેટલા અધિકારીઓ, કર્મચારીઓને ચાર્જશીટ ફટકારી છે. જ્યારે સાત અધિકારીઓ, કર્મચારીઓને શો કોઝ નોટિસ અપાઈ છે અને ચાર અધિકારીઓનો ખુલાસો માગવામાં આવ્યો છે. શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી મિલકતોમાં કથિત ગેરરીતિ, ગોટાળા જોવા મળતાં મ્યુનિ. કમિશનર એમ. થેન્નારસનની સૂચનાને પગલે એસ્ટેટ-ટીડીઓ વિભાગના ૫૮ જેટલા અધિકારીઓ અને કર્મચારીઓને ખુલાસો કરવા તાકીદ કરાઈ છે. મનપા દ્વારા હાથ ધરાયેલ ચેકિંગ ઝુંબેશમાં ભૂતકાળમાં અન્ય ઝોનમાં ફરજ દરમિયાન કથિત ગેરરીતિ કે કૌભાંડ આચર્યું હોય અને હાલ અન્ય ઝોનમાં ટ્રાન્સફર થયેલા તેવા કર્મચારીઓને પણ નોટિસ અને ચાર્જશીટ આપવામાં આવી છે. ■

# ગુજરાતમાં ચોમસામાં સૌથી વધુ સરેરાશ ૧૧૭.૪૦ ઈંચ વરસાદ વલસાડના કપરાડા તાલુકામાં વરસે છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ચોમાસા પહેલાની પ્રી-મોન્સૂન એક્ટિવિટી શરૂ થઈ ચૂકી છે, મહારાષ્ટ્રથી ગુજરાતમાં ચોમસાનો પ્રવેશ વલસાડ જિલ્લામાંથી થતો હોય છે. રાજ્યમાં આજ સુધીમાં મોસમનો સૌથી વધુ સરરેશ વરસાદ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં ૧૧૭.૪૦ ઇંચ જેટલો વરસતો રહ્યો છે.

રાજ્યમાં ચોમાસામાં વરસતા વરસાદના આંકડાઓ પર નજર કરીએ તો પાછલા કેટલાક વર્ષની સરેરાશ મૂજબ હાલમાં ગુજરાતનું ચેરાપૂંજી વલસાડનો કપરાડા તાલુકો ગણી શકાય છે. આ તાલુકામાં ચોમાસાની સિઝનના વરસાદની સરેરાશ ૧૧૭.૪૦ ઈંચ નોંધયો છે. જિલ્લાઓની વાત કરવામાં આવે તો ડાંગ જિલ્લામાં સૌથી વધુ ૯૩.૬૮ ઈંચ વરસાદ પડવાની સરેરાશ જોવા મળે છે, જ્યારે સૌથી ઓછી માત્ર ૧૯.૪૦ ઈંચ વરસાદની સરારેશ કચ્છ જિલ્લામાં છે.

કપરાડા સહિત ધરમપુર, વઘઈ, આહવા અને વાપી તાલુકામાં ૯૧ ઈંચથી વધુ વરસાદ પડવાનો છેલ્લા ઘણા સમયથી સિલસિલો જોવા મળ્યો છે. રાજ્યનાં ૧૦ તાલુકા એવા નોંધાયા છે જ્યાં આખી સિઝનમાં ૨૦ ઈંચ જેટલો પણ વરસાદ થતો નથી, જેમાં સૌથી ઓછો કચ્છના લખપત તાલુકામાં માત્ર ૧૫.૩૬ ઈંચ વરસાદ પડવાની સરેરાશ જોવા મળે છે. ગુજરાતમાં ચોમાસાની સિઝન દરમિયાન દક્ષિણ ગુજરાતનાં જિલ્લાઓમાં સૌથી વધુ વરસાદ ખાબકે છે. સરકારના ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ દ્વારા વરસાદના આંકડાઓ જાહેર કરવામાં આવે છે, જેમાં પાછલા ૫૦ વર્ષ કે તેથી વધુ સમયમાં દરેક તાલુકા અને જિલ્લામાં પડતા વરસાદની સરેરાશ કાઢવામાં આવે છે. આ સરેરાશ પરથી કયા વિસ્તારમાં સૌથી વધુ અને કયા વિસ્તારમાં સૌથી ઓછો વરસાદ પડે છે તેનો અંદાજ લગાવી શકાય છે. રાજ્યના પાંચ જિલ્લા એવા છે કે જ્યાં સૌથી વધુ વરસાદ પડે છે. આ જિલ્લાઓમાં ડાંગમાં ૯૩.૬૮ ઈંચ, વલસાડમાં ૯૩.૧૨ ઈંચ, નવસારીમાં ૭૫ ઈંચ તેમ જ સુરતમાં ૫૮.૪૬ અને તાપીમાં ૫૪.૬૮ ઈંચ વરસાદ પડે છે, જેની સામે ગુજરાતમાં વરસાદ પડવાની સરેરાશ ૩૫.૩૨ ઈંચ છે. સૌથી ઓછો વરસાદ ધરાવતાં ૫ જિલ્લામાં ત્રણ સૌરાષ્ટ્રના અને ૧ ઉત્તર ગુજરાતનો અને કચ્છનો સમાવેશ થાય છે. કચ્છમાં સૌથી ઓછો માત્ર ૧૯.૪૦ ઈંચ, મોરબીમાં ૨૨.૮૮ ઈંચ, સુરેન્દ્રનગરમાં ૨૩.૯૨ ઈંચ, પાટણમાં ૨૪.૪૪ ઈંચ અને ભાવનગરમાં ૨૪.૯૬ ઈંચ પડે છે.

રાજ્યનાં ૧૦ તાલુકાઓમાં વલસાડનાં કપરાડા તાલુકામાં ૧૧૭.૪૦ ઈંચ, ધરમપુરમાં ૯૯.૫૨ ઈંચ, વાપીમાં ૯૧.૨૪ ઈંચ, પારડીમાં ૮૮ ઈંચ, વલસાડમાં ૮૩.૧૨ ઈંચ અને ઉમરગામમાં ૭૯.૫૨ ઈંચ વરસાદ પડે છે. આ સિવાય ડાંગનાં વઘઈમાં ૯૯.૦૮ ઈંચ, આહવામાં ૯૨.૫૬ ઈંચ અને સુબીરમાં ૮૯.૩૬ ઈંચ તેમ જ નવસારીના ખેરગામ તાલુકામાં ૭૯.૪૪ ઈંચ વરસાદ પડવાની સરેરાશ છે. ■

# બનાસકાંઠાથી ગેનીબેન ઠાકોર વિજેતા થતા વાવ બેઠક પર યોજાશે પેટા ચૂંટણી

અમદાવાદઃ લોકસભા ચૂંટણી ૨૦૨૪નું પરિણામ જાહેર થયા બાદ ગુજરાતમાં સુરતની એક બેઠક બિનહરીફ થયા બાદ અન્ય ૨૪ બેઠક ભાજપે જીતી હતી, જ્યારે બનાસકાંઠા બેઠક પર કૉંગ્રેસની જીત થઈ હતી. વાવ વિધાનસભા બેઠકના ધારાસભ્ય ગેનીબેન ઠાકોર બનાસકાંઠાથી સાંસદ તરીકે ચૂંટાઈને હવે તેઓ સંસદમાં પહોંચ્યા હતા, આ સાથે જ હવે ગેનીબેનની વાવ બેઠક હવે ખાલી થઈ છે. વાવ વિધાનસભા બેઠક પર પેટાચૂંટણી યોજાશે અને આ બેઠક પર પૂર્વ ધારાસભ્ય કૉંગ્રેસ ગુલાબસિંહ રાજપૂતને ટિકિટ આપશે તેવી કૉંગ્રેસના વર્તુળોમાં ચર્ચા છે.

બનાસકાંઠા બેઠકથી વિજેતા થયા બાદ ગેનીબેન ઠાકોર ભાવુક થયા હતા. તેમણે બનાસકાંઠાની જનતાનો આભાર વ્યક્ત કરતા કહ્યું કે, જનતાએ મારી ઉપર વિશ્વાસ મૂકીને મને જીતાડી છે, તે રીતે લોકોના કામ માટે હું હંમેશાં ખડેપગે રહીશ. ■

# સંસ્થા સમાચાર

## રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મ.સા.ના સાંનિધ્યે શ્રી યોગીનગર સંઘમાં યોજાઈ સંઘ ઊર્જા શિબિર

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.ના સાંનિધ્યે શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ યોગીનગર ખાતે યોજાયેલી સંઘ ઊર્જા શિબિર, ઉપસ્થિત સૌના હૃદયમાં શ્રી સંઘ પ્રત્યેના નૈતિક કર્તવ્યની સમજ આપીને સાનંદ સંપન્ન થઈ હતી.

બોરીવલી સ્થિત માતુશ્રી મંજુલાબેન શાંતિલાલ વીરચંદ મોટાણી જૈન ઉપાશ્રયના આંગણે આયોજિત આ અવસરે અજરામર સંપ્રદાયના પૂજ્ય રોહિણીબાઈ મહાસતીજી, પૂજ્ય નિમગ્નાજી મહાસતીજી, બોટાદ સંપ્રદાયના પૂજ્ય વંદનાબાઈ મહાસતીજી, ગોંડલ સંપ્રદાયના પૂજ્ય પૂર્વીબાઈ મહાસતીજી, પૂજ્ય શ્રી પરમ સૌમ્યાજી મહાસતીજી આદિ અનેક સતીવૃંદની ઉપસ્થિતિમાં શ્રી સમસ્ત બોરીવલી, કાંદીવલી, મલાડના ૧૭થી વધુ શ્રી સંઘ પ્રતિનિધિઓની ઉપસ્થિતિ સાથે વિશાળ સંખ્યામાં ભાવિકો શ્રી સંઘની અનુમોદના કરવા તેમજ સેંકડો યુવાનો પરમ ગુરુદેવના શ્રીમુખેથી લાઈફને સક્સેસફૂલ બનાવવાની ગાઈડલાઈન પામવા ઉત્સાહ ભાવથી જોડાઈ ગયાં હતાં.

## મોદી ૩.૦

તક આપવામાં આવી છે.

### શ્રીકાંત શિંદેએ પ્રધાન બનવાની ના પાડી

મીડિયા સાથે વાત કરતા શિવસેનાના નેતા પ્રતાપરાવ જાધવે કહ્યું કે અમે શ્રીકાંત શિંદેને પ્રધાન બનાવવાની ઈચ્છા મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સમક્ષ વ્યક્ત કરી હતી, પરંતુ સતત ત્રીજી વખત સાંસદ બનેલા શ્રીકાંત શિંદેએ પોતે પ્રધાન પદ લેવાની ના પાડી દીધી હતી. એકનાથ શિંદેએ પોતાના પુત્રને પ્રોત્સાહન આપવાને બદલે સામાન્ય શિવસૈનિકને ન્યાય આપ્યો છે.

### રાણે-પટેલ વેઈટિંગ લિસ્ટમાં?

રસપ્રદ વાત એ છે કે પૂર્વ કેન્દ્રીય પ્રધાન નારાયણ રાણેને હજુ સુધી શપથ ગ્રહણ કરાવવામાં આવ્યા નથી. તે જ સમયે, છત્રપતિ શિવાજી મહારાજના વંશજ ઉદયનરાજે ભોસલેનું નામ પણ ચર્ચામાં હતું. જો કે, તેમને શપથ ગ્રહણ કરાવવામાં આવ્યા નહોતા.

છેલ્લા બે દિવસથી મીડિયામાં એવી ચર્ચા ચાલી રહી હતી કે પ્રફુલ પટેલના નામને અજિત પવાર જૂથે મંજૂરી આપી દીધી છે. જો કે પ્રફુલ પટેલને હજુ સુધી શપથ ગ્રહણ કરાવવામાં આવ્યા નહોતા.

એનસીપીના નેતા હાલ દિલ્હીમાં હાજર છે. દરમિયાન એવું જાણવા મળ્યું હતું કે એનસીપીને પટેલ માટે રાજ્યકક્ષાના સ્વતંત્ર પ્રભાર ખાતું આપવાની વાત હતી, જેને પટેલનું ડિમોશન ગણાવીને સ્વીકારવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો.

### કોણ છે કેન્દ્રીય કેબિનેટમાં સ્થાન મેળવનારા પ્રધાનો?

મુંબઈઃ કેન્દ્રીય કેબિનેટમાં મહારાષ્ટ્રના પાંચ સંસદસભ્યોને સ્થાન આપવામાં આવ્યું હતું. આ પાંચ સંસદસભ્યોની પસંદગી પાછળના સંભવિત કારણો અને તેમની અત્યાર સુધીની રાજકીય કારકીર્દિ વિશેની જાણકારી મેળવીએ.

### કોણ છે રક્ષા ખડસે?

રક્ષા ખડસે શરદ પવારના નેતૃત્વ હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી-એસપી)ના વરિષ્ઠ નેતા એકનાથ ખડસેની પુત્રવધુ છે. ઉત્તર મહારાષ્ટ્રમાં ભાજપ આ વખતે લોકસભાની છમાંથી માત્ર બે બેઠકો જાળવી શકી છે જ્યારે ૨૦૧૯માં આ ક્ષેત્રમાંથી પાંચ બેઠક પર ભાજપને વિજય મળ્યો હતો.

રક્ષા માટે પ્રધાનપદ એ ઉત્તર મહારાષ્ટ્રમાં ઓબીસી (અન્ય પછાત વર્ગ)નું પ્રતિનિધિત્વ પણ માનવામાં આવે છે.

રક્ષાએ જળગાંવની રાવેર લોકસભા બેઠક પર રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદ પવાર)ના તેમના નજીકના હરીફ શ્રીરામ પાટિલ સામે ૩.૩૬ લાખ મતના માર્જિનથી જીત મેળવી હતી.

રક્ષાએ તેની રાજકીય કારકિર્દી ખડસેના મૂળ ગામ કોથલીના સરપંચ તરીકે શરૂ કરી હતી. બાદમાં તેઓ જલગાંવ જિલ્લા પરિષદમાં અને મહિલા અને બાળ કલ્યાણ સમિતિના અધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

### કોણ છે પ્રતાપરાવ જાધવ?

ચાર ટર્મથી બુલઢાના સાંસદ પ્રતાપરાવ જાધવ (૬૪) તેમની પાર્ટીના સૌથી વરિષ્ઠ સાંસદ તરીકે કેન્દ્રીય કેબિનેટમાં સ્થાન માટે પસંદ કરવામાં આવ્યા છે.

૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં, તેમણે ઉદ્ધવ ઠાકરે જૂથના તેમના નજીકના હરીફ નરેન્દ્ર ખેડેકરને ૨૯,૪૭૯ના માર્જિનથી હરાવ્યા હતા.

૨૦૦૯માં પહેલીવાર સાંસદ તરીકે ચૂંટાયા તે પહેલાં તેઓ ૧૯૯૫થી સતત ત્રણ વખત મેહકરના ધારાસભ્ય હતા.

તેમણે ૧૯૯૭ અને ૧૯૯૯ની વચ્ચે તત્કાલીન મનોહર જોશીની આગેવાની હેઠળની શિવસેના-ભાજપમાં રમતગમત અને સિંચાઈ ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન બનાવવામાં આવ્યા હતા. જાધવ એક મરાઠા નેતા છે જેમને વિદર્ભમાં સમુદાયનું મજબૂત સમર્થન છે.

શિંદે કેમ્પમાં મરાઠા નેતાઓનો એક વર્ગ માને છે કે જાધવને પ્રધાનપદ મળવાથી મુખ્ય પ્રધાનને મરાઠા આંદોલનકારીઓ સાથે વાટાઘાટો કરવામાં મદદ મળશે જેઓ ક્વોટા મુદ્દે સરકાર સાથે વિવાદમાં છે.

### કોણ છે રામદાસ આઠવલે?

રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા-આઠવલે જૂથના નેતા રામદાસ આઠવલે (૬૫) રાજ્યસભાના સભ્ય છે અને અગાઉની મોદી સરકારમાં સામાજિક ન્યાય ખાતાના રાજ્ય કક્ષાના કેન્દ્રીય પ્રધાન હતા.

આઠવલેએ ૧૯૭૦ના દાયકાની શરૂઆતમાં દલિત પેન્થર ચળવળમાં ભાગ લઈને તેમની રાજકીય અને સામાજિક કારકિર્દીની શરૂઆત કરી હતી. પેન્થર ચળવળ દરમિયાન તેઓ આક્રમક ગ્રાઉન્ડ લેવલના નેતા હતા.

સત્તાધારી પક્ષોની સાથે રહેવા માટે જાણીતા આઠવલેને સક્રિય રાજકારણમાં મોટો બ્રેક મળ્યો જ્યારે મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને પીઢ નેતા શરદ પવારે તેમને ૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં મહારાષ્ટ્ર સરકારમાં કેબિનેટ પ્રધાન બનાવ્યા.

બાદમાં કોંગ્રેસે તેમને મુંબઈ અને પંઢરપુરથી લોકસભાની ટિકિટ આપી અને તેમની જીત સુનિશ્ચિત કરી. ૨૦૦૯ માં આઠવલે શિરડી મતવિસ્તારમાં હારી ગયા અને તત્કાલીન યુપીએ સરકારમાં પ્રધાનપદ માટે તેમની વિચારણા કરવામાં આવી ન હતી.

૨૦૧૪માં કેન્દ્રમાં મોદીની આગેવાની હેઠળની ભાજપ સરકાર સત્તામાં આવ્યા પછી આઠવલે નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ) માં જોડાયા અને ૨૦૧૬માં તેમને પ્રધાન બનાવવામાં આવ્યા.

તાજેતરની લોકસભા ચૂંટણીમાં એક પણ સીટ પર ચૂંટણી લડ્યા ન હોવા છતાં પીએમ મોદીએ દલિત મતદારોમાં તેમનો દબદબો જોતા તેમને પ્રધાનપદ માટે પસંદ કર્યા છે.

દલિત મતદારો વિપક્ષી ઈન્ડી ગઠબંધન તરફ સ્થળાંતર કરી રહ્યા છે તેની પૃષ્ઠભૂમિમાં આઠવલેનું સમર્થન મહત્વપૂર્ણ માનવામાં આવે છે કારણ કે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીઓ આ વર્ષે ઓક્ટોબરમાં યોજાવાની છે.

નવમા પાનાનું ચાલુ

## મેઘરાજાએ મોડી રાતે

વિભાગ મુંબઈના વૈજ્ઞાનિક સુષમા નાયરે રવિવારે મુંબઈમાં નૈર્ઋત્યના ચોમાસાનું આગમન થયું હોવાનું જણાવતા કહ્યું હતું કે મુંબઈમાં નિર્ધારીત સમય કરતાં બે દિવસ વહેલું નવ જૂનના જ ચોમાસાનું આગમન થયું છે. હવામાન વિભાગે મુંબઈમાં ૧૧ જૂન સુધીમાં ચોમાસાની આગમનની આગાહી કરી હતી.હવામાન વિભાગના કહેવા અનુસાર ચોમાસાનું આગમન થયા બાદ ૧૪ જૂન સુધી મુંબઈ અને પરિસરમાં વરસાદનું જોર રહેશે. છેલ્લા ત્રણ-ચાર દિવસથી મુંબઈગરા ગરમી અને ઉકળાટથી પરેશાન થઈ ગયા હતા. અમુક જગ્યાએ વરસાદના ઝાપટાં પ્રી-મોન્સુન શાવર પણ પડી ગયો હતો. જોકે તે નોંધપાત્ર નહોતો.

રવિવારે વરસાદ પડવાની સાથે દ તાપમાનમાં ઘટાડો થયો હતો. દિવસ દરમિયાન કોલાબામાં મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી તો સાંતાક્રુઝમાં ૩૨.૫ ડિગ્રી નોંધાયું હતું. આગામી ૪૮ કલાક દરમિયાન મુંબઈમાં ભારે વરસાદનો અંદાજો હવામાન ખાતાએ વ્યકત કર્યો છે. તો નવથી ૧૧ જૂન મુંબઈ, થાણે, રાયગઢમાં ભારે વરસાદ પડવાનો અંદાજો છે. હવામાન ખાતાના આંકડા મુજબ સાંતાક્રુઝમાં સવારના ૨૦ મિલીમીટર વરસાદ નોંધાયો હતો. તો કોલાબામાં સવારના નવ મિ.મી. વરસાદ નોંધાયો હતો. જ્યારે મુંબઈ મહાનગર પાલિકાના ઓટોમેટિક વેધર સિસ્ટમ મુજબ પશ્ચિમ ઉપનગરમાં ૧૭.૯૯ મિ.મી., પૂર્વ ઉપનગરમાં ૭.૪૪ મિ.મી. અને દક્ષિણ મુંબઈમાં ૩.૯૨ વરસાદ નોંધાયો હતો. આ દરમિયાન થાણે અને પાલઘર જિલ્લામાં શનિવારથી અનેક જગ્યાએ મુશળધાર વરસાદ પડવાનું ચાલુ થઈ હતું, તેને કારણે અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવવાની સાથે જ ઝાડ તૂટી પડવા જેવા બનાવ નોંધાયા હતા. શનિવાર સવારના ૮.૩૦ વાગ્યાથી રવિવાર સવારના ૮.૩૦ વાગ્યા સુધીના ૨૪ કલાક દરમિયાન થાણે શહેરમાં ૩૭.૦૬ મિ.મી. વરસાદ નોંધાયો હતો. થાણે પાલિકાના આંકડા મુજબ શનિવાર મોડી રાતના ૧૨.૩૦ વાગ્યાથી ૧.૩૦ વાગ્યા સુધી ૧૬.૭૬ મિ.મી. તો રવિવાર બપોરના ૩.૩૦ વાગ્યાથી ૪.૩૦ વાગ્યા દરમિયાન ૧૦.૯૩ મિ.મિ. વરસાદ નોંધાયો હતો. થાણેના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયાં હતાં. પાલઘર જિલ્લામાં પણ ભારે વરસાદ પડવાથી મુંબઈ-અમદાવાદ હાઈવે પર વસઈ હદમાં માલજીપાડા પાસે રસ્તો ધસી પડયો હતો અને તેને કારણે હાઈવે પર એક કલાકથી વધુ સમય માટે ટ્રાફિક ખોરવાઈ ગયો હતો. આ બનાવ જોકે રસ્તાની બાજુમાં પાઈપલાઈન નાખવાનું કામ ચાલી રહ્યું હોવાથી બન્યો હોવાનું દાવો સ્થાનિક પ્રશાસને કર્યો હતો. ગયા વર્ષે નબળું ચોમાસું રહ્યું હતું તેથી રાજ્યના અનેક જિલ્લામાં દુકાળજનક પરિસ્થિતિ નિર્માણ થઈ છે. પરંતુ આ વખતે હવામાન વિભાગે રાહત આપતો અંદાજો એપ્રિલમાં વ્યક્ત કર્યો હતો. મહારાષ્ટ્રમાં સરેરાશ કરતા વધુ વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે. કેરળમાં એક જૂનના બદલે ૩૦ મેના રોજ ચોમાસાનું આગમન થયા બાદ ગોવા ને કોંકણમાં પણ સમય પહેલા જ ચોમાસું દાખલ થયું હતું અને હવે મુંબઈમાં પણ બે દિવસ પહેલા જ ચોમાસાની પધરામણી થઈ છે. ૧૧ જૂનના આવનારું ચોમાસું બે દિવસ પહેલા જ આવી ગયું છે. રાજ્યમાં ચોમાસાનું આગમ બે દિવસ પહેલા કોંકણમાં થયું હતું ત્યારબાદ રાજ્યના બીજા વિસ્તારમાં થયું હતું. હવામાન ખાતાએ મંગળવાર સુધી મુંબઈ, થાણે, પાલઘર અને કોંકણમાં હળવાથી મધ્યમ વરસાદ પડવાની આગાહી કરીને યલોની સાથે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

## મુંબઈ ઍરપોર્ટ

એટીસી સ્ટાફને સસ્પેન્ડ કરી દીધા છે, જ્યાં ઇનકમિંગ ઈન્ડિગો ફ્લાઈટ રનવે ૨૭ પર ઉતરી હતી, જ્યારે એર ઈન્ડિયાની ફ્લાઈટ હજી ટેકઓફ કરી રહી હતી. ટેક ઓફ કરવાની પ્રક્રિયામાં હતી. સદનસીબે, ઈન્ડિગો એરક્રાફ્ટ જમીનને સ્પર્શે તે પહેલા જ એર ઈન્ડિયાની ફ્લાઈટ તેનો ટેક ઑફ રનિંગ સ્પેલ પૂરો કરી હવામાં અધ્ધર થઇ જઇ ટક્કર ટાળવામાં સફળ રહી હતી.

મુંબઇ એરપોર્ટ દેશનું સૌથી વ્યસ્ત એરપોર્ટ ગણાય છે. સરેરાશ દર ત્રણ મિનિટે અહીં એક પ્લેન લેન્ડ થાય છે અને ટેક ઑફ કરે છે. એર ટ્રાફિક કંટ્રોલર માટે પણ મુંબઇ એરપોર્ટના વિમાન ઉડ્ડયનનું સંચાલન ભારે કાર્યકુશળતા માગી લે છે.

## મધ્ય રેલવેમાં

ચેન્જ અને સિગ્નલ ચેન્જની પ્રક્રિયા આ સિસ્ટમ દ્વારા થાય છે, જેમાં ક્રોસ ઓવર પોઈન્ટ અને ટ્રેક સર્કિટ પણ હોય છે. ક્રોસ ઓવર પોઈન્ટ એ ટ્રેકનો તે ભાગ છે જ્યાંથી ટ્રેન એક ટ્રેકથી બીજા ટ્રેક પર જાય છે. તેની નજીક ટ્રેક સર્કિટ પણ હોય છે. જે રુટ રિલે ઇન્ટરલોકિંગને જાણ કરે છે કે ટ્રેન પસાર થઈ રહી છે. ટ્રેન પસાર થઇ ગયા બાદ સિગ્નલનો રંગ લાલ, લીલો કે પીળો થાય છે. અગાઉ, ટ્રેક સર્કિટમાંથી ટ્રેન પસાર કે તરત જ તેની પાછળ બીજી ટ્રેન તે જ ક્રોસ ઓવર પોઇન્ટ પરથી પસાર થવા માટે તૈયાર થઈ જતી હતી. નવી સિસ્ટમ લગાવ્યા બાદ હવે બીજી ટ્રેને બે ક્રોસ ઓવર પોઈન્ટ પરથી ટ્રેન પસાર થાય ત્યાં સુધી રાહ જોવી પડે છે.

## થાણે શહેરમાં

કરવામાં આવે છે, જેમાં ૧૦ ટકાનો કાપ મૂકવામાં આવ્યો છે. તેથી થાણે પાલિકાને પણ તેના વિસ્તારમાં ૧૦ ટકા પાણીકાપ લાગુ કરવો પડ્યો છે. થાણે મહાનગરપાલિકા વિસ્તારમાં મુંબઈ મહાનગરપાલિકાના સ્રોતમાંથી ૮૫ એમએલડી પાણી મળે છે. આ પાણીના જથ્થામાંથી થાણે મહાનગરપાલિકાની હદમાં નૌપાડા, પાંચપાખાડી, હાજુરી, લુઈસવાડી, રઘુનાથનગર, નામદેવ વાડી, સાઈનાથનગર, રામચંદ્રનગર-એક, કિસનનગર એક, કિસનનગર બે, શિવાજીનગર, પડવણ નગર, શિવશક્તિ નગર, કરવાલોનગર, અંબિકાનગર, જ્ઞાનેશ્વરનગર, જયભવાની નગર, કાજુવાજી, બાળકુમ પાડા નંબર એકસ લક્ષ્મીનગર, માનપાડા, કોપરી ધોબીઘાટ, ઈંદિરાનગર, આનંદનગર, ગાંધીનગર, કોપરી કનૈયા જેવા વિસ્તારમાં પાણી પુરવઠો કરવામાં આવે છે, તેથી હવે આ વિસ્તારમાં ૧૦ ટકા પાણીકાપ રહેશે.

## કોસ્ટલ રોડ

તબક્કાનું કામ ઝડપી પૂરું કરીને તેને ૧૦ જુલાઈ, ૨૦૨૪ સુધી શરૂ કરવાની પાલિકાની યોજના છે.

પાલિકાના દાવા મુજબ કોસ્ટલ રોડ (દક્ષિણ) પ્રોજેક્ટનું કામ ૯૦ ટકા વધુ પૂર્ણ થઈ ગયું હોઈ પ્રોજેક્ટમાં અંતિમ તબક્કાનું કામ ઝડપથી પૂરું કરવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટમાં મરીન ડ્રાઈવથી શરૂ થનારી બીજી અંડર ગ્રાઉન્ડ ટનલ ઉત્તર તરફ જતાં વાહનો માટે શરૂ કરવામાં આવવાની છે. મુખ્ય પ્રધાન સોમવારે આ માર્ગનું નિરીક્ષણ કરશે અને બાદમાં તેને ટ્રાફિક માટે ખોલવામાં આવશે. મંગળવાર ૧૧ જૂન, ૨૦૨૪ના સવારના સાત વાગ્યાથી રાતના ૧૧ વાગ્યા સુધી એટલે કે ૧૬ કલાક માટે રોડ ટ્રાફિક માટે ખુલ્લો રહેશે. દર અઠવાડિયામાં સોમવારથી શુક્રવાર પાંચ દિવસ તે ખુલ્લો રહેશે. શનિવાર અને રવિવાર પ્રોજેક્ટનું બાકી રહેલું કામ પૂરું કરવા માટે તેને બંધ રાખવામાં આવશે. આ અગાઉ વરલી અને મરીન ડ્રાઈવ વચ્ચેના મહત્ત્વાકાંક્ષી કોસ્ટલ રોડ પ્રોજેક્ટનો દક્ષિણ તરફનો રોડ ૧૨ માર્ચ, ૨૦૨૪ના વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. મંગળવારથી મરીન ડ્રાઈવ પરિસરથી હાજી અલી પરિસરનો ઉત્તર દિશાનો પ્રવાસ લગભગ ૬.૨૫ કિલોમીટરનો લંબાઈનો રસ્તો ખુલ્લો મુકાશે.

## દરિયામાં ભરતી

ઘટાડાને કારણે થોડી રાહત થઇ હતી.

આ વર્ષે જૂન ૨૦૨૪થી સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન ચોમાસામાં દરિયામાં મોટી ભરતી દરમિયાન સાડાચાર મીટર કરતાં પણ વધુ ઊંચાં મોજાં ઉછળશે એવું અગાઉ પાલિકા ચેતવણી આપી ચૂકી છે, તેમાંથી સાત દિવસ જૂન મહિનાના હતા. મુંબઈમાં જોકે ચોમાસાનું આગમન હજી નવ જૂનના થયું છે, તેથી પાંચ, છ, સાત અને આઠ જૂનના ચાર દિવસ દરિયામાં મોટી ભરતી હતી, એ દરમિયાન વરસાદ પડ્યો ન હોવાથી ભરતીને કારણે પાણી ભરાવા જેવી અસર વર્તાઈ નહોતી.

જૂનના અંતમાં ત્રણ દિવસ દરિયામાં મોટી ભરતી છે અને એ સમયે જો ભારે વરસાદ પડ્યો તો પાણી ભરાવાની ભારોભાર શક્યતા છે. ૨૩ જૂન રવિવારના બપોરે ૧.૦૯ વાગ્યે મોટી ભરતી હશે એ સમયે દરિયામાં ૪.૫૧ મીટરથી ઊંચાં મોજાં ઉછળશે. સોમવાર, ૨૪ જૂનના બપોરે ૧.૫૩ વાગ્યે દરિયામાં ૪.૫૪ મીટરથી ઊંચાં મોજાં ઉછળશે અને મંગળવાર ૨૫ જૂનના બપોરે ૨.૩૬ વાગ્યે ૪.૫૩ મીટરથી ઊંચાં મોજાં ઉછળશે.

પાલિકાના કહેવા મુજબ ૪.૫ મીટરથી ઉપર ભરતીને મોટી ભરતી ગણવામાં આવે છે અને ચોમાસા દરમિયાન મોટી ભરતી હોય અને મોજાં ૪.૫ મીટરથી ઊંચા ઉછળે તો તે ચિંતાનું કારણ બને છે, કારણે તેને કારણે શહેરમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં હોય છે.

ચોમાસામાં વરસાદી પાણી દરિયામાં ઠલવાતું હોય છે, પરંતુ ભરતી વખતે દરિયાનાં પાણીને શહેરમાં પ્રવેશતાં રોકવા માટે ફ્લડગેટ બંધ રાખવામાં આવતા હોય છે. પરિણામે વરસાદી પાણીનો નિકાલ એ દરમિયાન કરી શકાતો નથી. જોકે મુંબઈની ભૌગોલિક પરિસ્થિતિ એવી છે કે મધ્યમ વરસાદ હોય અને સાથે જ દરિયામાં ભરતી પણ હોય તો નીચાણવાળા વિસ્તારમાં વરસાદનાં પાણી ભરાઈ જતાં હોય છે.

ખાસ કરીને ભારે વરસાદ દરમિયાન જો દરિયામાં મોટી ભરતી હોય અને કલાકના ૫૦ મિલિમીટર કરતાં વધુ વરસાદ પડે તો વરસાદનાં પાણીની સાથે જ ભરતીને કારણે દરિયાનાં પાણી પણ મુંબઈના રસ્તા પર આવી જતાં હોય છે અને એવા સમયે મુંબઈ જળબંબાકાર થવાની શક્યતા વધી જતી હોય છે.

મુંબઈગરા હજી પણ ૨૬ જુલાઈ, ૨૦૦૫ની ભયાનક યાદોને હજી ભૂલી શક્યા નહીં હોય જ્યારે દરિયામાં ૪.૪૮ મીટરની ભરતી સાથે જ ૯૪૪ મિ.મી. જેટલો વરસાદ પડ્યો હતો અને તેને કારણે આખું મુંબઈ પાણીમાં ડૂબી ગયું હતું અને ૪૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા હતા. તો ૨૦૦૯ના વર્ષમાં શહેરમાં છેલ્લાં ૧૦૦ વર્ષની સૌથી મોટી ભરતી જોવા મળી હતી. ૨૩ અને ૨૪ જુલાઈના દરિયામાં પાંચ મીટરથી પણ ઊંચાં મોજાં ઉછળ્યાં હતાં. જોકે સદ્નસીબે એ દિવસ દરમિયાન ભારે વરસાદ નહીં હોવાને કારણે મુંબઈ પર કોઈ આફત આવી નહોતી.

### ક્યારે ભરતી આવશે

જૂન મહિનામાં સાત દિવસમાંથી ત્રણ દિવસ નીકળી ગયા છે હવે ફક્ત ત્રણ દિવસ ભરતી છે. જુલાઈ મહિનામાં ચાર દિવસ મોટી ભરતી છે, તેમાંથી બુધવાર ૨૪ જુલાઈના બપોરના ૨.૧૧ વાગે દરિયામાં ૪.૭૨ મીટરથી ઊંચા મોજાં ઉછળશે. ઑગસ્ટમાં પાંચ દિવસ મોટી ભરતી છે, તેમાંથી ૨૧ ઑગસ્ટ, બુધવારના બપોરના ૧૨.૫૭ વાગે ભરતી સમયે દરિયામાં મોજાં ૪.૮૧ મીટરથી પણ ઊંચા ઉછળશે. સપ્ટેમ્બરમાં છ દિવસ દરમિયાન મોટી ભરતી છે, તેમાંથી સમગ્ર ચોમાસાની સૌથી મોટી ભરતી ૨૦ સપ્ટેમ્બર, શુક્રવારના મધરાતે એક વાગીને ૩ મિનિટે ચાલુ થશે અને દરિયામાં મોજા ૪.૮૪ મીટરથી પણ ઊંચા ઉછળશે.

### મીરા-ભાયંદરવાસીઓ સાવધાન

મીરા-ભાયંદર પાલિકાના કમિશનર સંજય કાટકરના જણાવ્યા મુજબ શહેરની ભૌગોલિક સ્થિતિને ધ્યાનમાં રાખીએ તો ભરતીના સમય દરમિયાન જો ભારે વરસાદ હશે તો તેની અસર શહેરને થઈ શકે છે. ભરતી દરમિયાન નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાવાની શક્યતા છે. મુખ્યત્વે ઉત્તન પાસેના વિસ્તારો, ભાયંદર (પૂર્વ)માં જેસલ પાર્કથી ઘોડબંદર રોડ સુધીના વિસ્તારોને ભારે અસર થઈ શકે છે.

# જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ઘૂઘરાળા નિવાસી હાલ સાંતાક્રુઝ ડો. દિનેશભાઇ કપૂરચંદભાઇ બદાણી (ઉં. વ. ૮૫) ઘૂઘરાળા નિવાસી સ્વ. અજવાળીબેન કપૂરચંદભાઇના દીકરા. સ્વ. સરોજબેનના પતિ. સ્વ. જીવનભાઇ, સ્વ. પ્રવીણભાઇ, સ્વ. કિશોરભાઇના ભાઇ. નિમિશા અભિજીત મહેતાના પિતા. સરધાર નિવાસી હાલ કાંદિવલી સ્વ. પદ્માબેન ભૂપતરાય વોરાના જમાઇ તા. ૪-૬-૨૪ના અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

મોરબી નિવાસી હાલ મુંબઈ મીનાબેન (ઉં.વ.૫૪) તે રમેશભાઈ મહેતાના ધર્મપત્ની, મિલન તથા આરતીના માતુશ્રી, સ્વ કંચનબેન ઉદયચંદ મહેતાના પુત્રવધુ, પિયરપક્ષે ભાવનગરવાળા સ્વ. તારાબેન અમૂલખભાઈ શાહના દીકરી, ઇન્દુમતી, સુશીલા, નીલમ, મોના, ચંદ્રકાંત, નરેન્દ્ર, કિશોર તથા રાજકુમારના ભાભી. તા. ૬/૬/૨૪ના રોજ અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ગોડવાડ વીસા ઓસવાલ જૈન**

મંજુલાબેન નેમીચંદજી પુનમિયા, (ઉં.વ.૮૬) ભાયંદર નિવાસી તા. ૮.૬.૨૪ શનિવારના અરિહંતશરણ થયા છે. ઊઠમણું બન્ને પક્ષોનું સાથે તા.૧૦.૬.૨૪ સોમવારના સવારે ૧૦.૦૦ કલાકે એમના નીજી નિવાસસ્થાને રાખેલ છે. પતી નેમીચંદજી ટીકમચંદજી પુનમિયા, પુત્ર પુત્રવધુ સૌ. નીતા મનીષજી પુનમિયા, પુત્રી જમાય સૌ. તેજલ (પિંકી) પિયુષજી મોહનલાલજી મહેતા. જેઠ જેઠાણી સ્વ. નયનબેન સ્વ. મોહનલાલજી ટીકમચંદજી પુનમિયા. સ્વ. તારાબેન સ્વ. લાલચંદજી ટીકમચંદજી પુનમિયા, દીયર દેરાણી સરલાબેન સ્વ. મિલાપચંદજી ટીકમચંદજી પુનમિયા,સ્વ. પ્રમીલાબેન સ્વ. ચંપકલાલજી ટીકમચંદજી પુનમિયા, શ્રીમતી હસુમતીબેન સ્વ. બાબુલાજી દીપચંદજી પુનમિયા. પીયર પક્ષઃ પિતા સ્વ. રતનચંદજી પ્રેમચંદજી ગુગલીયા, સ્વ. હીરાબેન રતનચંદજી ગુગલીયા.

## ગાર્ડની સતર્કતાને

જનારી ટ્રેનોનું બન્ચિંગ થયું હતું, પરિણામે હાર્બર લાઈનની ટ્રેનો પણ શનિવારે ખોરવાઈ હતી. શનિવારે સવારના ૧૦.૫૪ વાગ્યાની સીએસએમટીથી ગોરેગાંવની લોકલ ટ્રેન લગભગ ૧૧.૧૫ વાગ્યાના સુમારે વડાલા રોડ પહોંચી હતી. એ વખતે સ્ટેશન માસ્ટર દ્વારા મોટરમેનને વાશીની દિશામાં લોકલ ટ્રેનને આગળ જવા માટે સિગ્નલ મળ્યું હતું. આમ છતાં મોટરમેન-ગાર્ડે એમ કર્યું નહોતું. એલર્ટ ગાર્ડે મોટરમેનને બ્રેક મારીને ટ્રેન રોકવાનો નિર્દેશ આપ્યો હતો. મોટરમેન પણ ટ્રેનને રોકવામાં સફળ રહ્યો હતો. ત્યારબાદ તેની કંટ્રોલ રૂમને જાણ કરી હતી. સ્ટેશન માસ્ટર દ્વારા મેમો આપવામાં આવ્યા પછી ટ્રેનને પાછળ લઈ જઈને ગોરેગાંવની દિશામાં રવાના કરવામાં આવી હતી. જોકે ગાર્ડ કે મોટરમેન દ્વારા કોઈ ચૂક થઈ હોત તો શનિવારે હાર્બર લાઈનમાં મોટી હોનારતનું નિર્માણ થયું હોત, એમ સૂત્રોએ દાવો કર્યો હતો.

## ... તો શનિવારે

સમયસૂચકતાને કારણે હોનારત ટળી ગઈ હતી. આમ છતાં આ બનાવને કારણે મધ્ય રેલવેમાં ટ્રેનસેવા પર ગંભીર અસર પડી હતી. શનિવારે સવારના ૧૦.૫૦ વાગ્યાના સુમારે આ બનાવ બન્યો હતો. ગૂડસ ટ્રેનની કપલિંગ છૂટી પડી જવાથી ત્રણેક કોચ ટ્રેનથી છૂટા પડી ગયા હતા. આ બનાવને કારણે કલ્યાણ-ટિટવાલા સેક્શનમાં ટ્રેનસેવા દોઢ કલાક ઠપ રહી હતી. કોલસાથી ભરેલી ગૂડસ ટ્રેન આંબિવલી અને ટિટવાલા સ્ટેશનની વચ્ચે ૫૫થી ૪૬ વેગનની કપલિંગ અચાનક નીકળી ગઈ હતી, તેનાથી ત્રણ કોચ આગળ નીકળી ગયા હતા. આ બાબતની ગાર્ડને જાણ થયા પછી ટ્રેનના લોકો પાઈલટને જાણ કરી હતી. ત્યાર બાદ ટ્રેન પર અંકુશ મેળવ્યા બાદ રોકી લેવામાં સફળ રહ્યા હતા, એમ રેલવેએ જણાવ્યું હતું. મેઈન્ટેનન્સની કામગીરી પાર પાડવામાં આવ્યા પછી બપોરના ૧૧.૫૦ વાગ્યે ગૂડ્સ ટ્રેનને વેગન જોડવામાં આવ્યા પછી ટ્રેનને નિર્ધારિત સ્થળે રવાના કરી હતી. આમ છતાં આ બનાવને કારણે બપોરથી લઈને સાંજ સુધી કર્જત-કસારા રેલવે લાઈનમાં ટ્રેનો અડધોથી પોણો કલાક મોડી દોડતા પ્રવાસીઓ માટે ટ્રાવેલ કરવાનું હાલાકીભર્યું રહ્યું હતું.

## પુણેમાં ગર્ભવતી મહિલાને

શોધવાનાં ચક્રો ગતિમાન કર્યાં હતાં. અકસ્માત શનિવારે સાંજે બન્યો હતો. આખા અકસ્માતનું હૃદય કંપાવી દે એવું દૃશ્ય સીસીટીવી કેમેરામાં કેદ થયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર શ્રદ્ધા રસ્તાની ડાબી તરફ ચાલી રહી હતી. પાછળથી પૂરપાટ વેગે આવી રહેલી કારે તેને જોરદાર ટક્કર મારી હતી. આને કારણે શ્રદ્ધા હવામાં ફંગોળાઈ હતી. અકસ્માતમાં શ્રદ્ધા ગંભીર રીતે જખમી થઇ હતી. નસીબજોક તેના ગર્ભમાંનું બાળક સહીસલામત હોવાનું ડોક્ટરોએ જણાવ્યું હતું. પોલીસે અજ્ઞાત વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

# પારસી મરણ

મણિ નોસિર મોદી તે મરહૂમ નોસિરના પત્ની. તે મરહૂમ બાચામાઇ અને મરહૂમ જહાંગીરના પુત્રી. તે મરહૂમ શાહરૂખના માતા. તે મરહૂમ બેહરોઝના સાસુ. તે રુખશદ અને દાનુષના ગ્રાન્ડ મધર. તે નરગીસ અને મરહૂમ ડેડીના બહેન. તે મરહૂમ રતનબાઇ અને મરહૂમ કેખશરૂના વહુ. (ઉં. વ. ૯૪). રે. ઠે. ૧/૪, રુસ્તમ બાગ, સંત સાવતા માર્ગ, ભાયખલા (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૨૭.

ફ્રેડી જહાંગીરજી શ્રોફ તે મરહુમ ડોશા ફ્રેડી શ્રોફના ખાવીંદ. તે મરહુમો ધન તથા જહાંગીરજી શ્રોફના દીકરા. તે એરવદ ઝુબીન શ્રોફ તથા વિરા સંજાનાના પપ્પા. તે બીનાઇફર ઝુબીન શ્રોફ ને નેવીલ મીનુ સંજાનાના સસરા. તે મરહુમો ફલી જહાંગીરજી શ્રોફના ભાઇ. તે તુશાર ઝુબીન શ્રોફ ને લીઆ ઝુબીન શ્રોફના ગ્રેન્ડ ફાધર. (ઉં. વ. ૯૫) રે. ઠે. પી.૩૮, ખુશરૂ બાગ, શહીદ ભગતસિંહ રોડ, કોલાબા-મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૦-૬-૨૪ને બપોરે ૩.૪૦ કલાકે કોલાબા ખુશરૂબાગ મધ્યે કરાની અગિયારીમાં.

પરશીશ નેવીલ મહેતા તે નેવીલ અદી મહેતાના ધણીયાની. તે મરહુમો વિરા તથા દીનશાહ સંજાના ના દીકરી. તે ઝરીર નેવીલ મહેતાના મમ્મી. તે રોશની શારૂખ કાપડીયાના બહેન. તે કાર્લ શાહરૂખ કાપડીયા ને મેહેર સાયરસ કૂપરના માસી. (ઉં. વ. ૫૮) રે. ઠે. જી-૩૫, ખુશરૂબાગ, શહીદ ભગત સિંહ રોડ, કોલાબા-મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૦-૬-૨૪ને બપોર ૩.૪૦ કલાકે કોલાબા ખુશરૂબાગ મધ્યે કરાની અગિયારીમાં.

# હિન્દુ મરણ

શેરડીના ચિ. તારાચંદ મારૂ (ઉં.વ. ૬૨) માંડવી આશ્રમમાં તા.૬-૬-૨૪ના અવસાન પામેલ છે. પુરબાઇ વેલજીના પૌત્ર. હીરબાઇ હરખચંદ વેલજીના સુપુત્ર. વિપીન, નીના, હંસાના ભાઇ. હમલા મંજલના સોનબાઇ ટોકરશીના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. ઠે. વિપીન હરખચંદ મારૂ, મોહનપુરમ સો., કાનસાઇ રોડ, ગુરૂકુલ કોલેજની બાજુમાં, અંબરનાથ (ઇ.) ૪૨૧૫૦૧.

**શી. સં. ઔ. અ. બ્રાહ્મણ**

મૂળ ગામ પસવી હાલ ઘાટકોપર નિવાસી સ્વ. ચંદ્રિકાબેન ઇચ્છાશંકરભાઇ પંડયાના પુત્ર ગીરીશભાઇ (ઉં. વ. ૮૧) તે સ્વ. ભાવનાબેનના પતિ. અનીશ, શીતલ કલ્પેશકુમાર જોશીના પિતા. નીવના નાના. સ્વ. જયંતભાઇ, સ્વ. દિનેશભાઇના ભાઇ. સસુર પક્ષે મૂળગામ માંડવી હાલ કાંદિવલીના નિવાસી સ્વ. કનકબેન રસિકભાઇ વ્યાસના જમાઇ. સ્વ. મુંજાલભાઇ, જનાર્દનભાઇ અને ગં. સ્વ. નમ્રતાબેન બકુલભાઇ શાહના બનેવી તા. ૭-૬-૨૪ શુક્રવારના કૈલાસવાસી થયેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**સિહોર સંપ્રદાય અગિયારસે બ્રાહ્મણ**

પ્રતાપરાય વિશ્વનાથ ત્રિવેદી (ઉં. વ. ૮૬) ગામ કુકડ હાલ કાંદિવલી તા. ૭-૬-૨૪ના દેવલોક પામ્યા છે. તે પુષ્પાબેનના પતિ. હરગોવિંદ કેશવજી જોશીના જમાઇ. પરસનબેન, રવિભાઇ, કુંદનબેન, વામનભાઇના ભાઇ. તરલા, આશા, સંજય, અસ્મિતા, રક્ષાના પિતા, ગિરીશભાઇ, મહેન્દ્ર, મુકેશ, કશ્યપ, ભક્તિના સસરા. વિવાનના દાદા. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. વેલબાઇ કરસનદાસ રણછોડદાસ સોમૈયા (ભગત)ના પુત્ર સ્વ. હંસરાજભાઇ (ઉં. વ. ૮૫) તે સ્વ. મંજુલાબેનના પતિ તા. ૬-૬-૨૪ ગુરુવારે શ્રીરામશરણ પામેલ છે. તે સ્વ. કાશીબેન કરસનદાસ મનજી અનમ (આટાવાળા)ના નાના જમાઇ. તે રોહિત, અભયના પિતાશ્રી. તે સ્મિતા, ભાવનાના સસરા. તે સ્વ. શામજીભાઇ, સ્વ. લક્ષ્મીકાંતભાઇના ભાઇ. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**વાલણ બ્રાહ્મણ ધંધુકા**

ગં. સ્વ. અનસુયાબેન બળવંતરાય જોશી (ઉં. વ. ૯૭) મૂળ બોડિયા નાગનેશ નિવાસી હાલ ચારકોપ, કાંદિવલી તે છલાળા નિવાસી સંતોકબેન મોહનલાલ મહેતાના સુપુત્રી. તે ગિરીશભાઇ, અરવિંદભાઇ, ક્રિષ્ણકાંતભાઇ, જયેન્દ્રબાલા, મંદાકિનીના માતુશ્રી. તે વિપુલ, હિરેન, શ્યામ જોશી, કવિતા ચંદા, તુલસી જોશીના દાદી શુક્રવાર, જૂન ૦૭, ૨૪ના અક્ષરનિવાસી થયેલ છે. પ્રાર્થનાસભા સોમવાર, જૂન ૧૦, ૨૪ના સાંજે ૫થી ૭. ઠે. બીએપીએસ શ્રી સ્વામીનારાયણ સંસ્કાર ધામ, ગોરસવાડી, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ડાઇબેન વેલજી ઠક્કર (રવાણી)ના સુપુત્ર રવિલાલ, (ઉં.વ. ૮૫), કચ્છ ગામ ભુજ હાલે મુલુંડ મુંબઇ, તા. ૦૮-૦૬-૨૪ ના શ્રી રામશરણ પામેલ છે, લીલાવતીબેન પતિ. વિરેન, અનીશ તથા સંદિપના પિતાશ્રી, સ્વ. પ્રાગજી રાઘવજી પવાણી ગામ ગોણીયાસરના જમાઈ, કાશ્મીરા, પૂજા તથા જ્યોતીના સસરાજી, સ્વ. બાબુભાઈ, ગં. સ્વ વિજયાબેન પ્રાગજી પવાણી. સ્વ. મનજીભાઈ તથા ઘનશ્યામભાઈના ભાઈ. બને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૦-૬-૨૪ ને સોમવારે સાંજે ૫ થી ૭ કાલિદાસ મેરેજ હોલ , પી. કે. રોડ , મુલુંડ-વેસ્ટ, લૌકિક વ્યવહાર બંધ છે

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

મુંબઈ નિવાસી હાલ ઉંમરગામ સ્વ. રતિલાલ રણછોડદાસ જોગીના ધર્મપત્ની ગં. સ્વ. સવિતાબેન રતિલાલ જોગી ( ઉં. વ. ૯૪ ). તે શુક્રવાર, તા. ૭/૬/૨૪ ના રોજ શ્રીજીચરણ પણ પામેલ છે. તે સ્વ. સમીર રતીલાલ જોગી, કમલેશ રતિલાલ જોગી અને વિભા શૈલેષ ગરાચના માતુશ્રી. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**લુહાર સુથાર**

સાયલા નિવાસી હાલ જોગેશ્વરી ગં. સ્વ સવિતાબેન જેન્તીભાઇ પરમાર (ઉં.વ.૮૮) તા. ૬/૪/૨૪ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. જેન્તીભાઇ શિવલાલ પરમારના ધર્મપત્ની, શશીકાંત, ધર્મેન્દ્રભાઈ, શોભનાબેન, સ્વ. ગીતાબેનના માતુશ્રી, નાનાલાલ, ચંદુલાલ, ગીતા તથા હંસાના સાસુ, દિશના દાદી. તેમની પ્રાર્થનાસભા તા.૧૦/૬/૨૪ ના રોજ ૫ થી ૭ કલાકે લુહાર સુથાર વાડી, કાર્ટર રોડ ૩, અંબા માતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ રાખેલ છે.


| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ધર્મતેજ

# અભ્યાસ કરીશું તો કળિયુગમાં પણ સતયુગનું નિર્માણ થઈ શકશે



માનસ મંથન
મોરારિબાપુ
feedback@bombaysamachar.com



કામમાં સત્યનું આચરણ કરવું. પ્રામાણિકતા છોડવી નહિ. સાંજે ઘેર પાછા આવશો ત્યારે ભાર નહિ હોય! સુખી થવું હોય તો ઘણા રસ્તા છે પણ કરવું જ નથી એને શું ? સુખી થવું હોય તો યાદ રાખજો કથાને અને કથાનાં સૂત્રોને. આખી કથા તો યાદ ન રહે પણ ઝીણો ઝીણોયે અવાજ આવે તો ય ઘણું. આ સંદર્ભમાં એક દ્રષ્ટાંત યાદ આવે છે. દક્ષિણ ભારતમાં એક મહાત્મા હતા. પૂજારી હતા. એના દીકરાને ડાકુની એક ટોળકી ઉપાડી ગઈ. બળદગાડાની વચ્ચે દબાવીને છોકરોને લઇ ગયા. લઇ જતા હતા ત્યારે આરતીનો ઘંટ વાગતો હતો. આગળ નીકળતા હતા એમ ધીમો ધીમો થતો જતો હતો એ અવાજ. પછી તો વર્ષો વીતી ગયાં. એ પૂજારીનો છોકરો એનું ગામે ભૂલી ગયો. બાપનેય ભૂલી ગયો. પોતે કોણ છે તે પણ ભૂલી ગયો. ડાકુઓની વચ્ચે ઊછર્યો તેથી કાંઈ ખબર ન રહી ૨૦ વર્ષનો થયો તો થયું કે હું અહીંનો માણસ નથી. હું બીજો છું પણ મારો બાપ ક્યાં ? મારું નામ શું ? મારું ઘર ક્યાં ? એને કંઇ સ્મરણ નથી પણ કહે છે એના મગજનાં પેલી ઘંટડીનો ઝીણો-ઝીણો અવાજ હતો એ સ્થિર થઇ ગયો. ક્યારેક આંખો બંધ કરે તો ઘંટડી વાગ્યા કરે. અને એક દિવસ ક્રાંતિકારી આ છોકરાએ ડાકુઓને વિનંતી કરી- ડાકુઓએ છૂટો મૂકી દીધો. ભલે બાપ પાસે જા. તારા દ્વારા અમે કમાણી કરી લીધી જા.

છોકરો પોતાના બાપ, ગામ, ઘરને ગોતવા નીકળે છે. એક જ સ્મૃતિ હતી એની પાસે કે ઝીણી ઝીણી ઘંટડી સંભળાતી હતી. ગામે- ગામ મંદિર હોય આરતીઓ થતી હોય તો આ છોકરો બિચારો સાંભળે પણ એને પેલા આવાજની સંજ્ઞા ન આવે. ક્યાંક તેજ નગારાં હોય, ક્યાંક તાલ જુદો.

એકાદ વર્ષ ગામડાંઓ ફર્યો. એમાં ફરતો-ફરતો પોતાનાં મૂળ પાદરમાં ગયો છે અને ત્યાંની ઝીણી ઝીણી ઝાલરું વાગી ! પોતાના પાદરના ગામમાં, પોતાનું ઘર, ગામમાં બાપ પૂજારી, જ્યાંથી પોતાનું અપહરણ થયું એ સંધ્યાની ઘંટડી વાગતાં સ્મરણ થયું. સ્મૃતિ તાજી થઇ. અવાજ વધારે પરિચિત થયો. અને વર્ષો પછી બાપ જ્યાં આરતી ઉતારતો હતો તે મંદિરમાં પગ મૂકે છે !


બાપ ! માટે તમને આજ કહેવું છે. ઝીણું-ઝીણુંએ કથાનું જો યાદ રહી જાય તો તમે પાછા ઘરે પહોંચી જશો. તમારા મૂળ મુકામે પહોંચી જશો. એનો મધુર રણકાર જો તમારા પ્રાણોમાં ઊતરી જાય તો જીવન કૃતકૃત્ય કરી દે. કળિયુગમાં સતયુગનું નિર્માણ થઇ જશે જો થોડો અભ્યાસ કરશો તો. ક્યારેક શાંતિથી બેસજો તો કથાનો રણકાર પાછો આવશે. અને એ પ્રાણમાં બેસી ગયેલી, રોપાઈ ગયેલી વસ્તુ શું ન કરી શકે ! તો એક ઘંટડીનો અવાજ તમારા કાનમાં રહી જાય તો કળિયુગમાં સતયુગનો અનુભવ વ્યક્તિગત કરી શકશે. પારિવારિક અનુભવ કરી શકશો. રાષ્ટ્રમાં સારું સ્વરૂપ લાવી શકીશું, દુનિયાની હવા બદલી શકીશું.

ધોમધખતા વૈશાખમાં પણ સુવિધાવાળા જો ઠંડું મશીન પોતાના ઘરમાં ગોઠવી દે તો ઠંડક લાગે અને વૈશાખની ખબર ન પડે એમ હું ને તે થોડાક જો અંદર ઊતરી જઈએ તો ખબર જ ન પડે કે કળિયુગ જેવું કંઈક છે. અંદર ઊતરવું જોઈએ-તો રોજ પરિવારમાં સાથે બેસી જમજો, મનની એકતા રાખજો, થોડી ભગવદ્‌ચર્ચા કરજો-ગાળો બોલવાનું બંધ કરજો. કોઈએ સરસ વાવેતર કર્યું હોય એના પર પથ્થર મૂકી દ્યો તો ઊગે નહિ. એમ હું વાવણી કરીને જાઉં છું એના ઉપર તમારી જડતાની છીપર નહિ નાખી દેતા. જડતાના પથ્થરો મૂકી દેશો તો વાંક મારો નથી, ખેતર તમે બગડ્યાં ગણાશે. મેં તો નિંદામણ કર્યું, તમારું પાણી વાવ્યું, તમારા ક્યારામાં બીજા કોઈ પાવડા ન મારી જાય એટલા માટે મહેનત કરી આઠ-આઠ દિવસ, ધ્યાન રાખજો. હવે સંભાળજો બાપ ! મારા રામાયણની ઝીણી ઝીણી ઘંટડી યાદ રાખજો.

તો કળિયુગમાં ધર્મોની ચર્ચા કરીએ છીએ ત્યારે દરવાજા નહિ બંધ કરી દેજો કે આ કાળપ્રભાવ છે. આમાં કાંઈ થાય નહિ. વ્યક્તિગત સુધારો થઇ શકે બાપ ! એમ ને એમ જો વિસ્તાર થશે તો ઘણું મોટું કામ થઇ શકે. મન ઉઘાડું હોવું જોઈએ. દરવાજા બંધ ન કરવા જોઈએ. વાસ્તવિકતાનો સ્વીકાર કરવાની હિંમત હોવી જોઈએ. જેને વાસ્તવિકતા સ્વીકારવાની હિંમત નથી એને ધર્મમાં શું યોગદાન ? એ અધ્યાત્મમાં શું ગતિ કરી શકે ? અજ્ઞાનમાં જીવવું બહુ સહેલું છે. જ્ઞાનમાં જીવવું જ અઘરું છે ! અજ્ઞાન તો ખીણ છે સપાટ ભૂમિ પર બધા બેસી શકે પણ શિખર એ જ્ઞાન છે.

વ્યક્તિગત જે કરતા હો તે પણ રાત્રે પાંચ-દસ મિનિટ સમય મેળવી ઘરનાં બધા ભેગા થઇ થોડી ભગવદ્‌ચર્ચા કરો. સંસ્કૃતિની ચર્ચા કરો. આમ કરવાથી કળિયુગમાં પણ સતયુગનો અનુભવ થશે. આખા રાષ્ટ્ર કે સમાજમાં સંભવ નથી પણ પરિવારમાં તો શરૂ કરો. ટી.વી. પર એવી ચેનલો ન જુઓ. ઘરમાં ખાન-પાન સારું રાખો. વર્તન સારું રાખો. તમારા આંગણે કથા આવી છે. રામાયણ જેવો ગ્રંથ ઘરમાં પહોંચી ગયો છે. તેથી તમારા બધાની બહુ જવાબદારી છે. કથા શું કામ ? આ બધી કથાઓની શી જરૂર છે ? કથાની પ્રાસંગિકતા શું ?એટલો મોટો ખર્ચ, વ્યવસ્થા અને છતાંય પ્રસંગ યોજે તેને

(જુઓ પાનું ૬) ▶▶



## માતા ગંગાનો પૃથ્વી પરનો અવતરણ દિવસ એટલે ગંગા દશેરા

કવર સ્ટોરી
આર. સી. શર્મા
feedback@bombaysamachar.com

એવું માનવામાં આવે છે કે ઇક્ષ્વાકુવંશના રાજા દિલીપના પુત્ર ભગીરથ પવિત્ર ગંગાને પૃથ્વી પર લાવ્યા હતા, જેમનો હેતુ તેમના પૂર્વજોને મોક્ષ અપાવવાનો હતો. કારણ કે કપિલ મુનિના શ્રાપથી રાજા સાગરના ૬૦ હજાર પુત્રો (જે ભગીરથના પૂર્વજો હતા) બળીને ભસ્મ થઈ ગયા હતા. તેમને ત્યાં સુધી મોક્ષ ન મળી શકત જ્યાં સુધી તેમના અસ્થિ ગંગામાં પધરાવવામાં ન આવત. તેથી રાજા ભગીરથે કઠોર તપસ્યા કરીને ભગવાન શિવને પ્રસન્ન કર્યા અને તેમની જટાઓમાંથી ગંગાજીને મુક્ત કરવાનું વરદાન માંગ્યું જેથી તેઓ તેમના પૂર્વજોને પ્રેતયોનિમાંથી મુક્ત કરી શકે. જે દિવસે ભગીરથ રાજા ગંગાજીને પૃથ્વી પર લાવ્યા તે દિવસે જ્યેષ્ઠ શુક્લની દસમીની તિથિ હતી. ત્યારથી આ તિથિએ ગંગા દશેરાના તહેવાર તરીકે ઉજવવામાં આવે છે.

જોકે ભારત જેવા કૃષિપ્રધાન દેશમાં ગંગા દશેરાનું મહત્ત્વ આ પૌરાણિક કથા કરતાં ઘણું વધારે છે. વાસ્તવમાં, ગંગાનું મહત્ત્વ કોઈના પૂર્વજોનો ઉધ્ધાર કરવા કરતાં ભારતના સામાન્ય લોકોને જીવનદાન આપવામાં વધુ રહેલું છે. ગંગાના મીઠા જળથી ઉત્પન્ન થતા ખોરાક પર કરોડો લોકો જીવે છે. ગંગા જેવી પવિત્ર નદીને કારણે ભારત સદીઓથી સુખી અને સમૃદ્ધ દેશ રહ્યો છે. પરંતુ ગંગાજી જેટલા આપણી અર્થવ્યવસ્થા માટે મહત્ત્વના છે, તેથી વધુ આપણી સંસ્કૃતિ માટે મહત્ત્વના છે. હકીકતમાં, ગંગા માત્ર એક નદી નથી, તે આપણા આચાર, વિચાર, જીવન અને મૂલ્યોને આકાર આપતી શક્તિ છે. આ જ કારણ છે કે હજારો વર્ષોથી ગંગા ભારતમાં આસ્થા અને વિશ્વાસની સાથે સન્માનનું પ્રતીક છે. ગંગાના જળને પાણી નહીં પણ અમૃત માનવામાં આવે છે અને માતા ગંગાને સાક્ષાત મોક્ષ આપનાર કહેવામાં આવે છે.

ભારતીય ધર્મ અને સંસ્કૃતિ બંનેમાં ગંગા દશેરાનું ખૂબ મહત્ત્વ છે. તેથી, આ દિવસે, ઉત્તર ભારતના કરોડો લોકો સૂર્યોદય પહેલા સવારે ગંગામાં સ્નાન કરે છે. આ દિવસે પવિત્ર પ્રયાગરાજમાં ઘણી ભીડ હોય છે. આવી જ હાલત ગંગાના કિનારે વસેલાં અન્ય પવિત્ર શહેરોની પણ હોય છે. આ દિવસે, લોકો ઉપવાસ કરે છે અને ગંગાજીમાં સ્નાન કર્યા પછી અથવા, જો નજીકમાં ગંગાજી ન હોય તો, પાણીમાં પવિત્ર ગંગા જળના ટીપાં ઉમેરીને સ્નાન કર્યા પછી ગરીબોને દાન કરે છે, તેમને ખવડાવે છે અને તેમના જીવનને સુખી અને સમૃદ્ધ બનાવવા માટે માતા ગંગા પાસેથી આશીર્વાદ માગે છે. ગંગા દશેરાનો તહેવાર, જે દર વર્ષે જેઠ મહિનાના શુક્લ પક્ષની દસમી તિથિએ ઉજવવામાં આવે છે, તે આ વર્ષે ૧૬ જૂન, ૨૦૨૪ ના રોજ ઉજવવામાં આવશે. વૈદિક કેલેન્ડર મુજબ, ૧૬ જૂન ૨૦૨૪ના રોજ રાતે ૨.૨૮ વાગ્યે જેઠ મહિનાના શુક્લ પક્ષની દશમી તિથિ શરૂ થશે, અને ૧૭ જૂન, ૨૦૨૪ ના રોજ સવારે ૪.૪૫ વાગ્યે સમાપ્ત થશે. પરંતુ ઉદયા તિથિ અનુસાર, ગંગા દશેરાનો તહેવાર ૧૬ જૂન ૨૦૨૪ના રોજ ઉજવવામાં આવશે.

આ વર્ષે આ દિવસે રવિ યોગ, સર્વાર્થ સિદ્ધિ યોગ અને અમૃત સિદ્ધિ યોગ રચાઈ રહ્યો છે, જે પૂજા, પાઠ, સ્નાન, ધ્યાન વગેરે માટે ઉત્તમ યોગ માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે મનુષ્યો દ્વારા જાણતા-અજાણતાં થયેલાં પાપોમાંથી મુક્તિ મેળવવા માટે ગંગા

(જુઓ પાનું ૬) ▶▶

### સાંધ્યભાષા (અધ્યાત્મભાષા)

## ‘ઉચ્છિષ્ટ’ શબ્દનો અર્થ પરબ્રહ્મ લેવામાં આવે તો આ સમગ્ર સૂક્તના અર્થની સંગતિ બરાબર બેસી જાય છે

અલૌકિક દર્શન
ભાણદેવ
bhandev@bombaysamachar.com



(ગતાંકથી ચાલુ)

અહીં ‘ઉચ્છિષ્ટ’ શબ્દનો અર્થ પરબ્રહ્મ થાય છે. કેવી રીતે?

સૃષ્ટિના પ્રારંભે સમગ્ર સૃષ્ટિ પરબ્રહ્મ પરમાત્મામાંથી પ્રગટ થાય છે. પરબ્રહ્મ પરમાત્માના એક અતિ અલ્પ અંશમાંથી આ સમગ્ર સૃષ્ટિ પ્રગટ થાય છે. પ્રગટ થયેલા અંશને ‘વિરાટ બ્રહ્મ’ અને અપ્રગટ, અવશિષ્ટ અંશને ‘પરબ્રહ્મ’ કહેવામાં આવે છે. આ અવશિષ્ટ અર્થાત્ પરબ્રહ્મ માટે આ સૂક્તમાં‘ उच्छिष्ट’ શબ્દનો પ્રયોગ થયો છે. આમ આ સૂક્તમાં ‘ઉચ્છિષ્ટ’ શબ્દનો અર્થ પરબ્રહ્મ લેવામાં આવે તો આ સમગ્ર સૂક્તના અર્થની સંગતિ બરાબર બેસી જાય છે.

આ સાંધ્યાભાષા છે.

(૨) ઉપનિષદ: ‘ઈશાવાસ્યોપનિષદ’નો એક મંત્ર છે:

अन्धं तमः प्रविशन्ति येऽविद्यामुपासते।
ततो भूय इव ते तमो य उ विद्यायाँ रताः ।।
– ઈશાવાસ્યોપનિષદ્ : ૯

‘‘જે મનુષ્ય અવિદ્યાની ઉપાસના કરે છે તે ઘોર અંધકારમાં પ્રવેશ કરે છે અને જે મનુષ્ય વિદ્યામાં રત રહે છે તે તેનાથી પણ વધુ ઘોર અંધકારમાં પ્રવેશ કરે છે.’’

અહીં આ મંત્રમાં વિદ્યા અને અવિદ્યાનો અર્થ પ્રચલિત સામાન્ય અર્થ તો નથી જ. અવિદ્યાની ઉપાસના કરનાર અંધકારમાં પ્રવેશ કરે છે તે તો બરાબર છે, પરંતુ વિદ્યાની ઉપાસના કરનાર તો તેનાથી પણ ઘોર અંધકારમાં પ્રવેશ કરે છે. આમ કેવી રીતે? આનો અર્થ એમ થયો કે અહીં વિદ્યા અને અવિદ્યાનો પ્રચલિત અર્થ છોડીને કોઈક વિશિષ્ટ અર્થ જ લેવો જોઈએ. તો જ મંત્રાર્થની સંગતિ બેસી શકશે.

અહીં અવિદ્યા એટલે કર્મ અને વિદ્યા એટલે ઉપાસના. કર્મ અને ઉપાસના એકલાંઅધૂરાં અર્થાત્ અસાર્થક છે, પરંતુ બંનેના સમન્વયથી અધ્યાત્મપથ સુકર બને છે અને સાધક પરમ પદની પ્રાપ્તિ તરફ ગતિ કરી શકે છે.

આ સાંધ્યાભાષાનો પ્રયોગ છે.

(૩) શ્રીમદ્ ભગવદ્ગીતા :

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः।। –શ્રીમદ્ ભગવદગીતાઃ ૨-૬૯

‘‘સર્વ પ્રાણીઓ માટે જે રાત્રિ છે, તેમાં સ્થિતપ્રજ્ઞ યોગી જાગ્રત રહે છે અને જેમાં સર્વ પ્રાણીઓ જાગ્રત રહે છે તે જ્ઞાની પુરુષ માટે રાત્રિ સમાન છે.’’


અહીં દિવસ અને રાત્રિનો પ્રચલિત સામાન્ય અર્થ લઈ શકાય તેમ નથી.

અહીં નિશાનો અર્થ બેભાનાવસ્થા અને તેથી ઊલટી છે જાગ્રતાવસ્થા.

(જુઓ પાનું ૬) ▶▶

## જગ્યાઓ જાગે

અલખનો ઓટલો
ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com



સૌરાષ્ટ્ર-કચ્છ-ગુજરાતના સંતસ્થાનકો વિશે અવારનવાર જુદાંજુદાં પુસ્તકો, સામયિકો કે વર્તમાનપત્રો ઉપરાંત આજે તો ફેઈસબુક, યુટ્યૂબ, વેબસાઈટ, બ્લોગ જેવાં જાહેર માધ્યમોમાં લેખો,સંતકથાઓ,સંતવાણીનાં અર્થઘટનો રૂપે અઢળક સાહિત્ય પ્રકાશિત થઈ રહ્યું છે. એમાં ઘણીવાર તો પૂરતી કે પ્રમાણભૂત માહિતીને બદલે પાર વિનાના વિગતદોષો સમાજમાં પ્રચાર-પ્રસાર પામતા હોય છે. સંતો-ભક્તો-મહંતો-મહાપુરુષોના જીવન અંગે કશી ઐતિહાસિક માહિતી સહજ રીતે ન મળતી હોય ત્યારે કેટલાક ઉત્સાહી નવોદિત લેખકો જે તે સંતપરંપરા કે સંત વિશે બનાવટી કલ્પિત ચમત્કારોથી મંડિત એવું ભ્રામક ચિત્ર ખડું કરી દે ત્યારે ભાવિ પ્રજા કે સમાજમાં ખોટી કે ગેરરસ્તે દોરનારી વિચારપરંપરા ઊભી થવાનો ભય રહે છે.

ઘણીવાર તો એકની એક ચમત્કાર ઘટના લગભગ તમામ સંત-ભક્તો સાથે જોડવાની સાથે લેખકો એ સંત કે ભક્તના સેવા, સમર્પણ, ત્યાગ, તપ, તિતિક્ષા કે જીવનસાધનાને અન્યાય કરતા હોય એવું લાગે છે. સંતોના જીવનમાં ચમત્કારના મહત્ત્વ કરતાં સેવા, સાધના અને સ્મરણનું મહત્ત્વ વધુ છે. જિંદગીભર સમાજની કુરૂઢિઓ, કુરિવાજો, વહેમો સામે લડતા આવેલા સંતો પોતાની ભક્તિ કે સિદ્ધિના રજમાત્રના પ્રચારથી અકળાતા હતા, પોતાની ખ્યાતિ ગુપ્ત રાખવા મથતા અને ક્યારેક તો જીવતાં સમાધિ પણ લઈ લેતા હતા એવા દાખલાઓ આપણે ત્યાં ઓછા નથી. ત્યારે જેને એ સંત સાથે કશો જ સંબંધ ન હોય એવી કપોળકલ્પિત દંતકથાઓ પણ આજે લેખકો અને જાહેર મંચના સંતવાણી કે ડાયરાના કલાકારો દ્વારા પ્રચાર-પ્રસાર પામતી રહે છે.

જુદાજુદા સંત-ભક્તસ્થાનકો દ્વારા જ પ્રકાશિત થતી પુસ્તિકાઓમાં પણ ઘણીવાર તો જગ્યાના મૂળ સ્થાપક સંતના જીવનસિદ્ધાંતો, મૂળ સાધના પરંપરા, ઈષ્ટ-આરાધ્ય દેવી-દેવતા, ઉપાસનાપદ્ધતિ, ગુરુ પરંપરા અને શિષ્ય પરંપરા કે વંશ પરંપરા સાથે સ્થાનકનો મૂળ પ્રમાણભૂત ઈતિહાસ આપવાને બદલે નરી ચમત્કારમૂલક કાલ્પનિક દંતકથાઓની ભરમાર જોવા મળે. સાંપ્રત આધુનિક લોકસમાજને એ સ્થાનક પ્રત્યે સાચી રીતે આકર્ષી શકાય, સંસ્થાની વિવિધ ક્ષેત્રોની સેવાકીય પ્રવૃત્તિઓનો વ્યાપ વધારી શકાય, મૂળ સનાતન ધર્મની ધર્મસાધના અને સંસ્કારોનું સિંચન કરી શકાય એવા સાહિત્યનું પ્રકાશન આજે ઘણા ઓછા પ્રમાણમાં થઈ રહ્યું છે.

કોઈપણ સંતસ્થાન કે ધર્મસ્થાનના વિકાસ માટે આજના વૈજ્ઞાનિક યુગમાં પ્રચાર-પ્રસારનાં માધ્યમોનો ઉપયોગ અનિવાર્ય બની રહે છે. પ્રાચીન સમયથી સાહિત્ય સર્જન દ્વારા- સંતવાણી કે સત્સંગ દ્વારા, પોતાના વિચારો આવા લોકસંતોએ પોતાના અનુયાયીઓ સુધી પહોંચાડ્યા છે. ભારતીય સનાતન ધર્મની દરેક શાખાઓ- શૈવ, વૈષ્ણવ, શાક્ત, સૌર, ગાણપત્ય, તંત્ર, નાથયોગ, કબીર-સંતસાધના, બીજમાર્ગી-મહાપંથ, પ્રણામી, સ્વામિનારાયણ, નિરાંત ઉપરાંત અનેક નાનામોટા પંથ-સંપ્રદાયોની સાથોસાથ જૈન, બૌદ્ધ, શીખ, સૂફી એમ તમામ ધર્મ પરંપરાઓને જાળવી રાખી છે તેમાં થયેલા તેજસ્વી સાહિત્યસર્જક સંત-ભક્ત કવિઓએ.

પોતાની વાણીમાં જે તે સંપ્રદાયનું તત્ત્વજ્ઞાન, દર્શન, સેવા, સાધના, ઉપાસના, વિચારધારાને સ્થાન આપીને આ સર્જકોએ પોતાની પરંપરાના પ્રવાહને પદો-ભજનો, આખ્યાનો, સંતકથાઓ દ્વારા આજસુધી જીવંત રાખ્યો છે. એ સમયે તો આજના વર્તમાનપત્રો, સામયિકો, પુસ્તકો, રેડિયો, ટેલિવિઝન, ફોટોગ્રાફ્સ, કેસેટ, સીડી, ફિલ્મ, મોબાઈલ, ઈન્ટરનેટ જેવાં પ્રચાર-પ્રસારનાં કોઈ જ સાધનો નહોતાં. હવે જ્યારે એક નવો જ યુગ આવ્યો છે ત્યારે દરેક જગ્યાઓના પ્રતિનિધિઓએ સજાગ રહીને જે તે સ્થાન, જગ્યા,પરંપરા વિશે પ્રકાશિત કે પ્રસારિત થયેલ-છપાયેલ કે બોલાયેલ-સાહિત્યની ચકાસણી કરીને, જુદાજુદા કવિઓ,લેખકો, કલાકારો,કથાકારો,સંશોધકો સુધી સાચો પ્રમાણભૂત ઈતિહાસ પહોંચે એ માટેના પ્રયાસો કરવા જોઈએ.

જગ્યા કે સંસ્થામાં આવનારા યાત્રાળુઓને દરેક સ્થાનનો મૂળ-સ્થાનીય ઈતિહાસ જાણવાની ઉત્કંઠા હોય છે. તેને જગ્યાના સેવાભાવી કાર્યકરો દ્વારા પ્રમાણભૂત માહિતી મળી રહે એવી ગોઠવણ પણ જરૂરી છે. આવનારા યાત્રાળુઓમાં કેટલાક જગ્યાના પરંપરાગત અનુયાયી હોય, કેટલાક માત્ર જિજ્ઞાસુ હોય, કેટલાક પ્રવાસી મનોરંજન માટે જ સહેલગાહે નીકળેલા હોય તો કેટલાક કવિ, સાહિત્યકાર, સંશોધક, કલાકાર કે કથાકાર પણ હોય. દરેકને પોતપોતાની અપેક્ષાઓ હોય. કોઈને અધ્યાત્મ સાધના માટે માર્ગદર્શન જોઈતું હોય તો કોઈ સંસારમાં દુઃખી થઈને આશરો શોધવા નીકળ્યા હોય, કોઈ તો કીર્તિદાન માટે જ આવ્યા હોય, આવા તમામ પ્રકારના યાત્રિકોને સંતસ્થાન તરફથી યોગ્ય હૂંફ મળી રહે તો જ જે તે સ્થાનકના મૂળ પુરુષની સેવા અને સાધના પ્રત્યે સાચું તર્પણ થયું ગણાય. માત્ર સદાવ્રત ખોલી દેવાથી- અન્નદાન આપવાથી આપણે એ મહાપુરુષોના ઋણમાંથી મુક્ત થઈ શકીએ તેમ નથી...

કોઈપણ પંથ કે સંપ્રદાયના પ્રચાર-પ્રસાર માટે ગુરુ પરંપરાનો ઈતિહાસ જાળવતી સંતકથાઓ, સંતચરિત્રો, પરચરિ રચનાઓ,વિતક રચનાઓમાં જે તે સંપ્રદાયના મહાપુરુષોના જીવન પ્રસંગોને અનેક પ્રકારની ચમત્કારમય ઘટનાઓ સાથે સાંકળીને રજૂ કરવામાં આવતા હોય છે. એમાં જે તે મહાપુરુષોના પૂર્વજન્મોની કથાઓ પણ જોડવામાં આવે, પૌરાણિક પ્રતાપી પાત્રો સાથે સાંકળવામાં આવે, અને એ ચરિત્રને વધુને વધુ દિવ્ય,વધુ ભવ્ય,વધુ અલૌકિક બનાવવા એમાં કાલ્પનિક ચમત્કારિક ઘટનાઓ ઉપજાવી કાઢીને અવતારી પુરુષ તરીકે એનું ગુણગાન કરવાનો જ આશય એમાં હોય. આવી મૂળ રચનાઓમાં શુદ્ધ પ્રમાણિક-પ્રમાણભૂત ઈતિહાસના કેટલાક અંશો હોય એમાં પણ પાછળથી આવનારી શિષ્ય પેઢીઓ પોતાના જાતિ-જ્ઞાતિગત સંબંધો, ગમા-અણગમા અને પોતાની વિચારધારા મુજબ ફેરફારો કરીને, પોતાના

(જુઓ પાનું ૬) ▶▶

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

| A | B |
|---|---|
| હિન્દુ | દેવળ |
| જૈન | સિનેગોગ |
| શીખ | દેરાસર |
| ખ્રિસ્તી | મંદિર |
| યહૂદી | ગુરુદ્વારા |

## ઓળખાણ પડી?

દિવ્ય હળધારી આપણા પૌરાણિક દેવની ઓળખાણ પડી? આદિ શેષનો અવતાર માનવામાં આવતા આ ભગવાન ખેતી અને ખેડૂત સાથે અનુસંધાન ધરાવે છે.



અ) જાંબુવાન બ) હલકેશ્વર
ક) વરાહ ડ) બલરામ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ નોં | ૨ ધ | ૩ પા | ત્ર | ■ | ૪ પ્ર | ૫ વ | ર્ત | ૬ મા | ૭ ન |
| ૮ ધ | મા | કો | ■ | ૯ દ | ■ | શ | ■ | ૧૦ ન | ખ |
| ૧૧ પો | લ | ■ | ૧૨ પ | ર | ૧૩ ત | ■ | ૧૪ સા | ■ | રે |
| થી | ■ | ૧૫ ન | વ | રો | જ | ■ | ૧૬ ફો | ૧૭ ઇ | બા |
| ■ | ૧૮ જ | ■ | ૧૯ ના | જ | ■ | ૨૦ ક | ■ | ૨૧ બા | જ |
| ૨૨ મ | હા | ૨૩ વી | ર | ■ | ૨૪ ફ | રિ | યા | દ | ■ |
| ૨૫ ર | જ | ત | ■ | ૨૬ નિ | ■ | યા | ■ | ૨૭ ત | ૨૮ જા |
| મ્મ | ■ | ક | ■ | ૨૯ યં | ત્ર | વ | ત | ■ | ળ |
| ૩૦ ત | ૩૧ ડ | ■ | ૩૨ ઇ | ત્ર | ■ | ર | ■ | ૩૩ લા | વ |
| ■ | ફ | ■ | ૩૪ સ | ણ | કો | ■ | ૩૫ લા | ગ | ણી |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | | ■ | ૫ | ૫-અ | ૬ |
| ૭ | | | ■ | | ■ | ૮ | | | |
| ૯ | | | | ■ | ૧૦ | ■ | | ■ | |
| ■ | ■ | | ■ | ૧૧ | | ૧૨ | ■ | ૧૩ | |
| ૧૪ | ૧૫ | ■ | ૧૬ | | | | ■ | ૧૭ | |
| ૧૮ | | | ■ | ૧૯ | | ■ | ૨૦ | ■ | ■ |
| ૨૧ | | ■ | ૨૨ | | ■ | ૨૩ | ■ | ૨૪ | ૨૪-અ |
| | ■ | ૨૫ | | ■ | ૨૬ | | ૨૭ | ■ | |
| ૨૮ | ૨૯ | ■ | ■ | ૩૦ | ■ | ૩૧ | | ૩૧-અ | |
| ■ | ૩૨ | | | | ■ | ૩૩ | | | ■ |

### આડી ચાવી

૧. વહીવટ ચલાવવાની વ્યવસ્થા (૬)
૫. બગલી (૩)
૭. ધીરજ, આશ્વાસન, ધરવું તે (૩)
૮. પીળા રંગનો દાળ-શાકનો મસાલો (૪)
૯. કકળાટ (૪)
૧૧. પંજાબી રોટી (૩)
૧૩. રહેઠાણ, ગંધ (૨)
૧૪. ---નું સિલિંડર મોંઘું થઈ ગયું (૨)
૧૬. અભણ (૪)
૧૭. તર, મલાઈ (૨)
૧૮. પ્રવાહ, વહેણ, ધાર (૩)
૧૯. ભૂલ - ઉર્દૂમાં (૨)
૨૧. સમય, ઋતુ (૨)
૨૨. ગાવાની ક્રિયા (૨)
૨૪. --- નરવા હોવું એટલે તંદુરસ્ત હોવું (૨)
૨૫. યાદગીરી, કીર્તિ, સંજ્ઞા (૨)
૨૬. વિષમ વાસના (૩)
૨૮. મોડું, દિયર (૨)
૩૧. છળકપટ, પ્રપંચ (૪)
૩૨. સાથ, સહકાર (૪)
૩૩. એક ઋતુ (૩)

### ઊભી ચાવી

૧. ભાવ --- મધ્યમવર્ગને નડે (૩)
૨. --- જયંતી એટલે ૬૦ વર્ષની ઉજવણી (૩)
૩. કાપડ વણનાર (૪)
૪. તાણેલું, સાંકડું (૨)
૫. વિપ્લવ, ક્રાંતિ (૩)
૫-અ. ઘોડા ગધેડાનું છાણ (૨)
૬. -ના કારણથી, -ને લીધે (૫)
૧૦. અપ્રત્યક્ષતા (૪)
૧૧. કસોટી કરવી (૪)
૧૨. શ્રીનાથજીનો કડક પ્રસાદ (૨)
૧૩. --- કરવી કોને ના ગમે? (૨)
૧૪. કાયદાની વિરુદ્ધ (૫)
૧૫. પ્રશ્ન (૩)
૨૦. હકાર (૧)
૨૨. સો --- ભાંગીને એક શહેર બને (૨)
૨૩. ખાલી જગ્યા, મોકો, તક (૪)
૨૪-અ. જાગને ---, કૃષ્ણ ગોવાળિયા (૩)
૨૭. રાત પછી --- પડે (૩)
૨૯. ફળોનો --- પીઓ (૨)
૩૦. દીવાની વાટ (૨)
૩૧-અ. ફરિયાદ, અરજ, શાબાશી (૨)

## ગુજરાત મોરી મોરી રે

હનુમાન ચાલીસાની ચોપાઈમાં ખૂટતો શબ્દ જણાવો.

જય હનુમાન ગુન સાગર, જય ---------- તિહું લોક ઉજાગર.

અ) રામજી બ) બજરંગ ક) કપીસ ડ) પવનસુત

## માતૃભાષાની મહેક

હૃદય એટલે હવા લેનારો અને લોહીને નાડીઓમાં ધકેલનારો છાતીમાંનો ધડકતો ભાગ, જ્યાંથી લોહી શરીરમાં ધકેલાય છે તે અવયવ. હૃદય ઊઘડવું એટલે મન ખુલ્લું કરી વાત કરવી. હૃદય પીગળવું એટલે દયા આવવી; લાગણી થવી. હૃદય ભરાઈ આવવું એટલે શોકની લાગણીથી વ્યથિત થવું. હૃદય ભેદવું એટલે અસર કરવી, મન પીગળાવી નાખવું.

## સુડોકુ-૬૦૦૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૮ | | ૨ | | ૬ | | | ૫ |
| | | ૪ | | | ૧ | | | |
| | ૯ | | | ૩ | | | | |
| ૨ | ૬ | | | ૭ | | | | ૪ |
| ૪ | | | | | | | | ૬ |
| ૩ | | | | ૬ | | | ૨ | ૯ |
| | | | | ૨ | | | ૫ | |
| | | | ૯ | | | ૭ | | |
| ૫ | | | ૭ | | ૩ | | ૯ | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૬૦૦૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૮ | ૯ | ૨ | ૫ | ૩ | ૭ | ૬ | ૪ |
| ૨ | ૭ | ૪ | ૬ | ૮ | ૧ | ૩ | ૯ | ૫ |
| ૫ | ૩ | ૬ | ૭ | ૯ | ૪ | ૨ | ૧ | ૮ |
| ૮ | ૧ | ૨ | ૩ | ૬ | ૯ | ૫ | ૪ | ૭ |
| ૩ | ૪ | ૫ | ૧ | ૭ | ૨ | ૯ | ૮ | ૬ |
| ૬ | ૯ | ૭ | ૮ | ૪ | ૫ | ૧ | ૩ | ૨ |
| ૪ | ૫ | ૮ | ૯ | ૩ | ૭ | ૬ | ૨ | ૧ |
| ૭ | ૨ | ૩ | ૪ | ૧ | ૬ | ૮ | ૫ | ૯ |
| ૯ | ૬ | ૧ | ૫ | ૨ | ૮ | ૪ | ૭ | ૩ |

## ઈર્શાદ

દશ્યની ઠેસ વાગી? હે આંખો!
તો જગતને જરા ઝીણું ઝાંખો!

-- સંજુ વાળા

## ચતુર આપો જવાબ

### અર્થ જણાવો

'મારે મહી વેચવાને જાવા મહિયારા રે...ગોકુળ ગામનાં' પંક્તિમાં મહી શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) મહિમા બ) મોતી ક) છાસ ડ) અંદર

## માઈન્ડ ગેમ

વિશેષ કરીને જૈન સાધુ - સાધ્વીઓમાં જોવા મળે છે એ સંસારની માયા - મમતાનો ત્યાગ કરી મરણપર્યંત ઉપવાસ કરી પથારીમાં પડ્યા રહેવું કયા નામથી ઓળખાય છે?

અ) અનશન બ) ખમાસણ
ક) સંથારો ડ) લોચ

## ગયા સોમવારના જવાબ

**ભાષા વૈભવ**

| | |
|---|---|
| ગીતા | હિન્દુ |
| ત્રિપિટક | બૌદ્ધ |
| ગુરુ ગ્રંથ સાહિબ | શીખ |
| આગમ | જૈન |
| બાઈબલ | ખ્રિસ્તી |

**ઓળખાણ પડી?** ગોવા

**માઈન્ડ ગેમ** રુદ્રાક્ષ

**ગુજરાત મોરી મોરી રે** સુરેશં

**ચતુર આપો જવાબ** અર્થ જણાવો શ્વેત

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડૉ. પ્રકાશ કટકિયા (૩) ભારતી પ્રકાશ કટકિયા (૪) મુલરાજ કપૂર (૫) ભારતી બુચ (૬) ધીરેન્દ્ર ઉદેશી (૭) પ્રતીમા પમાણી (૮) નીતા દેસાઈ (૯) કમલેશ મૈઠિઆ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) પુષ્પા પટેલ (૧૨) સુભાષ મોમાયા (૧૩) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૪) મહેશ સંઘવી (૧૫) શ્રદ્ધા આશર (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) વિભા મહેશ્વરી (૧૮) મહેન્દ્ર લોઢાવિયા (૧૯) પ્રવીણ વોરા (૨૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૧) લજિતા ખોના (૨૨) મીનળ કાપડિયા (૨૩) નિખિલ બંગાળી (૨૪) અમીશી બંગાળી (૨૫) ભાવના કર્વે (૨૬) કિશોર બી. સંઘરાજકા (૨૭) સુરેખા દેસાઈ (૨૮) દિલીપ પરીખ (૨૯) મનીષા શેઠ (૩૦) ફાલ્ગુની શેઠ (૩૧) નંદકિશોર સંજાણવાળા (૩૨) હરીશ મહેતા (૩૩) તાહેર ઔરંગાબાદવાલા (૩૪) શીરીન ઔરંગાબાદવાલા (૩૫) મહેશ દોશી (૩૬) રજનીકાંત પટવા (૩૭) સુનીતા પટવા (૩૮) કલ્પના આશર (૩૯) જગદીશ ઠક્કર (૪૦) જયવંત પદમશી ચિખલ (૪૧) વિણા સંપટ (૪૨) દેવેન્દ્ર સંપટ (૪૩) અંજુ ટોલિયા (૪૪) શિલ્પા શ્રોફ (૪૫) નિતીન બજરિયા (૪૬) અલકા વાણી (૪૭) ઈનાક્ષી દલાલ (૪૮) હિના દલાલ (૪૯) રમેશ દલાલ (૫૦) જ્યોત્સના ગાંધી (૫૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૫૨) નયના ગિરીશ મિસ્ત્રી (૫૩) પ્રજ્ઞા શાહ

## કવર સ્ટોરી (પાંચમા પાનાનું ચાલુ)

દશેરાનું વ્રત કરવું જોઈએ. આ દિવસે માતા ગંગા વ્રત કરનાર પર પ્રસન્ન થઈ, તમામ પ્રકારની મુશ્કેલીઓથી મુક્ત કરે છે. ગંગા દશેરાના દિવસે માતા ગંગાએ પૃથ્વી પર અવતાર લીધો હતો. તેથી આ દિવસને હરિદ્વાર, ઋષિકેશ અને કાશીમાં સાંસ્કૃતિક ઉત્સવ તરીકે ઉજવવામાં આવે છે. દિલ્હીની નજીક સ્થિત ગઢ નામના સ્થળે ગંગા દશેરાના દિવસે ભવ્ય મેળાનું આયોજન કરવામાં આવે છે, જ્યાં સ્નાન કરવા અને મેળાની મુલાકાત લેવા ઉત્તર ભારતના લોકો બહુ દૂર દૂરથી આવે છે. આ દિવસે લોકો ગંગાની રેતીમાં ઉગાડવામાં આવતાં ફળો, માટીનાં વાસણો જેમાં પાણી ઠંડુ થાય છે, પંખા, છત્રી અને અનાજનું ખાસ કરીને ગરીબોને દાન કરે છે, જેથી કરીને આ મહિનાની કાળઝાળ ગરમી સાથે જીવન જીવવું તેમની માટે સરળ બની રહે.

ભારતના ગ્રામીણ સમાજમાં ગંગા દશેરાની માન્યતા વધુ છે. ગામમાં કટોકટીના સમયે જેમણે તેમના ખેતરો કોઈની પાસે ગીરવે મૂક્યા હોય તેમના માટે, ગંગા દશેરા એ છેલ્લી તિથિ છે જ્યારે તેઓ તેમના ખેતરોને છોડાવી શકે છે. જો ગંગા દશેરા સુધી આવું ન થાય તો બીજા વર્ષ સુધી રાહ જોવી પડે છે. ગંગા દશેરાનો દિવસ ખૂબ જ સાત્વિક અને આધ્યાત્મિક દિવસ હોય છે, આ દિવસે લોકો ગંગામાં સ્નાન કરતી વખતે તેમના પૂર્વજો અને પરિવારના સભ્યો માટે પણ ડૂબકી લગાવે છે, જેથી કરીને જો તેઓ આ દિવસે ગંગા સ્નાન ન કરી શકે તો તેમને પણ તેનો લાભ મળે. ગંગા દશેરાનો તહેવાર ઉત્તર ભારતનો મુખ્ય ધાર્મિક અને સાંસ્કૃતિક તહેવાર છે જે સદીઓથી ઉજવવામાં આવે છે. ■

## માનસ મંથન (પાંચમા પાનાનું ચાલુ)

થાક નહિ. મારા મનમાં આવી રહ્યું છે, તે હું કહ્યાં કરું છું. મારા ને તમારા સંતાપનું કોઈ કારણ હોય, કારણો ઘણા છે. પરંતુ આપણી પ્રસન્નતા કાયમ નથી ટકતી, આપણે નિત્ય આનંદમાં નથી રહી શકતા, અને વસ્તુ મને ને તમને વચ્ચે વચ્ચે વિક્ષિપ્ત કરે છે. એનું કારણ શું છે ? પછી પોતાની જાતથી લઇને આખા જગત સુધી અશાંતિ, સંતાપ, સમસ્યાઓ, આ બધું જે છે તેનું એક કારણ છે. અને તે છે આપણા ચિત્તની અશુદ્ધિ. હવે, ચિત્તશુદ્ધિનાં સાધનો તો ઘણાં છે દુનિયામાં, પણ ભાગવતજીનો અભિપ્રાય છે કે ચિત્તશુદ્ધિનું પવિત્ર સાધન કોઈ હોય તો ભગવાનની કથા છે.

કથા જેટલું પવિત્ર બીજું કોઈ સાધન નથી. આ દુનિયામાં, આ જગતમાં, માનવીનાં મનને પવિત્ર કરવાની સાધના ભગવાનની કથા છે. પછી રામકથા, શિવકથા, કૃષ્ણકથા, કોઈ પણ હોય, જેમાં પરમાત્માનું ચરિત્ર હોય તે ચિત્તશુદ્ધિ કરે છે. કથા એટલા માટે આવશ્યક છે.

(સંકલન : જયદેવ માંકડ) ■

## અલખનો ઓટલો (પાંચમા પાનાનું ચાલુ)

સંપ્રદાયના સ્થાપક મૂળ પુરુષની ગુરુપરંપરાના ઉલ્લેખોની બાદબાકી કરતા રહે અને એ મૂળ પુરુષ પોતે કોઈના શિષ્ય નહોતા, કોઈની કંઠી નહોતી બંધાવી,એમના ગુરુસ્થાન કેગુરુ પરંપરાની લોકકંઠે સચવાયેલી કે સંપ્રદાયની મૂળ હસ્તપ્રતોમાં નોંધાયેલી વિગતોને બનાવટી છે એવું પુરવાર કરવા માટે નવા નવા તર્કો-ધારણાઓ, પ્રસંગો, સમય-સાલવારીનું આયોજન કરતા રહે.

સ્વાભાવિક છે કે જે તે સંપ્રદાયના કંઠીબંધ અનુયાયીઓ દ્વારા આવા બનાવટી ઈતિહાસો લખાતા રહે, પણ એવી વિચારધારા લઈને આજના સંપૂર્ણ પ્રમાણભૂત સંશોધનના વૈજ્ઞાનિક યુગમાં પણ, સાહિત્ય કે ઈતિહાસના ક્ષેત્રમાં જેમનું સ્થાન-માન -પ્રદાન એક તટસ્થ-નિષ્પક્ષ-નીડર સંશોધક તરીકેનું હોય એમના દ્વારા પણ માત્ર ને માત્ર પોતાની જાતિ-જ્ઞાતિના સંત-ભક્તની યશોગાથા વર્ણવવા માટે સંપૂર્ણ કાલ્પનિક તથ્યો અને તર્કો ઊભા કરીને બનાવટી ઈતિહાસ લખવામાં આવે એવા બનાવો આજના સમયે વધતા રહ્યા છે. એ ચિંતાનો વિષય છે. ■

## ભજનનો પ્રસાદ (સાતમા પાનાનું ચાલુ)

ગુરુવર્ય રામાનંદજી તો ઉદ્ધવજીના અવતાર ગણાય છે.' પછી નીલકંઠવર્ણીએ પોતાનો પૂર્ણ વૃત્તાન્ત કહ્યો. ભૂજથી રામાનંદજી ક્યારે પધારશે એવી સતત પૃચ્છા કરતા.

લોજ આશ્રમમાં વર્ણીજી સર્વે શિષ્યવૃંદ સાથે તમામ પ્રકારનાં સેવાકાર્યોમાં લીન રહેતા. એક વખત મુક્તાનંદજીએ કહ્યું કે 'તમે હવે ત્યાગીઓ સાથે નિવાસ કરો છો તો વેશ પણ એવો ધારણ કરો તો ઉચિત ગણાશે.' નીલકંઠવર્ણીએ હા ભણી. મુક્તાનંદજીએ એમના કેશ ઉતરાવી લેવાની વ્યવસ્થા કરી. પહેરવાનાં-ઓઢવાનાં વસ્ત્રો, મસ્તકે બાંધવાનું કપડું વગેરે ધારણ કરાવ્યાં. અને સરજૂદાસ એવું નામકરણ કર્યું. મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં નવેક માસ રહ્યા. ગોસેવા, અતિથિસત્કાર, સદાવ્રત, સેવાપૂજા-શ્રમકાર્યમાં જ વ્યસ્ત રહેતા અને રામાનંદજીને પ્રત્યક્ષ-સાક્ષાત્ મળવાની ઉત્કંઠા વ્યક્ત કરતા રહેતા.

મુક્તાનંદજીએ એક પત્ર દ્વારા નીલકંઠવર્ણી-સરજૂદાસની બધી વિગતો આલેખીને રામાનંદ સ્વામીને પાઠવી. પ્રત્યુત્તર રૂપે મુક્તાનંદજીને રામાનંદ સ્વામીનો સ્નેહાશિષ સભર પત્ર મળ્યો. (ક્રમશઃ) ■

## ગીતા મહિમા (આઠમા પાનાનું ચાલુ)

લગાડવું હોય તો એક વાર ન્યાયવેદાંતનાં શાસ્ત્રોને જોવાં જ રહ્યાં.

આમ, સાચી બુદ્ધિમત્તા સંસ્કૃતિના ખંડનમાં નહીં પરંતુ તેના જતનમાં છે. તે જ સાચું જ્ઞાન છે. એટલે જ સંસ્કૃતિના રક્ષક અને પરંપરાના નિર્વાહક મહાપુરુષોને લોકો બુદ્ધિશાળી નહીં પરંતુ જ્ઞાની કહે છે.

સંયુક્ત રાષ્ટ્ર સંઘ (UNO) દ્વારા તારીખ ૨૯/૮/૨૦૦૦ના રોજ World Peace Summit નું આયોજન થયેલું. આ સભામાં વિશ્વના ૫૪ દેશોમાંથી ૧૮૦૦ ધર્મગુરુઓએ ભાગ લીધો હતો. વિશ્વના પ્રમુખ ધર્મ-સંપ્રદાયોના પ્રતિનિધિઓને સભાને સંબોધવા માટે આમંત્રિત કરાયેલા, જેમાં સનાતન હિંદુ ધર્મનું વૈશ્વિક પ્રતિનિધિત્વ પ્રમુખસ્વામી મહારાજે કર્યું હતું.

સનાતન સંસ્કૃતિ અને પરંપરામય વેશભૂષા હોય કે પછી પ્રવચનની ગુજરાતી ભાષા હોય, વૈદિક મંત્રગાન હોય કે પછી ભગવાનની ચલ મૂર્તિનું અખંડ સાંનિધ્ય હોય, સ્વામીજીના માધ્યમથી યુનોની આ સભામાં ભારતીયતા પ્રતિષ્ઠિત થઈ ગઈ.

જે જ્ઞાની મહાપુરુષોની એક મુલાકાતથી યુનો જેવી શ્રેષ્ઠ સંસ્થાના જનરલ સેક્રેટરી કોફી અન્નાન પણ પ્રશંસક થઈ જતા હોય તેમની પરંપરાને કોઈ પછાત કહી શકે? ના, ખરેખર આ તો આપણા બહુમુખી વિકાસનો આધાર છે. ■

## વિશેષ (આઠમા પાનાનું ચાલુ)

શિવકથાકાર શ્રી બટુક વ્યાસ પણ પધાર્યા હતા. આ મહાનુભાવોએ આ સમગ્ર કાર્યને આશીવર્ચન આપતા સંબોધનો કર્યા હતા.

યોગેશભાઈ કહે છે કે કોઈ પણ કલ્યાણકારી કાર્યમાં ધન માગો તો મળી રહે છે પણ મંત્ર લખવાનું કાર્ય આપીએ તો ઘણા સમય નથી મળતો એવું બહાનું કાઢે છે.

ધન કઢાવવા કરતાં પણ વ્યક્તિને મંત્ર લેખન માટે પ્રેરિત કરવો એ અઘરું કાર્ય છે અને આજે આ કાર્ય શિવકૃપાથી જ સંપન્ન થયું છે તેનો આનંદ છે. મંત્ર એક વાર લખાતો હોય પણ એ પૂરો લખાય ત્યાં સુધી ચાર પાંચ વાર તેનું ઉચ્ચારણ થતું હોય છે. જેથી લખનારને પાંચગણુ ફળ મળતું હોય છે. આ ૧૪૦ કરોડ મંત્રોની પોથી હાલ વલસાડમાં શ્રી બટુક વ્યાસના નિવાસ્થાન પર રાખવામાં આવી છે અને આ મંત્ર મંદિરનો ભવિષ્યમાં ખૂબ જ ઉત્કૃષ્ટ કાર્યોના માર્ગે ઉપયોગ થશે તેમ તેમણે જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે અગાઉ યોગેશભાઈએ તેમના વતનમાં શિવકથાનું અદ્ભુત આયોજન કર્યું હતું જયાં બટુક વ્યાસજીની છત્રછાયામાં તેત્રીસ ફૂટ ઊંચાં રુદ્રાક્ષ થી મઢેલા શિવલિંગની રચના કરવામાં આવી હતી.

આ શિવલિંગ પર જળાભિષેક કરવા દાદર અને લિફ્ટની વ્યવસ્થા કરવામા આવી હતી. લિમ્કા બુક ઓફ રેકોર્ડમાં પણ આ સિદ્ધિની નોંધ લેવામાં આવી છે.

શિવ એટલે જ કલ્યાણ. યોગેશભાઈ કોઈ પણ શિવ અર્થાત કલ્યણકારી કાર્યોમાં કોઈ પણ અહમ વગર સતત રચ્યા પચ્યા રહે છે જે આજની પેઢી માટે ખરેખર પ્રેરણારૂપ છે. ■

## અલૌકિક દર્શન (પાંચમા પાનાનું ચાલુ)

સામાન્ય પ્રાણીઓ-મનુષ્યો અધ્યાત્મ અર્થાત્ ભગવત્પથ પ્રત્યે બેભાન છે, વિમુખ છે. તેમના માટે તે રાત્રિ છે, પરંતુ તેમાં અર્થાત્ અધ્યાત્મ-ભગવત્પથ પ્રત્યે યોગીપુરુષ જાગ્રત અર્થાત્ અભિમુખ રહે છે. યોગીપુરુષ ભોગથી વિમુખ રહે છે, તે તેના માટે રાત્રિ સમાન છે. આ ભોગ પ્રત્યે સામાન્ય પ્રાણીઓ-મનુષ્યો જાગ્રત અર્થાત્ અભિમુખ રહે છે, તેમના માટે તે જાગૃતિકાળ છે.

રાત્રિ, જાગૃતિકાળ (દિવસ) આદિ શબ્દોનો પ્રચલિત અર્થ છોડીને અહીં અધ્યાત્મપરક વિશિષ્ટ અર્થ લેવામાં આવેલ છે.

આ સાંધ્યભાષાનો પ્રયોગ છે.

**(૪) નાથસંપ્રદાયઃ**

નાથસિદ્ધોની અને વિશેષતઃ ગોરખનાથની વાણીમાં સાંધ્યભાષાના અપરંપાર પ્રયોગો જોવા મળે છે. અહીં નમૂનારૂપે એક પ્રસ્તુત છેઃ

गगन मंडलमें ऊँधा कूँवा तहां अमृतका बासा ।
सगुरा होइ सु भरिभरि पीवै निगुरा जाइ पियासा ।।

ગગનમંડલ એટલે શિર અને ઊંધો કૂવો એટલે બ્રહ્મરંધ્ર. આ કૂવામાં અમૃત છે. અમૃત એટલે શિવતત્ત્વ. ગુરૂપદિષ્ટ માર્ગે સાધના કરવાથી આ શિવરૂપી અમૃતનું ભરપૂર પાન કરી શકાય છે અને નૂગરા તરસ્યા જ રહે છે.

આ નાથસંપ્રદાયની સાંધ્યભાષા છે.

**(૫) વજ્રયાનઃ**

તિબેટમાં પ્રચલિત બૌદ્ધ ધર્મ તે વજ્રયાન છે. વજ્રયાન છે. વજ્રયાનનું સાહિત્ય તિબેટિયન ભાષામાં છે, પરંતુ તેમાં સાંધ્યભાષાના ભરપૂર પ્રયોગો થયા છે.

**(૬) સહજયાનઃ**

હીનયાન, મહાયાન અને વજ્રયાન પછી ફરીથી ભારતમાં પાછા આવેલા બૌદ્ધ ધર્મની ચતુર્થ ધારા તે સહજયાન છે. સહજયાનમાં પણ સાંધ્યભાષાના પ્રયોગો છે. તેનું સાહિત્ય વિશેષતઃ જૂની બંગાળીમાં છે.

(૭) તંત્રશાસ્ત્રઃ તંત્રશાસ્ત્રનું સાહિત્ય તો આવા સાંધ્યભાષાના પ્રયોગોથી ભરપૂર છે. સાહિત્ય સંસ્કૃત અને પ્રાચીન હિન્દીમાં છે.

વામતંત્રમાં પાંચ 'મ'કારની અવધારણા બહુ પ્રચલિત છે. માંસ, મદિરા, મૈથુન, મત્સ્ય અને મુદ્રા- આ પાંચ મકાર છે. આ પાંચનો પ્રચલિત સ્થૂળ અર્થ લેવાનો નથી. સૂક્ષ્મ, સાંકેતિક અર્થ જ યથાર્થ છે. આ પાંચ મકારનો સ્થૂળ અર્થ લેવાથી આ સંપ્રદાય બદનામ થઈ ગયો અને અનેક સાધકો અવળે રવાડે ચડી ગયા છે. અહીં સૂક્ષ્મ, સાંકેતિક અર્થ જ લેવાનો છે. આ સાંધ્યભાષા છે.

માંસ એટલે શિરસ્થ અમૃત.

મદિરા એટલે ધ્યાનનો આનંદ.

મત્સ્ય એટલે જાગ્રત થયેલી કુંડલિની.

મુદ્રા એટલે શરીર-પ્રાણ-મનની એક યોગાનુકૂલ વિશિષ્ટ અવસ્થા.

આ રીતે સૂક્ષ્મ અર્થ લઈને યોગી અધ્યાત્મપથ પર અગ્રેસર થાય છે. તેમ ન થાય તો પતનનો માર્ગ છે.

આ સાંધ્યભાષા છે.

**(૮) પ્રાચીન ઈજિપ્તઃ**

પ્રાચીન ઈજિપ્તમાં શબ્દ અને મૂર્તિ બંને માધ્યમથી સાંધ્યભાષાના પ્રયોગો થયા છે. દા.ત. સ્ફિંક્સ તેના વિશે આપણે બહુ જાણતા નથી.

**(૯) આલવાર આદિ તમિલ સંતોઃ**

આલવાર આદિ તમિલ સંતોની વાણીમાં સાંધ્યભાષાના પ્રયોગો થયા છે. તેનું સાહિત્ય પ્રાચીન તમિલભાષામાં છે.

તમિલ વેદ 'કુરુલ' આવા સાંધ્યભાષાના પ્રયોગોથી ભરપૂર છે.

**(૧૦) પુરાણકથાઓઃ**

આપણી પુરાણકથામાં સાંધ્યભાષાના અપરંપાર પ્રયોગો જોવા મળે છે. થોડા અહીં પ્રસ્તુત છે.

કથાનો રસ જળવાઈ રહે અને રહસ્યની કથા પણ કહેવાઈ જાય એવી સાંધ્યભાષાનો પુરાણકારે ઉપયોગ કર્યો છે.

(i) ભગવાન વિષ્ણુનું વાહન ગરુડ છે. ગરુડ ગગનવિહારી અને ઊર્ધ્વગતિમાન અને તીવ્રગતિમાન પક્ષીરાજ છે. વિષ્ણુવાહન તરીકે ગરુડના પગમાં સર્પ છે.

ગરુડની ઉર્ધ્વગતિ દ્વારા પ્રાણ અને ચેતનાની ઊર્ધ્વગતિ સૂચિત થાય છે. સર્પ પ્રાણ અને ચેતનાની નિમ્નગતિનું પ્રતીક છે. નિમ્નગામિની ચેતના (સર્પ)ને નિયંત્રણમાં લઈને ઊર્ધ્વગામિની ચેતના (ગરુડ) જ્યારે ઊર્ધ્વગતિ કરે છે ત્યારે તેના પર ભગવાન વિષ્ણુ આરૂઢ થાય છે, અર્થાત્ તે ચેતનામાં વિષ્ણુતત્ત્વ પ્રગટ થાય છે.

જુઓ! સાંધ્યભાષાનું સામર્થ્ય જુઓ!

(ii) બ્રહ્માજી અને સરસ્વતીઃ

કથા આ પ્રમાણે છેઃ

એક વાર બ્રહ્માજી પોતાની પુત્રીનું સૌંદર્ય જોઈને કામવશ થયા. કામવશ બ્રહ્માજી પોતાની પુત્રી સરસ્વતી સાથે કામક્રીડા કરવા તત્પર થયા. પુત્રી સરસ્વતી પિતા બ્રહ્માજીનો કામભાવ અને તેમની કામક્રીડાની ઈચ્છાને સમજી ગયાં.

'બ્રહ્માજી મારા પિતા છે, છતાં મારા પ્રત્યે આવો કામભાવ રાખે છે અને આવુ નિંદ્ય કર્મ કરવા તત્પર થયા છે તે ઉચિત નથી.'- આમ વિચારીને સરસ્વતીજી લજ્જિત થઈ ગયાં. પોતાનું શિયળ બચાવવા સરસ્વતીજી મૃગલીનું સ્વરૂપ ધારણ કરીને નાસવા લાગ્યાં. કામાતુર બ્રહ્માજી આ સ્વરૂપને ઓળખી ગયા અને પોતે મૃગનું સ્વરૂપ ધારણ કરીને તેની પાછળ દોડવા લાગ્યા. શિવજીએ બ્રહ્માજીનો આવો નિંદ્ય વ્યવહાર જોયો. શિવજીએ વિચાર્યું કે બ્રહ્માજી સૃષ્ટિના સર્જક છે અને ધર્મના પ્રવર્તક હોવા છતાં આવું નિંદ્ય આચરણ કરે છે, તેથી તેમને અવશ્ય રોકવા જોઈએ. મહાદેવજીએ બ્રહ્માજીએ રોકવા માટે પોતાનું પિનાક ધનુષ્ય ઉપાડ્યું અને તેમાંથી એક બાણ બ્રહ્માજી પાછળ છોડ્યું. આ જાણીને મૃગરૂપે રહેલા બ્રહ્માજી અતિશય લજ્જિત થયા અને લજ્જાને કારણે પીડા પામ્યા.

બ્રહ્માજી આકાશમાં મૃગશીર્ષનક્ષત્રસ્વરૂપે પ્રતિષ્ઠિત થયા અને શિવજીનું બાણ આકાશમાં આર્દ્રાસ્વરૂપે પ્રતિષ્ઠિત થયું. આ બંને આજ સુધી આકાશમાં પ્રતિષ્ઠિન છે.

આ કથાને તેના સ્થૂળ શાબ્દિક અર્થમાં કદી ન લઈ શકાય! સૃષ્ટિના પિતા બ્રહ્માજી આટલી નિમ્ન ભૂમિકાએ જાય તેમ બની ન શકે.

બ્રહ્માજી સૃષ્ટિના રચયિતા છે. બ્રહ્માજીએ સૃષ્ટિરચનાના પ્રથમ તબક્કે જે તત્ત્વ ઉત્પન્ન કર્યું તેને અહીં સાંકેતિક ભાષામાં-કથાશૈલીમાં તેમની પુત્રી સરસ્વતી કહેવામાં આવેલ છે. બ્રહ્માજી તેના સર્જક હોવાથી પિતા ગણાય.

આ પ્રથમ તત્ત્વ દ્વારા અર્થાત્ તેના માધ્યમથી બ્રહ્માજી હવે દ્વિતીય તબક્કાની અન્ય સૃષ્ટિની રચના કરવા તત્પર થયા છે. જેમ પુરુષ સ્ત્રીના માધ્યમથી સંતાન ઉત્પન્ન કરે છે, તેમ બ્રહ્માજીએ પ્રથમ તત્ત્વ અર્થાત્ સરસ્વતીના માધ્યમથી અન્ય સૃષ્ટિની રચના કરી છે.

પ્રથમ તબક્કાની સૃષ્ટિરચના દરમિયાન જે તત્ત્વ સંતાનની ભૂમિકામાં છે તે જ તત્ત્વ આ દ્વિતીય તબક્કાની સૃષ્ટિ રચના દરમિયાન માધ્યમની ભૂમિકા અર્થાત્ પત્નીની ભૂમિકા ભજવે છે તેમ સાંકેતિક ભાષામાં, પૌરાણિક કથાશૈલીમાં કહી શકાય.

ઉત્પત્તિના પ્રથમ તબક્કામાં જે પુત્રીસ્વરૂપ છે તે દ્વિતીય તબક્કામાં પત્નીરૂપ બને છે.

બ્રહ્માજી કામક્રીડા માટે તત્પર થયા તેનો અર્થ છે બ્રહ્માજી દ્વિતીય ભૂમિકાની સૃષ્ટિ રચના માટે તત્પર થયા. કામક્રીડા એટલે સર્જનપ્રક્રિયા તેવો અર્થ અહીં અભિપ્રેત છે. કામક્રીડા પણ વસ્તુતઃ સર્જનની જ પ્રક્રિયા છે.

સમગ્ર કથાનો અર્થ આમ કરવો જોઈએ : બ્રહ્માજી પોતાની પુત્રી સાથે કામક્રીડા માટે તત્પર થયા એટલે બ્રહ્માજી પોતે ઉત્પન્ન કરેલ પ્રથમ તત્ત્વના માધ્યમ દ્વારા દ્વિતીય ભૂમિકાનું સર્જન કરવા તત્પર થયા.

આ છે સાંધ્યભાષા. (ક્રમશઃ)■

મનન

હેમુ-ભીખુ
feedback@bombaysamachar.com

**અસત્ય એટલે અજ્ઞાનની સ્વીકૃતિ જ્યારે સત્ય એટલે જ્ઞાનનો પ્રાદુર્ભાવ. અસત્ય એટલે મિથ્યા તરફની ગતિ અને સત્ય એટલે વાસ્તવિકતાની પ્રતીતિ. અસત્ય એટલે ઈશ્વરની ઈચ્છાનો તિરસ્કાર અને સત્ય એટલે ઈશ્વરના સ્વભાવની સ્વીકૃતિ**

# અસત્યો માંહેથી...



અસત્ય અને જૂઠમાં અંતર છે. અસત્ય એ સત્યથી વિપરીત ઘટના છે જ્યારે જૂઠ એક અલાયદું અસ્તિત્વ છે. અસત્ય બોલવા માટે સત્યની જાણકારી હોવી જોઈએ જ્યારે જૂઠ માટે એવી કોઈ શરત નથી. અસત્ય એ સત્યના વિરોધ સમાન છે જ્યારે જૂઠ સ્વયંનું વિધાન છે. અસત્યના પ્રાદુર્ભાવ માટે સત્યનું હોવું જરૂરી છે જ્યારે જૂઠ સ્વયંભૂ છે. અસત્યમાંથી અ નીકળી જતાં સત્ય સ્થાપિત થાય. તેથી જ અસત્ય તરફથી સત્ય તરફ જઈ શકાય. કદાચ, જૂઠ તરફથી સત્ય તરફનો માર્ગ હજુ સુધી સ્થાપિત નથી થયો.

ભગવદ્ ગીતામાં જણાવ્યા પ્રમાણે જે બ્રહ્મ છે તેને નથી સત કહી શકાતું કે નથી અસત કહી શકાતું. ગીતાનું આ એક મહાન વિધાન છે. તેનાથી ઘણી વાત સ્પષ્ટ થાય છે.

એક સમજ પ્રમાણે ઈશ્વર સત્ય સ્વરૂપ છે. જો ઈશ્વર અને સત્યનો સમન્વય હોય તો અસત્યના અસ્તિત્વનો આધાર કયો, એ પ્રશ્ન થઈ શકે. જો અસત્યની ઉત્પત્તિ તે પરમ તત્ત્વ થકી ન હોય તો ભિન્ન પ્રકારના અસ્તિત્વ માટે ભિન્ન પ્રકારની શક્તિ પ્રવર્તમાન હોવી જોઈએ તેમ માનવું પડે. આ સમજ આગળ વધારતા દોષ ઊભો થાય. સૃષ્ટિના દરેક તત્ત્વ, સૃષ્ટિના દરેક સર્જનનો આધાર તે પરમ તત્વ જ હોય. તો પછી સત્ય પણ તેના થકી જ ઉદ્‌ભવ્યું છે અને અસત્ય પણ. તેથી તે સત્ય પણ છે અને અસત્ય પણ.

છતાં પણ સત્યનો મહિમા છે, અસત્યનો નહીં. અસત્યથી સત્ય તરફ જવાની ખેવના રાખવામાં આવે છે. અસત્યની સરખામણીમાં ઈશ્વરને સત્ય તત્વનો આગ્રહ હોવો જોઈએ. એમ કહી શકાય કે સત્ય સાથે ઈશ્વરને વધારે અનુકૂળતા રહે છે. આની પાછળના કારણો સમજવા સહેલા છે.

જ્યારે પણ સત્ય કહેવામાં આવે ત્યારે આપોઆપ ઘણી નકારાત્મક બાબતોનો છેદ ઊડી જાય છે. કહેવાય છે કે સુવર્ણ - કંચન વડે સત્ય ઢંકાઈ જાય. આમ તો કામિની અને કીર્તિ માટે પણ તેમ કહી શકાય. પણ આવું ત્યારે જ થાય કે જ્યારે હક વિનાનું મેળવવાની ઈચ્છા હોય. વ્યક્તિ અસત્ય ત્યારે જ બોલે જ્યારે તે પાછળ તેનો કોઈ સ્વાર્થ હોય. સત્ય બોલનાર વ્યક્તિ તે પ્રકારના સ્વાર્થથી મુક્ત થઈ જાય છે.

અસત્ય બોલનાર વ્યક્તિ પોતાની વાત સ્થાપિત કરવા પ્રયત્ન કરતો હોય તેમ જણાય છે. આ પ્રકારની ચેષ્ટા પાછળ અહંકાર કાર્યરત હોય. સત્ય બોલનાર વ્યક્તિ આ પ્રકારના અહંકારથી પણ મુક્ત થાય છે. જો અસત્ય માત્ર ટેવને કારણે બોલવામાં આવે તો એમ કહેવાય કે આ પ્રકારની ટેવ પાછળ વિપુલ માત્રામાં વ્યક્તિગત મહેચ્છા રહેલી હોય. આ તો વધુ જોખમી પરિસ્થિતિ કહેવાય. એ વાત તો સામાન્ય બુદ્ધિથી પણ સમજી શકાય કે અસત્ય બોલનાર વ્યક્તિ ચોક્કસ પ્રકારના ફળની આશા રાખતો હોય. અસત્ય થકી એ ચોક્કસ પરિણામની અપેક્ષા રાખે. નિષ્કામ કર્મના સિદ્ધાંતની વિરુદ્ધની આ વાત થઈ. કર્મ તો ધર્મ તરીકે ફળની આશા વગર આચરવાનું હોય. અસત્ય બોલનાર માટે એ શક્ય ન હોય.

અસત્ય બોલવા પાછળ નકારાત્મક ભાવના હોય જ. તેથી જ સત્યનો આગ્રહ રાખવામાં આવે છે. કોઈપણ પ્રકારની નકારાત્મક ભાવના ન હોવાને કારણે સત્ય સાથે પવિત્રતા અને નિર્દોષતા સંકળાય છે. સત્ય નિષ્પક્ષ છે. સત્ય સ્વયં સ્થિત છે. સત્ય બોલનાર વ્યક્તિએ શું બોલાયું છે એ યાદ નથી રાખવું પડતું.

મહાભારતના યુદ્ધમાં યુધિષ્ઠિર દ્વારા દ્રોણને નિશસ્ત્ર કરવા માટે અસત્ય બોલવું પડેલું. ધર્મની સ્થાપના માટે આ જરૂરી હતું અને શ્રીકૃષ્ણ દ્વારા તેનું સૂચન કરાયેલું. અહીં બે બાબતો સ્થાપિત થાય છે. એક, ધર્મની સ્થાપના માટે અમુક માત્રામાં અસત્યની સ્વીકૃતિ હોઈ શકે. બીજું, સમગ્ર સમાજના લાભ માટે કોઈ એક વ્યક્તિએ પોતાના સિદ્ધાંતમાં બાંધછોડ કરવી પણ પડે. એમ જણાય છે કે લાંબા ગાળામાં ધર્મની સ્થાપના વધુ અગત્યની છે. જો સત્ય અને ધર્મ એક જ તરફ હોય તો તે આદર્શ સ્થિતિ ગણાય - આ માટે રામાયણનું ઉદાહરણ આપી શકાય.

સૃષ્ટિ ચોક્કસ નિયમોને આધારે ચાલે છે. આ નિયમો એટલે જ સત્ય. આંબાના વૃક્ષ ઉપર કેરી આવે તે સત્ય, અને આ વૃક્ષ પાસે દાડમની અપેક્ષા રાખવી એટલે અસત્ય. એકવાર એમ જણાય કે આંબાના વૃક્ષ પાસેથી દાડમ મેળવી પણ શકાય, પરંતુ આ સ્થાનિક ઘટના હોઈ શકે. સૃષ્ટિના ફલક ઉપર કોઈપણ સ્થાને આંબાના વૃક્ષ તરફથી કેરી જ મળે. જ્યાં કોઈ અપવાદ તરીકે દાડમ મેળવવાના સફળ પ્રયત્ન પણ થયા હોય ત્યાં સમય જતાં તે આંબાનું વૃક્ષ ફરીથી કેરી જ આપવા માંડે. અહીં કેરી એ સૃષ્ટિનો નિયમ છે, સત્ય છે, જે લાંબા સમયગાળામાં ફરીથી સ્થાપિત થાય જ. અંતે સૃષ્ટિના નિયમનો જ વિજય થાય, અંતે સત્ય જ વિજયી બને.

સૃષ્ટિના નિયમ સાથે ચાલવા માટે, આ નિયમ સાથે સંકળાયેલ સત્યને અનુસરવા માટે, આવા અનુસરણથી અહંકાર તથા સ્વાર્થથી મુક્ત થવા માટે, અસત્યથી સત્ય તરફનું પ્રયાણ જરૂરી છે. પ્રતિકાત્મક રૂપે અસત્ય એટલે અંધકાર અને સત્ય એટલે પ્રકાશ. અસત્ય એટલે મૃત્યુ અને સત્ય એટલે અમૃતની પ્રાપ્તિ. અસત્ય એટલે આસુરી સંપત્તિનું પ્રાધાન્ય અને સત્ય એટલે દૈવી ગુણોનું પ્રભુત્વ.


અસત્ય એટલે અજ્ઞાનની સ્વીકૃતિ જ્યારે સત્ય એટલે જ્ઞાનનો પ્રાદુર્ભાવ. અસત્ય એટલે મિથ્યા તરફની ગતિ અને સત્ય એટલે વાસ્તવિકતાની પ્રતીતિ. અસત્ય એટલે ઈશ્વરની ઈચ્છાનો તિરસ્કાર અને સત્ય એટલે ઈશ્વરના સ્વભાવની સ્વીકૃતિ. અસત્ય એટલે જડતાનું પ્રતિબિંબ અને સત્ય એટલે વૈશ્વિક ચેતનાનો સ્વીકાર. અસત્ય એટલે વ્યક્તિગતતા જાળવી રાખવાની ચેષ્ઠા અને સત્ય એટલે સમગ્ર સાથેનું જોડાણ. અસત્ય એટલે સાંયોગિક સાનુકૂળતા અને સત્ય એટલે યોગ્યતાની સાબિતી માટેની પરીક્ષા. અસત્ય એટલે અપૂર્ણતાની સ્વીકૃતિ અને સત્ય એટલે પૂર્ણતા સાથે પૂર્ણ જોડાણ. અસત્ય એટલે હું અને સત્ય એટલે બ્રહ્મભાવ.

અસત્ય અનેક અને અનેક પ્રકારે હોવાની સંભાવના છે પરંતુ સત્ય તો એક જ હોય. અસત્ય ભ્રામક હોવાથી તે કોઈપણ સ્વરૂપે ભાસમાન થઈ શકે જ્યારે સત્ય એ વાસ્તવિકતા હોવાથી તેનું એક જ સ્વરૂપ હોય. અસત્ય મતિભ્રમની સ્થિતિ ઊભી કરી શકે જ્યારે સત્યથી મતિ સ્થિર થાય. સત્ય એટલે સાક્ષાત્કાર. સત્ય એટલે વરદાન. સત્ય એટલે આત્માના સાચા સ્વરૂપની સ્વીકૃતિ. સત્ય એટલે કલ્યાણકારી. સત્ય એટલે શાસ્ત્રોનું કથન. સત્ય એટલે ઈશ્વરની વાણી. સત્ય એટલે સૃષ્ટિનો આધાર. સત્ય એટલે નિર્વિકલ્પતા. સત્ય એટલે શિવત્વ. કળિયુગમાં સત્યનું આચરણ કઠિન રહે. એક સમયે એમ પણ લાગે કે સત્ય નિષ્ફળ જઈ રહ્યું છે. પરંતુ રામાયણ તથા મહાભારત વિશ્વાસ અપાવ્યો છે કે અંતે વિજય સત્યનો જ થાય છે. સત્ય માટેનો વિશ્વાસ ટકાવી રાખવા માટે ઈશ્વર પણ મદદ કરે છે. શ્રદ્ધા અને ધીરજથી સત્યનું તપ તથા યજ્ઞ તરીકે અનુસરણ કરવામાં આવે તો નિષ્ફળતાનો અવકાશ નથી. આ જ તો અસત્યથી સત્ય તરફની ગતિની શરૂઆત છે. ■

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# મુક્તાનંદ સ્વામી મહત્તા અને મૂલ્યવત્તા-૨



વાંકાનેરથી પુનઃ પદયાત્રા આરંભી સરધાર પહોંચ્યા. તુલસીદાસનો આશ્રમ શોધી કાઢ્યો. દંડવત્ વંદના કરી. નામસ્મરણ, ગાયન-વાદન-ચોપાઈ-પાઠ અનો વિનમ્ર દાસત્વભાવથી, સેવાવ્રતી ભાવનાથી તુલસીદાસ પ્રભાવિત થયા. મુકુંદદાસ પણ તુલસીદાસની ભક્તિ, અન્નક્ષેત્ર-સદાવ્રત અને સેવા-પૂજા-ભાવનાથી પ્રભાવિત થયા. ત્યાં તુલસીદાસને સરસ રીતે સમય પસાર થતો. નિયમિત સાંજના સત્સંગમાં મુકુન્દદાસ 'રામચરિતમાનસ' કથાનું રસપાન કરાવતા ત્યારે સરધારનો ભાવિક જનસમુદાય શ્રવણપાન માટે પધારતો. એક વખત શ્રોતાઓની સંખ્યા ઓછી જોઈ. દરરોજ આવું બનતું એટલે ખબર પડી કે કોઈ રામાનંદ નામના સંત પધાર્યા છે અને બહુ ભાવથી સત્સંગ કરાવે છે. ભાવિકજનો ત્યાં વધારે સંખ્યામાં ઊમટે છે.

કુતૂહલ-જિજ્ઞાસાભાવથી મુકુંદદાસ રામાનંદના સત્સંગમાં સામેલ થવા સહભાગી બન્યા. ઉદ્ધવ અવતાર મનાતા રામાનંદ સ્વામીની અસ્ખલિત જ્ઞાનવાણી, એમાંથી ટપકતી પ્રેમલક્ષણા તથા વેદાંતધારાની જ્ઞાનમાર્ગી વાક્‌ધારાથી - સદુપદેશથી મુકુંદદાસ મોહિત થયા. તેઓને મનોમન સદ્‌ગુરુ માનીને નિયમિત જવા લાગ્યા. તુલસીદાસને આ ગમ્યું નહીં. સાત્ત્વિક સંતમૂર્તિ તુલસીદાસનો રામાનંદ પાસે ન જવા દેવાનો દુરાગ્રહ મુકુંદદાસને ગમ્યો નહીં. તુલસીદાસથી વિમુખ થવા માટે, પોતા પરત્વે વિશેષ દુર્ભાવ પ્રગટે એવું વલણ અને વ્યવહાર મુકુંદદાસ આશ્રમ-મઠમાં પ્રગટાવતા. બેધ્યાન બનીને સીધુ-સામાન વધુ માત્રામાં આપી દે. પ્રસાદનો વ્યય કરે. દુઃખી થઈનો, કંટાળીનો, અભાવ અનુભવીનો મુકુંદદાસને આશ્રમમાંથી નિષ્કાસિત કર્યા. છુટ્ટા કર્યાની રજાચિટ્ઠી જાહેર કરી જેથી આશ્રમના નામે કોઈ દાન-દક્ષિણા ન લે. 'મુકુંદદાસને ભાવતું હતું તે વૈદે બતાવ્યું.' - 'દોડવું હતું ને ઢાળ મળ્યો.'

સરધારથી અન્ય સ્થાનો સત્સંગ માટે નીકળી પડેલા રામાનંદ સ્વામીનું પગેરું મેળવ્યું. બંધિયા ગામે બિરાજતા રામાનંદજી પાસે પહોંચી ગયા.

સત્સંગ સભામાં બિરાજતા રામાનંદ સ્વામી સમક્ષ દંડવત્ પ્રણામ કરીને શિષ્ય બનાવવા પ્રાર્થના કરીને સરધારના સંત તુલસીદાસ તરફથી મળેલ રજાપત્ર એમના હાથમાં મૂકી કરબદ્ધ બની ઊભા રહ્યા.

રામાનંદ સ્વામીએ સેવક તરીકે આશ્રમમાં રાખ્યા. મુકુંદદાસ તો સેવા, પૂજા અને નામ-જાપ કરે, જે કંઈ કામ સોંપે એ બધું નિષ્ઠાથી કરે. રામાનંદજીએ થોડા દિવસ પછી એક ક્ષત્રિય ભક્તરાજ મૂળુભાઈના ખેતરમાં ખેતીકામ માટે મોકલ્યા. ત્યાં પણ સવારથી સાંજ સુધી નામ-જપ અને કૃષિકાર્યમાં મન પરોવીને ક્રિયાશીલ રહે. થોડા દિવસ પછી મૂળુભાઈ રામાનંદ સ્વામીને કહે; 'તમે ભલે ખેતીનું કામ સોંપ્યું પણ એ તો ભારે ઊંચી કોટિનો આત્મા છે. આખો દિવસ પરિવારના કોઈ સભ્ય સામે મોઢું ઊંચું કરીને નજર કરતો નથી. કેવળ નામ-જાપ અને થાકી ગયો હોય તોય તમારી આજ્ઞાનું અક્ષરશઃ પાલન કરીને અમારે ત્યાં ખેતરમાં અન્ય મજૂરો કરતાં પણ વધુ સમર્પિત થઈને કામમાં રત રહે છે. અનો ખેતરનો બદલે મંદિરમાં જ રાખો. એનો શ્રમ કરતો જોઈને સાધુ પાસે સેવા લેતાં અમારો જીવ બળે છે. મુકુંદદાસનું સમર્પણભાવથી સભર વ્યક્તિત્વ રામાનંદજીનો પરખાઈ ગયું. પછીથી આશ્રમમાં જ બોલાવીને રાખ્યા.

ઈ.સ. ૧૭૮૬માં વિક્રમ સંવત ૧૮૪૨ની વસંતપંચમીના શુભ દિવસો મુકુંદદાસનો બંધિયા મુકામે આશ્રમમાં પરમૈકાંતિક પરમહંસ દીક્ષા આપીનો મુક્તાનંદ એવું નામકરણ કર્યું. તરુણવયથી સેવેલી મનોકામના આયુષ્યના અઠાવીસમે વર્ષે ફળીભૂત થઈ. આ બધા સંઘર્ષ - ગુરુખોજ વચ્ચે નામ-જપ, સંગીત, યોગસાધના ચૂક્યા ન હતા. એમનું શાસ્ત્રનું જ્ઞાન અર્જિત કરવાનું વલણ રામાનંદજીનો સ્પર્શી ગયું. એમની જ્ઞાન-વૈરાગ્યવૃત્તિ, નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતનો ભાવ અન્ય શિષ્ય-ગુરુબંધુઓ માટે આદર્શ બની રહ્યો. સ્વામીજી સાથે વિચરણ દરમ્યાન સત્સંગમાં ચોપાઈ- ગાન, સંગીતવાદ્યનું વાદન એમની આગવી ઓળખ બની ગઈ. એમનો આતિથ્ય- સેવાભાવ, સદાવ્રતમાં સેવા આપવાનું વલણ, રામકથાકથન અનો સદુપદેશથી સત્સંગીઓમાં વિશેષ શ્રદ્ધાથી એમની અભિવૃદ્ધિ થતી રહી. માંગરોળ આસપાસ અને લોજ ગામે રામાનંદ સ્વામીએ તેમને પટ્ટશિષ્યરૂપે નિવાસી બનાવ્યા. ત્યાં આસપાસનાં ગામોમાં ભાવિક ભક્તોનું પૂર વહેતું થયું. રામાનંદ સ્વામી પ્રસન્ન હતા. શિષ્યનું જ્ઞાન વધે, શાસ્ત્ર-અભ્યાસમાં વૃદ્ધિ થાય અને સંસ્કૃત તથા કાવ્યશાસ્ત્રનું જ્ઞાન સુલભ થાય એ હેતુથી કચ્છની રાઓ લખપત વ્રજભાષા પાઠશાળામાં બીજા એક શિષ્ય દેવાનંદ સાથે વિદ્યાભ્યાસ માટે રામાનંદ સ્વામીએ મુક્તાનંદજીને મોકલ્યા.

* * *

ભૂજમાં રામવાડીમાં-ધર્મશાળામાં રહેતા, ભિક્ષા માગીને પોષણ કરીને વિદ્યાભ્યાસમાં જ પરોવાયેલા રહેતા. ભિક્ષાર્થે જતા તે રાજના દીવાન સુંદરજીભાઈ શિલ્પી-સુથાર નારાયણભાઈ હતા. માતુશ્રીની પાસે નિવાસ માટે એક ઓરડીની સુવિધા મેળવી. અવાવરું જગ્યામાં રહેતાં ભૂત-પ્રેતાદિનો દૃઢ મનોબળથી સામનો કરી સ્થાનને સુવ્યવસ્થિત કર્યું. રાજ્ય દીવાન-સુથાર-શિલ્પીબંધુ સુંદરજીના પરિચિત એવા પાઠશાળાના શિક્ષકો મુક્તાનંદજીને વિશેષ પાઠ આપતા. અહીં ઘણા સત્સંગીઓને રામાનંદ સ્વામીના મતથી - ઉપદેશથી શિક્ષિત કર્યા અને અધ્યયનકાર્ય પૂર્ણ કરીનો લોજ પરત થયા ત્યારે ઘણાબધા સત્સંગીઓ સાથે આવેલા. પછી એ સત્સંગીઓના આગ્રહથી રામાનંદ સ્વામીની ભૂજ-કચ્છમાં પધરામણી થવા લાગી અને સત્સંગમાં અભિવૃદ્ધિ થઈ. મૂળભૂત રીતે મુક્તાનંદ સ્વામીનું ભૂજ-કચ્છપ્રયાણ ભારે કલ્યાણકારી અને સંપ્રદાય માટે અનુકૂળ રહ્યું. હવે તો ઊંડું શાસ્ત્રગાન, શાસ્ત્રનાં સૂત્રો કંઠસ્થ, ગીતાનું, શ્રીમદ્ ભાગવતનું અધ્યયન, સત્સંગમાં સતત રત એવા મુક્તાનંદ સ્વામીની લોજ મઠ-આશ્રમના મહંત તરીકે વરણી કરી. રામાનંદસ્વામી વિચરણ માટે ફરતા રહે.

૨૮ વર્ષે દીક્ષિત થઈને મહંતપદે લોજમાં પચાસેક જેટલા શિષ્યવૃંદ સાથે બિરાજતા અને સંપ્રદાયનું મહત્ત્વ ભક્તજનોમાં સ્થાપિત કરતાં-કરતાં મુક્તાનંદ સ્વામી ૪૨ વર્ષના થયા ને ઈ.સ. ૧૮૦૦ના વિક્રમ સંવત ૧૮૫૬ના શ્રાવણ વદિ છઠ્ઠની સવારે - પ્રાતઃકાળે - એક સુખાનંદ નામના શિષ્યે કોઈ કોપીનધારી, જટાધારી તરુણને જોયા. પરિચય પૂછ્યો એટલે તરુણ મુનિસંતે કહ્યું કે કૌશલદેશથી તીર્થાટન કરતો-કરતો નીલકંઠ વર્ણી અહીં પહોંચ્યો છું. નીલકંઠ વર્ણીનું આવું વચન સાંભળીને પોતાનો પરિચય આપતાં સુખાનંદે કહ્યું કે રામાનંદ સ્વામીના સહસ્રાધિક શિષ્યોમાંના અમે પચાસેક અહીં તપસ્વી, પંડિત મુક્તાનંદસ્વામીની નિશ્રામાં આશ્રમમાં રહીને ભક્તિ-ઉપાસના કરીએ છીએ. આ પગથીવાળી વાવના જળનો સ્નાનાદિક માટે અને જલપાન માટે ઉપયોગ કરીએ છીએ.

નીલકંઠ વર્ણીએ કહ્યું કે હું તપોનિષ્ઠ હોઈને ગૃહમાં કે નગરમાં નિવાસ કરતો નથી. વનવિહાર કરતો રહું છું. પણ હું નિત્યક્રમ અને સ્નાનવિધિ પછી યોગીરાજનાં દર્શન-સત્સંગ માટે આશ્રમમાં અવશ્ય આવીશ.

સુખાનંદજીએ આશ્રમમાં તપસ્વી સાથેના સંવાદની વાત કહી, ત્યાં તો થોડી વારમાં કોપીનધારી-જટાધારી નીલકંઠવર્ણી પધાર્યા. બધાનો નમસ્કાર કર્યા. નીલકંઠવર્ણીનું યુવાશરીર, તપનું તેજ પાથરતું મુખ અને શુદ્ધ વાક્ય-ઉચ્ચારણોથી શિષ્યવૃંદ પ્રભાવિત થયું. ગાદી ઉપર બિરાજમાન મુક્તાનંદજી સત્સંગયોગ્ય લાગ્યા અને પૃચ્છા કરી કે 'મને કૃપા કરીને કહેશો કે જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અનો પરબ્રહ્મનાં આ પાંચ ભેદોનાં સ્વરૂપલક્ષણોનો શાસ્ત્રમત શું છે?'

મુક્તાનંદ સ્વામીએ ખૂબ જ સંક્ષેપમાં ઉત્તર આપીને અંતે કહ્યું, 'મેં ગુરુમુખી વિદ્યાથી પ્રાપ્ત કરેલું જ્ઞાન આપની સમક્ષ કથ્યું. વિસ્તૃત છણાવટ તો અમારા ગુરુજી કરી શકે. તેઓને પરમાત્માદિ સર્વેના સ્વરૂપનો સાક્ષાત્કાર થયેલો છે.'

મુક્તાનંદમુનિનું કથન શ્રવણ કરીનો નીલકંઠવર્ણીએ વિનીતભાવે કહ્યું કે 'મારા પ્રશ્નોને અસંદિગ્ધ રૂપે તમે સમજાવ્યા. તમારી વિદ્વત્તા, તમારી શાસ્ત્રમત- વિચારધારાનો સુરેખ-સ્પષ્ટ રીતે સમજાવવાની રીત મને ખૂબ જ ગમી છે. આ પ્રકારના ઉત્તરો મને મોટા પંડિતો પાસેથી પણ નથી મળ્યા. મને અહીં આપ સહુની નિશ્રામાં રહેવાની અનુમતિ આપો ને ગુરુજીનો જલદીથી મેળાપ-દર્શનયોગ રચી આપો.'

અઢારેક વર્ષની તરુણવયે નીલકંઠ વર્ણી આ રીતે લોજનિવાસી બન્યા. એમની સેવા-પૂજા, નામ-જાપ-ધ્યાન વગેરે ચાલતાં રહે. એક વખત મુક્તાનંદજીએ પૃચ્છા કરી કે તમે એકાગ્રચિત્તે કયા ઇષ્ટદેવનું ધ્યાન ધરો છો? એના ઉત્તર રૂપે વર્ણીએ કહ્યું કે 'શ્રી રાધિકેશ ભગવાન સર્વેશ્વર છે એ જ સર્વશાસ્ત્રમતાનુસાર દેવાધિદેવ અવતારી શ્રીકૃષ્ણ પરબ્રહ્મ મારા ઇષ્ટદેવ છે. નિત્ય એનું પૂજન, અર્ચન ને ધ્યાન ધરું છું.' મુક્તાનંદજી આ પ્રત્યુત્તર સાંભળી પ્રસન્ન થયા અને કહ્યું કે 'અમે પણ શ્રીકૃષ્ણ ભગવાનનું જ પૂજન-અર્ચન કરીએ છીએ.

(જુઓ પાનું ૬) ▶▶

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

# ભયંકરમાં ભયંકર પીડા ભગવાન શિવની આરાધનાથી દૂર થઈ જાય છે, તમે શિવઆરાધના તુરંત શરૂ કરો



(ગતાંકથી ચાલુ)

ઘણાં વરસો સુધી અંધક સ્વેચ્છાચારમાં પ્રવૃત્ત થઈને પૃથ્વીવાસીઓને ત્રાસ આપી રહ્યો હતો. દાનવશ્રેષ્ઠ અંધકના ત્રણ મંત્રી હતા દુર્યોધન, વેધસ અને હસ્તી. એક સમયે ત્રણેએ એક રમણીય પર્વત પર એક પરમ રૂપવતી નારી જોઈ. મંત્રી હસ્તીની આ વાત સાંભળી દૈત્યરાજ અંધક કામાતૂર થઈ ગયો અને એણે તુરંત તેના મંત્રીઓને ભગવાન શિવ પાસે મોકલ્યા. મંત્રીઓની વાત સાંભળી ભગવાન શિવજીએ કહ્યું કે, 'અસુર શિરોમણી અંધક કૃપણ, ક્રૂર અને સદાયે પાપ કર્મ કરનારો છે, શું એને સૂર્યપુત્ર યમનો ભય નથી? ક્યાં મારું સ્વરૂપ અને ક્યાં એની ક્રૂરતા. જો એનામાં કંઈ સામર્થ્ય હોય તો યુદ્ધ માટે તૈયાર થા અને આવીને કંઈ કરતૂત દેખાડ. મારી પાસે એના જેવા પાપીઓના વિનાશ કરવા ભયંકર શસ્ત્ર છે. આવી પરિસ્થિતિમાં વિચાર કરીને તને જે રુચિકર પ્રતીત હોય તે કર.' અસુર અંધક આ વાત સાંભળી ખૂબ ક્રોધિત થયો અને દૈત્ય વિશાળ સેના લઈ કૈલાસ પહોંચ્યો. ત્યાં નંદીશ્વર તેને પડકારતાં ખૂબ ભયાનક યુદ્ધ થાય છે. અંતે દૈત્ય અંધકની ભૂજાઓમાંથી છૂટેલા આયુધોના પ્રહારથી નંદીશ્વર ગુફાદ્વાર પર પડતા જ મૂર્છિત થઈ જાય છે. એમના મૂર્છિત થવાથી ગુફાનો આખો દરવાજો જ ઢંકાઈ જતાં અસુરો માટે એ ખોલવાનું અશક્ય બને છે. ભગવાન શિવ ધ્યાનમગ્ન હોવાથી માતા પાર્વતી બ્રહ્માજી અને ભગવાન શ્રીહરિ વિષ્ણુનું સ્મરણ કરે છે. સ્મરણ કરતાં જ બ્રાહ્મી, નારાયણી, ઐન્દ્રી, કૌબેરી, યામ્યા, નૈઋતિ, વારુણી, વાયવી, યક્ષેશ્વરી, ગારુડી વગેરે દેવીઓનારૂપે સમસ્ત દેવતાઓ પોતપોતાના વાહન પર બેસી માતા પાર્વતી સમક્ષ આવી પહોંચતાં દૈત્યો સાથે ધમસાણ યુદ્ધ થવા લાગ્યું. યુદ્ધના કોલાહલથી ભગવાન શિવની આરાધનામાં ભંગ થતાં ભગવાન શિવ પણ યુદ્ધ ભૂમિમાં પહોંચી ગયા. યુદ્ધ દરમિયાન મૃતપાય થયેલા દૈત્યોને સંજીવન વિદ્યા દ્વારા ફરી જીવિત કરી રહેલા અસુર ગુરુ શુક્રાચાર્યને ભગવાન શિવ ગળી જાય છે અને યુદ્ધભૂમિમાં ભગવાન શિવે પોતાના ત્રિશૂળથી અંધકને છેદી નાખ્યો. અંધક ભગવાન શિવનું સ્તવન પાઠ કરતાં કહે છે, 'હે ભોલેનાથ - હે જગદંબા હું તમારો જ પુત્ર છું, મને મળેલા વરદાનથી ઉન્મત્ત થઈ ગયો હતો, મને તમારી શક્તિઓનું ભાન થયું છે, મને માફ કરો હવે પછીનું જીવન તમારા ગણ તરીકે વ્યથિત કરવા માગું છું.'

માતા પાર્વતીઃ 'જેવી તમારી મરજી.'

અંધક ભગવાન શિવના ગણ તરીકે કાર્યરત થઈ જાય છે.

* * *

ભગવાન શિવના ઉદરમાં શુક્રાચાર્ય અષ્ટમૂર્ત્યષ્ટક સ્તોત્રનું સ્તવન કરે છે. અષ્ટમૂર્ત્યષ્ટક સ્તોત્રના સ્તવનથી ભગવાન શિવ પ્રસન્ન થાય છે અને અસુરગુરુ શુક્રાચાર્યને પોતાના ઉદર (પેટ)માંથી બહાર કાઢી મુક્ત કરે છે.

અસુરગુરુ શુક્રાચાર્ય અસુરોના ઉત્થાન માટે મંદરાચલની ટોચ પર જઈ આરાધના કરવા બેસે છે, પણ તેઓ આરાધના કરી શકતાં નથી, ત્યાં તેમને કોઈકના કણસવાનો અવાજ સંભળાય છે. તેઓ ધ્યાનથી જુએ તો તેમને દેખાય છે કે મંદરાચલ પર્વત જ કણસી રહ્યા છે.

અસુરગુરુ શુક્રાચાર્યઃ 'મંદરાચલ તમે કણસી કેમ રહ્યા છો?'

મંદરાચલઃ 'દેવતાઓ અને અસુરોએ મળીને સાગરમંથન કર્યું હતું તેનાથી મને આટલા દુઃખો છે.'

અસુરગુરુ શુક્રાચાર્યઃ 'એ કઈ રીતે?'

મંદરાચલઃ 'સાગરમંથનમાં મને અને વાસુકીનાગને રજજુ (દોરડું) અને મને મેરૂદંડ બનાવવામાં આવ્યો હતો. સાગરમંથનથી મારા શરીરની ચામડીઓ છોલાઈ ગઈ હતી અને નીકળેલું વિષ મારા શરીરમાં ફેલાઈ ગયું છે.'

અસુરગુરુ શુક્રાચાર્યઃ 'એ ઘટનાને તો યુગો વિતી ગયા છે અને આજે પણ તમે એના વિષથી પિડાઈ રહ્યા છો એ કોઈ વિચારી પણ નહીં શકે.'

મંદરાચલઃ 'હવે મારાથી આ પિડા સહન નથી થઈ રહી કોઈ ઉપાય બતાવો.'

અસુરગુરુ શુક્રાચાર્યઃ 'દુનિયાની ભયંકરમાં ભયંકર પિડા ભગવાન શિવની આરાધનાથી દૂર થઈ જાય છે, તમે શિવઆરાધના તુરંત શરૂ કરો, મને વિશ્વાસ છે કે શિવઆરાધનાથી તમારા કષ્ટો અવશ્ય દૂર થઈ જશે.'

આટલું કહી અસુરગુરુ શુક્રાચાર્ય ત્યાંથી વિદાય લે છે.

મંદરાચલની આરાધના દિવસે ને દિવસે ઉગ્ર થતી જાય છે. મંદરાચલની તપનો ધ્વનિ કૈલાસ સુધી પહોંચવા માંડે છે. મંદરાચલના તપથી ભગવાન શિવ પ્રસન્ન થાય છે અને કહે છે

ભગવાન શિવઃ મંદરાચલ હું પ્રસન્ન છું તમે ઇચ્છિત વરદાન માગો.'

મંદરાચલઃ 'ભગવંત મેં કોઈ વરદાન માગવા તમારી ભક્તિ નથી કરી.'

ભગવાન શિવઃ 'તો તમને શું જોઈએ છે?'

મંદરાચલઃ 'ભગવંત યુગો વીતી ગયા, પણ સાગરમંથનમાં મારા શરીરમાં પ્રવેશેલું વિષ મને બહુ કષ્ટ આપે છે, મારું કષ્ટ દૂર કરો.'

ભગવાન શિવઃ 'તથાસ્તુ.'

ભગવાન શિવ તથાસ્તુ બોલતાં જ તેમના શરીરનું વિષ બહાર નીકળી જાય છે અને મંદરાચલ નિરોગી થઈ જાય છે.'

ભગવાન શિવઃ 'મંદરાચલ હું પ્રસન્ન છું તમને જોઈતું વરદાન માગી લો.'

મંદરાચલઃ 'ભગવંત મેં કોઈ વરદાન માગવા તમારી ભક્તિ નથી કરી, મારા કષ્ટો દૂર કરવા જ આરાધના કરી હતી, તમારે વરદાન જ આપવું જ હોય તો એવું વરદાન આપો કે મારા પર્વતની શિલામાંથી કોઈ મૂર્તિ બનાવવામાં આવે તો તે ક્યારેય ખંડિત નહીં થાય.'

ભગવાન શિવઃ 'તથાસ્તુ.'

(ક્રમશઃ)■

ટૂંકી વાર્તા

નાનાભાઈ હ. જેબલિયા
feedback@bombay samachar.com




# તોરણ

''ઓહો! આવો આવો, ભાભી!'' જશુભાભીને જોઈને હીરાલાલ અડધા અડધા થઈ ગયા: ''મને ખબર હતી કે જશુભાભી આવશે જ'' હીરાલાલે હાથમાં રાખેલાં સૂડી-સોપારી, ઝૂલા પર રાખેલી ચાંદીની નકશીદાર પાનપેટીમાં મૂકતાં આછું, આત્મીયતાભર્યું હસીને ઝૂલાને પગનો હળવો ઠેલો માર્યો. ઝૂલાની મૂલ્યવાન સાંકળોનાં મોર, પોપટ, હાથી, ઘોડા ખણખણી ઊઠ્યાં. હીરાલાલ વળી પ્રસન્ન થયા: ''બેસો ભાભી''

જશુબેનને આનંદ થયો... સૂર્ય ઈન્ડસ્ટ્રીઝના કરોડપતિ એવા હીરાલાલ ખુદ ઊભા થયા અને જશુભાભી માટે પાણીનો ગ્લાસ લઈ આવ્યા.

જશુબેન રળિયાત થઈ ગયા: ''દુનિયા ગમે તે બોલે, બાકી હીરાલાલ અમારા કુટુંબ માટે હીરો જ છે... આટલો બધો પૈસો છતાં, નોકરને બદલે ખુદ પાણી ભરવા ઊભા થયા!'' મારા કુટુંબ માટે કેટલો આદર? કેવી મમતા? આટલો વૈભવ હોવા છતાં હજી પણ એમની માયા એવી ને એવી જ છે. નસીબ હશે તો નીલાનાં લગ્ન સુંદર રીતે ઉજવાશે. એના હીરાકાકા ઉદ્યોગપતિ છે. નીલાંના લગ્નનાં કપડાં, દાગીના અને ચીજવસ્તુઓ હીરાભાઈ તરફથી થઈ જ જશે. હું નીલાનાં લગ્નની વાત કરીશ એટલે હીરાલાલ કુમળાઈ જશે: ''આનંદ કરો ભાભી!'' નીલા મારી પુત્રી છે. મારા પરમ મિત્ર રમણભાઈની પુત્રીનાં લગ્નમાં હું કચાશ રાખીશ? વાત કરો મા ભાભી! મારે તો સારો પ્રતાપ મારા એ દિવગંત મિત્રનો. એની સલાહથી હું મુંબઈ આવ્યો. એણે બતાવેલો બિઝનેસ કર્યો અને એની જ ભલામણથી મને મોટા- મોટા માણસોનો સાથ મળ્યો મારી ઈન્ડસ્ટ્રીઝ આજે ધમધમે છે....શું કહું ભાભી? ભગવાને ઘણો પૈસો આપ્યો છે. હું અત્યારે કરોડપતિ છું પણ અફસોસ એ વાતનો કે મારો મિત્ર આજે હાજર નથી. જો થોડાં વરસ જીવ્યા હોત તો મારી રખાવટ એ જોઈ શક્ત પણ...''

''ચાલ્યા કરે, ભાઈ!'' જશુબેન ગળગળાં થયાં: ''હરીના હાથની વાત. તમે અમારું આમ તો ખૂબ રાખ્યું છે. આજે મારા બે દીકરા અને દીકરી નીલા, સૌ કોલેજ સુધી ભણી શક્યાં એમાં તમારી મદદ, વગ અમને મળ્યાં જ છે ભાઈ!'' પળ રહીને જશુબેન ઉમેર્યું: ''અને હીરાભાઈ! હવે તો મારું નાવડું ઢબઢબીને કાંઠે આવ્યું છે. નીલા નોકરી કરે છે. જમાઈ પણ નોકરીમાં છે. મારો આ પ્રથમ પ્રસંગ છે. સૌ હાથ હાથ કરશે તો મારા બે પુત્રોનાં લગ્ન પણ આ પછી થઈ જશે.''

''બેસો, હું આવ્યો'' કહીને હીરાલાલ જશુભાભીના આગમનના સમાચાર આપવા અંદર ગયા. જશુબેન હીરાલાલના વૈભવથી ઝળહળતા આખા ખંડમાં નજર ફેરવી...

''બા! વૈભવી માણસોને તું ઓળખતી નથી'' જશુબેન ઘેરથી નીકળ્યાં ત્યારે પુત્રીએ એમને સાવધાન કરેલાં: '' આપણી પાસે પૈસા નથી એ બરાબર, પણ એથી કરીને આપણે કોઈ ભિખારી નથી... હીરાકાકા પાસેથી પૈસા વ્યાજે લાવજે, અમે ચૂકવી દઈશું.''

''એવું ય શું કામ?'' નીલાનો ભાઈ શ્રેણિક બોલ્યો:

''બા પાસે આઠ- દસ તોલા સોનું છે, એ લેતી જાય. ગીરો મૂકીને રૂપિયા લઈ લેવાના. લેવાના. દાગીના હું છોડાવી લઈશ. મારી તો ભલામણ છે કે હીરાકાકાને જ દાગીના પર નાણાં આપવાની ભલામણ કરવી એટલે એમની મૂંઝવણ મટે.''

''જો શ્રેણિક!'' પુત્રના માથા પર હાથ મૂકીને જશુબેન બોલ્યાં: ''હીરાકાકા એવું કરવા ન દીએ. તારા પિતાના પ્રતાપે એ કરોડપતિ બન્યા છે. ભાઈબંધની પુત્રીને એ બધું જ આપશે. એનેય સમાજની વાહ વાહ મળે ને!''

''ના... બા'' નીલા બોલી. ''તને ત્યારે નવા જમાનાની બદલાયેલી હવાની ખબર જ નથી. ઉપકાર, રખાવટ, માયા, મમતાનાં જૂનાં એ મૂલ્યો બદલાઈ ચૂક્યાં છે. જે માણસ પૈસાદાર થાય છે. એ આખેઆખો નક્કર થઈ જાય છે. એનામાં પ્રેમ, દયા, કરુણા, રખાવટ જેવી બાબતો સમાઈ શકતી નથી. આ બધા માટે માણસમાં થોડુંક પોલાણ જોઈએ. પૈસાદારોમાં આવા પોલાણ હોતાં જ નથી. માટે સો વાતની એકવાત તું દાગીના લઈને જ જા. જે વાત કરવાની એ દાગીના ઉપર જ કરવાની.''

''ઓહ! દાગીના ગીરો મૂકી દઉં પછી?'' અત્યારે હીરાલાલના ખંડમાં બેઠેલા જશુબેન મનોમન વલોવાતાં હતાં: ''હજી તો બન્ને પુત્રોનાં લગ્ન બાકી છે. બે લગ્નનો સાધારણ ખર્ચ પણ એકાદ લાખ થાય. આ પછી વાલની વીંટી પણ ઘરમાં નથી રહેતી!''

''બેટા''! જશુબહેને શ્રેણીકને વાર્યો હતો: ''તું એકવાર મને હીરાકાકા પાસે જવા દે! છેવટે, તારા પિતાના એ મિત્રને આમંત્રણ આપવા મારે પોતે જવું જોઈએ''

''હા... જા બા '' પુત્રી નીલાએ બાને વળી પાછી સાવધાન કરી હતી: ''પણ હીરાકાકા પાસે આપણી કોઈ ગરીબી ન ગાવી. એમને તારે પ્રથમથી જ કહેવું કે હીરાભાઈ! મારે તો દાગીના ઉપર જ પૈસા જોઈએ... અને બા, એર કાંકરે બે પક્ષી મરશે.'' નીલા હસી પડી: ''જો હીરાકાકા આપણને મદદ કરવા ઈચ્છતા હશે તો દાગીના નહીં માગે... અને જો માગે તો તું સમજી લે જે કે મારા પિતાની ગાઢ મૈત્રીને એમણે એમની ઈન્ડસ્ટ્રીઝની ભઠ્ઠીમાં નાખીને ઓગાળી નાખી છે અને એવા માણસ પાસે પછી લાગણીવેડા કરવાની જરૂર નથી.''

''ઓહ! નીલા કેટલી બુદ્ધિશાળી છોકરી છે? જશુબહેન હીરાલાલના ખંડમાં બેઠાં બેઠાં મનોમન ગર્વ લઈ રહ્યાં હીરાલાલને બંગલે પહોંચ્યા હતાં. હીરાલાલે સાચા દિલને ઉમળકો ભરીને સુંદર આવકાર આપ્યો હતો એનાથી જશુબહેનને થયું હતું કે, અરે, નોકર ચાકર હોવા છતાં ખુદ પાણીનો ગ્લાસ લઈ આવ્યા. એ માણસે મૈત્રીનું ઝરણું હજી ખળખળતું રાખ્યું છે!''

હીરાલાલ ખંડમાં આવ્યાં એટલે જશુબહેને ખુશી સમાચાર આપ્યા: ''મારી નીલાનાં લગ્ન છે હીરાભાઈ.''

''મને ખબર છે ભાભી!'' હીરાલાલ માયાળુ હસ્યા: ''તમારાં સંતાનોનાં શુભ પ્રસંગો મારી નજરમાં જ હોયને?'' જશુબહેન મનોમન ઉલ્લાસી ઊઠ્યાં: ''આવા હીરાભાઈ મારા દાગીના ગીરો મૂકવા દેશે? ન જ બને.''

''હીરાભાઈ! તમારા મિત્રના, ગામતરા પછી મારે ત્યાં આ પ્રથમ જ શુભપ્રસંગે છે.''

''જુઓ ભાભી! જરાય ઓશિયાળાં ન બનશો.... ના ના...! હું એવું ઈચ્છું પણ નહીં. મારા મિત્રનાં પત્નીની ખુમારી અને ગૌરવ અકબંધ રહેવાં જોઈએ.''

જશુબહેન પળભર ભાવાસ્થ બની ગયાં. પતિના એક સાચા મિત્રની ગરવાઈને અહોભાવથી સંવેદી રહ્યાં. ''જુઓ ભાઈ'' પળ પછી સ્વસ્થ બનીને જશુબેન બોલ્યાં: ''હું શું કામ ઓશિયાળી થાઉં?'' દસ તોલા સોનું લઈને આવી છું. એના પર પચ્ચીશ ત્રીશ હજાર લઈ લેશું.વહેવાર તો કોડીનો હોં હીરાલાલના પગ પાસે મૂકી. ''આના ઉપર જ...''

''હા બરાબર... બરાબર!'' દાગીનાની પોટલી હાથમાં લઈને હીરાલાલ બોલ્યા. ''આના ઉપર આપણને એટલી રકમ તો રમતાં મળી જશે.'' અને પોટલી લઈને હીરાલાલ બાજુના રૂમમાં ફોન કરવા ગયા. દસેક મિનિટમાં વેપારી જેવો લાગતો એક માણસ આવ્યો. દાગીના જોયા, તપસ્યા અને પચ્ચીસ હજાર આપીને દાગીના લઈ ગયો.

રૂપિયા લઈને જશુબહેન ઘેર આવ્યાં ત્યારે આંસુથી લગભગ નાહી ઊઠ્યાં હતાં. એમણે સંતાનોને કહ્યું: ''બેટા! હીરાકાકાએ આપણું રજભાર ન રાખ્યું. અરેરે! મારાં પાલવડાં ગયાં.''

''બા! રડ નહીં'' શ્રેણિક બોલ્યો: ''અમે બે ભાઈ, તારા બે લાખના ચેક છીએ. પછી મુંઝાશ શાની...?''

પણ જશુબેનનાં આંસુ સૂકાતાં જ નહીં આડોશપાડોશ અને સગાસંબંધીઓએ જશુબહેન પાસે આક્રોશ ઠાલવ્યો કે ફટ્ય કહેવાય હીરાલાલને...! રમણભાઈનો જિગરી મિત્ર, એક કાવડિયે પણ કામ ન લાગ્યો? દાગીના ઉપર પૈસા આપ્યા?''

જાન આવી ગઈ. ઉતારો અપાઈ ગયો. વરઘોડો પણ માંડવે આવી ગયો અને ''કન્યા પધરાવો સાવધાન''નો ગોર મહારાજનો આદેશ સંભળાયો કે એ જ વેળા ચોકલેટ કલરની એક કાર જશુબહેનને દરવાજે આવીને ઊભી રહી. ઝડપથી બારી ખુલી અને ''ભાભી!'' ઓસરીમાં પગ મૂકીને હીરાલાલે જશુબહેનને કહ્યું: ''નીલાને બોલાવતાં આવો એક મિનિટ!'' અને હીરાલાલ અંદરના રૂમના એકાંતમાં જઈને ઊભા રહ્યાં, નીલાની વાટે.

નીલાએ ભારે મને કાકાને નમસ્કાર કર્યા. હીરાલાલે દાગીનાની પેલી પોટલી નીલાને આપી: ''લે બેટા! તારી બાને પાછી આપી દે.''

''શા માટે કાકા? નીલાના અવાજમાંથી રોષ ટપકતો હતો: ''અમે કોઈના ઓશિયાળાં બનવા નથી માગતા કાકા!''

''નીલા! બેટા! તું મને શીખવીશ?'' હીરાલાલ ભાવ છલકાતા અંતરે બોલ્યા: ''તમે કોઈનાં ઓશિયાળાં નથી એ હું જ સિદ્ધ કરવા માગતો હતો અને આખા સમાજને બતાવવા માગતો હતો, તે બતાઈ ગયું''

નીલા આશ્ચર્યથી કાકાને જોઈ રહી.

''નીલા! એ વેળા મેં મદદ કરી હોત તો તમે સૌ ઓશિયાળા દેખાત! લોકો વાતો કરત કે, હીરાલાલના પૈસાથી રમણલાલની દીકરી પરણી! બિચ્ચારાંની કેવી હાલત? પણ... નીલા! હું મારા દિવગંત મિત્રને ગરીબ દેખાડવા માગતો ન હતો. હું બેઠો છું અને તમે સૌ ઓશિયાળાં સાબિત થાઓ?!'' મારે તો સમાજ પાસે એ બોલાવવું હતું કે, રમણલાલનો જિગરી ભાઈબંધ હીરાલાલ, પાણીમાં બેસી ગયો અને એક પાઈની મદદ કરી નહીં. ફટ્ય છે હીરાલાલને. બસ મારે એ જ કામ હતું. મારી કીર્તિ માટે મારા મિત્ર કુટુંબની ખુમારી મારે આંચકવી નહોતી.''

જશુબહેન રડી પડ્યાં. ''ભાઈ, મેં તો તમને નગુણા ધારી લીધા'તા''

''ભાભી મારે નગુણા જ દેખાવું હતું''

ખડખડાટ હસીને હીરાલાલે પગ ઉપાડ્યો અને ઉમેર્યું ''સમાજની નજરે મને એવો જ રહેવા દે જો ભાભી! આ વાત ખાનગી ન રાખો તો તમને વહાલા તમારા આ દિયરના સોગંદ છે.''

- અને નીલાએ પ્રફૂલ્લ ચહેરે માંડવામાં પગ મૂક્યો ત્યારે માંડવા પક્ષની છોકરીઓ ગાતી હતી.

''વાદલડી વરસી રે...
સરોવર છલ્લી વળ્યાં...'' ■



ચિંતન

હેમંત વાળા
feedback@bombay samachar.com

# કર્મના ફળની સામે કરુણા

ઘણાના મનમાં એ પ્રશ્ન ઊભો થતો હશે કે ભિખારીને દાન આપવું જોઈએ કે નહીં. સ્થાપિત સમજ પ્રમાણે તે ભિખારી પોતાના કર્મોનું ફળ જ ભોગવતો હશે. પહેલાના કોઈ જન્મમાં અનઅધિકૃત રીતે બીજા કોઈની સંપત્તિ તેણે ખોટા માર્ગે પચાવી પાડી હશે, જેને કારણે આ જન્મમાં તે અન્નથી પણ વંચિત રહે. સૈદ્ધાંતિક રીતે વાત સાચી છે. વ્યક્તિને ભોગવવી પડતી તકલીફો પાછળ તેના પૂર્વ જન્મના કર્મ જ કારણભૂત હોય છે. ઈશ્વર કોઈને અકારણ શિક્ષા નથી કરતો. કીડીને કણ અને હાથીને મણ આપનાર ઈશ્વર કોઈને એક ટંકનું ભોજન પણ ન આપે એ બાબત વિચારવા જેવી તો ખરી જ. છતાં પણ આમ જોવા મળે છે. તેનું કારણ એ જ હોઈ શકે કે તે વ્યક્તિએ પૂર્વ જન્મમાં અન્નના અખૂટ ભંડાર ઉપર કબજો કરી ઘણાને અનીતિથી ભૂખ્યા રાખ્યા હશે. પ્રાપ્ત ભિખારીપણું વ્યક્તિના કર્મોનું ફળ જ હોઈ શકે. આવા સંજોગોમાં ભગવાનના ન્યાયની ઉપરવટ જઈ શું તે ભિખારીને અન્નદાન કરવું જોઈએ? શું આમ કરવાથી ક્યાંક ઈશ્વરના ન્યાયમાં આપણે અડચણ તો નથી ઊભા કરતા ને.

વાત સમજવા જેવી છે. કોઈ એક કુટુંબમાં માતા-પિતા અને ભાઈ-બહેન રહે છે. નાનો ભાઈ તોફાની છે, તે તોડફોડ કરતો રહે છે. મિત્રો સાથે પણ તે કાયમ ઝઘડો કરતો હોય છે. ટૂંકમાં ઘણા પ્રસંગોમાં માતા-પિતાએ તેને શિક્ષા કરવી પડે. કોઈ એક સમયે એની મોટી શરારત માટે તેને ઘરના બાથરૂમમાં પૂરી સાંજનું ભોજન ન આપવાની સજા કરવામાં આવી. માતા-પિતા તો આ સજા માટે ચોક્કસ હોય - દ્રઢ હોય, પણ મોટી બેન દુઃખી થાય. ઘરમાં બધા જ સૂઈ જાય પછી તે બહેન રસોડામાંથી છાનામાના થોડો ખોરાક ડબ્બામાં ભરી બાથરૂમનું બહારનું હળવેથી ખોલી નાના ભાઈને આપી દે. બહેનને એક પ્રકારની હાશ થાય કે ભાઈને જમવાનું પહોંચાડી દીધું. સવારે માતા-પિતાને રાખી મુકેલા ખોરાકની માત્રા ઓછી થયેલી જોતા ખબર તો પડે જ. તેમને એ પણ ખબર પડી જાય કે મોટી બહેને નાના ભાઈને ભૂખ્યો નથી રહેવા દીધો. માતા-પિતાને આ વાત ગમે. ભલેને તે ભાઈ શિક્ષાને લાયક હોય તો પણ બહેન દ્વારા અપાયેલ ખોરાક માટે તેમને વાંધો ન હોય. ખરેખર તો તેઓ ખુશ થાય. જિંદગીના વ્યવહારમાં પણ આમ જ હોય છે.

જેમણે ભિખારી તરીકે જન્મ લીધો હોય, કે જન્મ પછી ભિખારી પણ આને પામ્યા હોય, તે બધા જ ક્યાંક ને ક્યાંક તો કર્મનું ફળ જ ભોગવતા હોય છે. કોઈ સંપન્ન વ્યક્તિ જો તેમને અન્નદાન કરે તો ઈશ્વર ચોક્કસ ખુશ થાય. કર્મના સિદ્ધાંત તેના સ્થાને છે અને માનવીય કરુણા તેના સ્થાને. કર્મના સિદ્ધાંતનું જેટલું જ મહત્ત્વ છે તેટલું જ મહત્ત્વ માનવીય કરુણાનું છે.

બધી જ બાબતોને કર્મના ન્યાય તરીકે ગણીને જેમની તેમ ન છોડી દેવાય. માંદગી કોઈ કર્મથી આવી હોય કે ખોરાકથી, માંદાની સેવા કરવી એ ધર્મ છે. એમ ન કહેવાય કે તે વ્યક્તિ પોતાના કર્મોને કારણે માંદગી ભોગવે છે. કર્મના ફળમાં ફસાયેલ વ્યક્તિને મદદરૂપ થવું એ માણસાઈની સાબિતી છે. અકસ્માત પામેલ વ્યક્તિને હૉસ્પિટલ લઈ જવી પડે, સૂરદાસને રસ્તો ઓળંગવામાં મદદ કરવી પડે, મંદબુદ્ધિવાળા માણસોને માર્ગદર્શન આપવું પડે, અજ્ઞાનીને સમજાય તેવી વ્યવસ્થા ગોઠવવી પડે, ગરીબ-રાંકને સહાય કરવી પડે - ભલેને આ બધું તેમને તેમના કોઈક જન્મના કર્મને કારણે ભોગવવું પડતું હોય. એમ પણ બની શકે કે તમારી સહાય એ વ્યક્તિના કર્મફળનો પણ એક ભાગ હોય. તેના કર્મ ફળના ભોગવટામાં નરમાશ આવે એ માટે તમને નિમિત્ત બનાવવામાં આવ્યા હોય. કર્મફળના ચક્રમાં કરુણા દાખવનાર વ્યક્તિ એક ભાગ હોય તેમ માની શકાય.


ઈશ્વર માંદગી આપે છે અને સાથે સમાજમાં તબીબ પણ હાજર રાખે છે. ઈશ્વર ગરીબી આપે છે તો સાથે સમાજમાં દાનવીર પણ હોય છે. ઈશ્વર અજ્ઞાનતા આપે તો સાથે સાથે જ્ઞાની સાથે સત્સંગના સંજોગો પણ ઊભા કરે. ઈશ્વર ઘા આપે તો સાથે દવા પણ આપી જ છે. ઈશ્વરની લીલા અકળ છે. એટલા જ માટે કર્મ ફળના સમીકરણો પણ અકળ બની જાય છે. ખબર નથી પડતી કયો નિર્ણય ક્યાં કેવી રીતના લેવાતો હોય છે. અને તેટલા જ માટે કર્મફળના નિર્ણયની આંટીઘૂંટીમાં પડવાને બદલે ક્ષમતા પ્રમાણે કરુણા દાખલવી એ જ નિમિત્ત કર્મ છે.

દૈવી સંપત્તિમાં કરુણા અગત્યનો ઘટક છે. જીવનનિર્વાહ માટે કે જીવન બચાવવા માટે જે ન્યૂનતમ બાબતો જરૂરી છે તેની માટે સદાય અન્યને મદદરૂપ થવું એટલે કરુણા. અન્યની લાચાર પરિસ્થિતિ દૂર કરવામાં પોતાનો કોઈક ભોગ આપવો એટલે કરુણા. કોઈકના દુઃખની સાથે તાદાત્યતા અનુભવી તેને સાથ આપવો એટલે કરુણા. અસમર્થ તથા વંચિતને ટુકડામાંથી ટુકડો આપવો એટલે કરુણા. ઈશ્વરનું પ્રત્યેક સર્જન તેને વહાલું હોય. ઈશ્વર ક્યારેય નહીં ઈચ્છે કે કોઈપણ વ્યક્તિ દુઃખી થાય કે વંચિત રહે. આ તો કુદરતના નિયમો પ્રમાણે વ્યવહાર ચાલે, તો પણ પોતાના દરેક સર્જન માટે જો કરુણા વ્યાપેલી રહે તો ઈશ્વરને સારું જ લાગે. ઈશ્વર સ્વયં સર્વનો મિત્ર અને સુહૃદયી છે. તે સ્વયં કરુણા સાગર છે. માનવી આવી જ રીતે સર્વનો મિત્ર, સુહૃદયી તથા કરુણાસભર રહે એ ઇચ્છનીય છે. ભલે કોઈ વ્યક્તિ તેના કર્મને કારણે મુશ્કેલીમાં છે પણ સમાજે તે મુશ્કેલી હળવી થાય તેવો પ્રયત્ન કરવો રહ્યો. ■

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombay samachar.com

# સંસ્કૃતિ શોકેસમાં પરંપરા પસ્તીમાં



ગત અંકમાં સૃષ્ટિના સર્જનના રહસ્યને જણાવીને હવે ભગવાન કૃષ્ણ પ્રકૃતિના ત્રણ ગુણોના બંધનની વાત કહે છે-

''निबध्नन्ति महाबाहो देहे देहिनम्'' અર્થાત્ પ્રકૃતિના ત્રણ ગુણો માનવને બાંધે છે. બંધન કોઈનેય ગમતું નથી, વાત સાચી છે. ગીતા અહીં જે વાસ્તવિક બંધનની વાત કરે છે, તે મોટા ભાગના લોકોને સમજાતું નથી. આજના આધુનિક જમાનાના સ્વતંત્રતાને સ્વચ્છંદતામાં ખપાવનારા લોકોએ તો આપણી પ્રાચીન સાચી પરમ્પરા અને વારસાને જ બંધન ઠરાવી દીધું છે, જે તદ્દન ખોટું છે. એક પ્રસંગ સમજીએ.

આ દેશમાં તો રહેવા જેવું જ નથી, એક ભાઈએ ફોન પર વ્યથા ઠાલવી. મેં પૂછ્યું, કેમ, શું થયું? સામેથી જવાબ આવ્યો, તમે રોજ પોકારી પોકારીને કહો છો કે આપણી મહાન સંસ્કૃતિ, ઉચ્ચ મૂલ્યો, શ્રેષ્ઠ પરંપરા... પણ આજે ક્યાંય તેનો છાંટોય દેખાતો નથી. શોકેસમાં સજાવેલી સંસ્કૃતિના બણગા ફૂંકવાનો શો લાભ? કેવળ એક પ્રતિકૂળ ઘટના આ સજ્જન સાથે બની અને તેમણે સમગ્ર સંસ્કૃતિને જ મૃત ઘોષિત કરી દીધી.

વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્ર જીવનમાં જ્યારે કોઈ અણધાર્યો બનાવ બને ત્યારે આપણી સંસ્કૃતિ કે પરંપરાને માથે દોષ મઢવાની આપણી જૂની ટેવ છે. આપણી ચર્ચાઓમાં ભારત દેશની ગરીબી અને અછતની વાત ન આવે એવું ભાગ્યે જ બને! વળી, ચર્ચાના અંતે આપણે આ બધાની જવાબદારી આપણી પરંપરા ઉપર નાખીને ઊભા થઈએ છીએ. એથીય વધારે અક્ષમ્ય એ છે કે અણસમજ અને યોગ્યતા વગર કોઈક નવીન ક્રાંતિકારી વિચાર આપવાની સ્પર્ધામાં આપણે જ આપણા ભવ્ય વારસાનું ખંડન કરી ખુશ થઈએ છીએ.

નવો વિચાર કે નવો દૃષ્ટિકોણ આપવો સારી બાબત છે પણ કોના ભોગે ? પોતાનાં જ મૂળ ઉપર પ્રહાર કરીને ક્યારેય કોઈ વૃક્ષ ઊભું રહી શકે ખરું? કૂવાના દેડકાની વાત આપણે ઘણીવાર સાંભળી છે. હા, તેની ભૂલ તો છે જ, પરંતુ તે ક્ષમ્ય છે. પોતાની બુદ્ધિ અને અનુભવ પ્રમાણે દેડકો પોતાના સ્થાનનો મહિમા કહે છે. પોતાના નિવાસ સાથે દરેકને લાગણી હોય તે સ્વાભાવિક છે. તેની વાતમાં અતિરેક હોય તે પણ સ્વાભાવિક છે. પરંતુ દેડકાનો એક ગુણ છે કે તે સમુદ્રની નિંદા નથી કરતો. તે ત્યાં પોતાની શ્રેષ્ઠતા બતાવવા ગયો પણ નથી. તે નિજાનંદમાં મસ્ત છે, પરંતુ નિંદાનંદમાં તેને રસ નથી. તે સમુદ્ર વિષે કોઈ ભવિષ્યવાણી, જ્ઞાન રેલાવવાનું કે ઠસાવવાનું દુસ્સાહસ પણ નથી કરતો.

જ્યારે બીજી બાજુ કોઈ ઘુવડ સૌર ઊર્જા પર મનઘઢંત વ્યાખ્યાન કરે અને જંગલનાં બધાં પ્રાણીઓ ઉપર પોતાના જ્ઞાનનો પ્રભાવ પાથરવા માટે યેન કેન પ્રકારેણ તેને પ્રમાણિત કરી દે તો તે ક્ષમ્ય થાય ખરું?

શું આપણી પરંપરામાં બુદ્ધિમત્તા અને તર્કસિદ્ધિનું સ્થાન જ નહોતું? છેલ્લાં બે હજાર વર્ષોથી ભારતમાં ન્યાયદર્શનની પરંપરા ચાલે છે. ન્યાયદર્શનના ગ્રંથોએ જે પ્રખર તર્કસભર શાસ્ત્રાર્થની પદ્ધતિ આપી છે તે સમગ્ર વિશ્વમાં અજોડ છે. સામાન્ય બુદ્ધિશાળી માણસોની બુદ્ધિસીમા પછી ન્યાયદર્શનની સીમાનો આરંભ થાય છે. હા, આ ગ્રંથોને ભણવા માટે અત્યંત ઉચ્ચ કક્ષાની પ્રજ્ઞા જોઈએ. આવા તાર્કિક દર્શનોમાં પણ ભગવાન, આત્મા, મંદિર, પરંપરા, પ્રણાલી આદિનું મંડન જ થયું છે. આપણી સંસ્કૃતિ અને પરંપરાની રક્ષા માટે જ આ ગ્રંથો હતા. જો કોઈને ખરેખર બુદ્ધિશાળી, વિચારક, વિવેચક, મીમાંસક કે તાર્કિકનું પાટિયું

(જુઓ પાનું ૬) ▶▶

વિશેષ

મુકેશ પંડ્યા
feedback@bombay samachar.com

# વિક્રમ સર્જક મંત્રલેખન દ્વારા સંકલ્પ સિદ્ધિ



આપણા શાસ્ત્રોમાં કહ્યું છે કે કળિયુગમાં માત્ર ઈષ્ટદેવનું નામ સ્મરણ કે મંત્રજાપ કરવાથી પણ સુખ, સમૃદ્ધિ અને સિદ્ધિ પ્રાપ્ત થઈ શકશે. તપ, યજ્ઞ, પૂજા પાઠ-અનુષ્ઠાન માટે ઘણા સમય, સંપત્તિ અને શ્રમની જરૂર પડે પણ મંત્ર કે નામસ્મરણ આબાલવૃદ્ધ સહુ કોઈ યથા શક્તિ કરીને પોતાનું તેમ જ બ્રહ્માંડનુ કલ્યાણ કરી શકે છે.

પ્રખર શિવભક્ત, ચોરવાડના વતની અને મોટી કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર બિરાજમાન છતાંય ડાઉન ટુ અર્થ એવા યોગેશ ભાઈ પાઠકને વિચાર આવ્યો કે આ પૃથ્વી પર વધુને વધુ લોકો પંચાક્ષર મંત્ર ઓમ નમઃ શિવાય વારંવાર લખે અને આ કલ્યાણકારી મંત્ર ને પૂર્ણ પણે લોક કલ્યાણ અર્થ સર્વત્ર ફેલાવે. તેમણે સંકલ્પ કર્યો હતો કે સવાસો કરોડ મંત્રો લખાય. આ જોકે જટિલ કાર્ય હતું. આને માટે લાખો ચોપડીઓ છાપવી પડે જેમાં શિવભક્તો આ મંત્ર લખી શકે. આ ચોપડીઓ છપાવવી, દેશ વિદેશ મોકલવી, મંત્ર લેખન થયા પછી પાછી મંગાવવી. મોટા સ્ટોર રૂમમાં સંગ્રહિત કરવી, જાળવણી કરવી આ બધા કામ મહેનત માગી લે એવા હતા. જોકે યોગેશભાઈએ જણાવ્યું તેમ આ બધાં કાર્યો કરનાર અને કરાવનાર ભોલેનાથ મહાદેવ હતા. એ તો માત્ર નિમિત્ત બન્યા.

પાંચમી જૂને પર્યાવરણ દિનના દિવસે તેમણે મત્રલેખન સિદ્ધિ સમારોહ ઉજવ્યો ત્યારે સવાસો કરોડથી પણ વધુ લગભગ ૧૪૦ કરોડ મંત્રો લખાઈ ચૂક્યા છે. આ કાર્યમાં તેમને તેમના ધર્મપત્ની ચેતનાબેન, અન્ય સગાં સહોદર, મિત્રો તેમ જ ગામવાસીઓનો પણ ખૂબ સાથ સહકાર મળ્યો.

પાંચમી જૂને માટુંગા એસ.એન.ડી.ટી. હોલમાં યોજાયેલા આ સંકલ્પ સિદ્ધિ સમારોહમાં મહા મંડલેશ્વર

શ્રી ઋષિકેશથી પધાર્યા હતા. વલસાડ ધરમપુરથી પ્રખ્યાત

(જુઓ પાનું ૬) ▶▶

## સબ સલામત હૈ, એવો રેલવે પ્રશાસનનો દાવો પોકળ

# મધ્ય રેલવેમાં મેગાબ્લોક ઉપરાંત ટ્રેનોની અનિયમિતતાથી પ્રવાસીઓની રઝળપાટ

મુંબઈઃ બે દિવસ પહેલાં રેલવે પ્રશાસન દ્વારા એવું જાહેર કરવામાં આવ્યું હતું કે સિગ્નલ ઈન્ટરલોકિંગ સિસ્ટમનું કામ પૂરું થઇ ગયું છે અને હવેથી ટ્રેનો મોડી નહીં પડે. જોકે અઠવાડિયા સુધી હાલકડોલક ચાલતી ટ્રેનસેવા રવિવારે પણ એનાથી પણ બદતર હાલતમાં દોડતી હતી. રવિવારના મેગા બ્લોકના ત્રાસને સહન કરતા આવતા પ્રવાસીઓને મધ્ય રેલવેની કંગાળ સેવાનો અનુભવ થયો હતો.

છેલ્લા પાંચેક દિવસથી મધ્ય રેલવેમાં લોકલ ટ્રેનોનું સમયપત્રક ખોરવાઇ ગયું છે. દાદર અને સીએસએમટી વચ્ચે દોડતી ટ્રેન રવિવારે પણ ૪૦-૪૫ મિનિટનો સમય લેતી હતી. એક તો ગરમીનો કેર અને ઉપરથી ટ્રેનોના ધાંધિયા- આ બધાને કારણે ઉતારુઓ એટલા બધા પરેશાન થઇ ગયા છે કે તેઓ દાદરથી સીએસએમટી આવવાને બદલે પશ્ચિમ રેલવે દ્વારા ચર્ચગેટ પહોંચવાનું મુનાસિબ માન્યું હતું.

ટ્રેનોના રોજના વિલંબના કારણની તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે સીએસએમટી સ્ટેશન પર યાર્ડની કામગીરી બાદ આ રામાયણ શરૂ થઇ છે. યાર્ડની કામગીરી બાદ સીએસએમટી સ્ટેશનથી જતી અને આવતી તમામ એક્સપ્રેસ ટ્રેનો ૧૦ કલાક વધુ સમય લઈ રહી છે. જેની અસર લોકલ ટ્રેનો પર પણ પડી રહી છે.

સીએસએમટી સ્ટેશન પર પ્લેટફોર્મ ૧૦થી ૧૨ની લંબાઈ વધારવામાં આવી છે. આ ઉપરાંત નવી રુટ રિલે ઇન્ટરલોકિંગ સિસ્ટમ બનાવવામાં આવી છે. આ ટેક્નિકલ શબ્દની સામાન્ય લોકોને સમજ નહીં પડે, પણ જાણકારી માટે કે ટ્રેક (જુઓ પાનું ૪)

# ...તો શનિવારે સર્જાઈ હોત મધ્ય રેલવેમાં મોટી હોનારત

### આંબિવલી-ટિટવાલા વચ્ચે ગૂડ્સ ટ્રેનના ત્રણ કોચ છૂટા પડી ગયા, ટ્રેનસેવા ખોરવાઈ

મુંબઈઃ મધ્ય રેલવેની મેઈન અને હાર્બર લાઈનમાં બે અલગ અલગ બનાવમાં મોટી હોનારત ટળી ગઈ હતી. મધ્ય રેલવેની મેઈન લાઈનમાં ૯૯ કલાકનો બ્લોક લીધા પછી રેલવેની મુશ્કેલીમાં રોજેરોજ વધારો થયા કરે છે. બ્લોક પછી સિગ્નલ સંબંધિત સમસ્યાનો ઉકેલ આવ્યો નથી ત્યારે તાજેતરમાં ગૂડસ ટ્રેનના ત્રણ વેગન અલગ થયા પછી ટ્રેન નીકળી અમુક અંતર સુધી આગળ નીકળી જવાને કારણે રેલવે હરકતમાં આવી ગયું હતું. ગૂડ્સ ટ્રેનના (જુઓ પાનું ૪)

### ગાર્ડની સતર્કતાને કારણે હાર્બર લાઈનમાં ટળી ગયો મોટો અકસ્માત

મધ્ય રેલવેની હાર્બર લાઈનમાં સીએસએમટીથી ગોરેગાંવ જનારી લોકલ ટ્રેનને વડાલા સ્ટેશન પર વાશી દિશામાં જવાનું સિગ્નલ મળ્યું હતું. ગાર્ડની સતર્કતાને કારણે ટ્રેનને રોકવામાં સફળતા મળી હતી નહીં તો મોટો અકસ્માત થયો હોત. આ બનાવ પછી સીએસએમટી-વાશી દિશામાં (જુઓ પાનું ૪)

# મુંબઇ એરપોર્ટ પર એક જ રનવે પર સામસામે આવી ગયાં બે પ્લેન

મુંબઈઃ શનિવારે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સંભવિત દુર્ઘટના ટળી હતી. ઈન્ડિગોની ફ્લાઇટ એ-૩૨૦ એ એક રનવે પર ઉતરી રહી હતી, એ જ સમયે એર ઈન્ડિયાનું એક વિમાન એ જ રનવે પરથી ટેકઓફ કરી રહ્યું હતું. બંને પ્લેન વચ્ચે કેટલીક સેકન્ડનું અંતર હતું. એક વિમાન ટેક ઓફ અને એક વિમાન લેન્ડિંગ કરી રહ્યું હતું. વિગતો અનુસાર, ઈન્દોરથી આવી રહેલી ઈન્ડિગોની ફ્લાઈટને ભૂલથી એ જ રનવે પર લેન્ડ કરવાની મંજૂરી આપવામાં આવી હતી જ્યાંથી એર ઈન્ડિયાનું એક વિમાન તિરુવનંતપુરમ માટે ટેકઓફ કરી રહ્યું હતું. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં, એર ઈન્ડિયાના વિમાન ઉડાન ભરી રહ્યું છે ત્યાં જ ઈન્ડિગોનું વિમાન લેન્ડ થતું જોવા મળે છે. અહેવાલ મુજબ, આ ઘટના ૮ જૂને બની હતી. તમે આ ઘટનાનો દિલધડક વીડિયો જોઈ શકો છો.

ઈન્દોરથી આવી રહેલી ઈન્ડિગોની ફ્લાઈટ ૬-ઈ ૬૦૫૩ને મુંબઈ એરપોર્ટના એટીસી તરફથી લેન્ડિંગ ક્લિયરન્સ મળ્યું હતું. એટીસીની સૂચનાઓને અનુસરીને, કમાન્ડિંગ પાઇલટે તેનું લેન્ડિંગ અભિયાન ચાલુ રાખ્યું હતું. દરમિયાન, ડીજીસીએએ આ મામલાની તપાસ કરી હતી. ડીજીસીએએ મુંબઈ એરપોર્ટ પર બનેલી ઘટનામાં સંડોવાયેલા (જુઓ પાનું ૪)



**રાહતનું પ્રતિબિંબઃ** કાગડોળે જેની રાહ જોવામાં આવી રહી છે એ મેઘરાજાની સવારી ધીમે પગલે મુંબઈ-મહારાષ્ટ્રમાં આવી રહી છે. મુંબઈમાં જળસંકટ ઊભું થયા પહેલા સમયસર મેહુલાનું આગમન થવાથી મુંબઈગરાઓની સાથે દેશની ધનાઢ્ય મહાનગરપાલિકાને પણ રાહત થઈ છે. વરસાદી પાણીમાં પાલિકાની ઈમારતનું પ્રતિબિંબ. (અમય ખરાડે)

# મેઘરાજાએ મોડી રાતે મુંબઈશહેરને ધમરોળ્યું

### ▶ ૧ કલાકમાં ૩ ઈંચ વરસાદ ખાબક્યો
### ▶ થાણે અને પાલઘરમાં મૂશળધાર વરસાદથી અનેક વિસ્તારમાં પાણી ભરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આખરે મુંબઈમાં ચોમાસાનું આગમન થઈ ગયું છે. મુંબઈગરાની રવિવારની વહેલી સવાર ભીની-ભીની રહી હતી તો રાત્રે સાડા નવ વાગ્યે મેઘરાજાની સવારી થઈ હતી. એક જ કલાકમાં ત્રણ ઇંચ વરસાદ ખાબક્યો હતો, એવું હવામાનખાતાના સૂત્રોએ જણાવ્યું હતું. અનેક વિસ્તારોમાં જોરદાર વરસાદ પડી ગયો હતો. એ સાથે જ હવામાન ખાતાએ મુંબઈમાં નૈઋર્ત્યના ચોમાસાનું સત્તાવાર આગમન બે દિવસ વહેલું થયું હોવાની સત્તાવાર જાહેરાત કરી હતી. તો રાજ્યના થાણે અને પાલઘર જિલ્લામાં શનિવાર રાતથી શરૂ થયેલા મુશળધાર વરસાદને કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયાં હતાં તો મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે ભારે વરસાદને કારણે ધસી પડયો હતો.

શનિવાર મધરાત બાદ થાણે, પાલઘર સહિત મુંબઈના વિસ્તારમાં વરસાદ પડવાનું ચાલુ થયું હતું. થોડા દિવસથી વાદળિયું વાતાવરણ રહ્યા બાદ અચાનક આવી પડેલા વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક વ્યાપી ગઈ હતી અને ગરમી અને ઉકળાટથી રાહત મળી હતી. ત્યારે ભારતીય હવામાન (જુઓ પાનું ૪)

# માટુંગામાં વેનની ટક્કરથી લોખંડનો ગેટ તૂટી પડતાં મહિલા ડોક્ટરનું મોત

મુંબઈઃ માટુંગા વિસ્તારમાં વેન સોસાયટીના લોખંડના ગેટમાં ઘૂસી જતાં તે તૂટી પડ્યો હતો, જેમાં મહિલા ડોક્ટરનું મૃત્યુ થયું હતું. , જ્યારે તેની માતા અને સંબંધી ઘવાયાં હતાં.

મૃતકની ઓળખ ડો. મેઘાલી ભટ્ટાચારજી (૫૩) તરીકે થઇ હતી. મેઘાલી શ્રી ષણ્મુખાનંદ ચેરિટેબલ કમ્યુનિટી હેલ્થકેર હોસ્પિટલમાં આઇ કેર વિભાગની પ્રમુખ હતી. તેણે ખાર અને કુર્લા વિસ્તારની હોસ્પિટલમાં કન્સલ્ટેશન પણ કર્યું હતું.

શુક્રવારે ડો. મેઘાલી, તેની ૭૮ વર્ષની માતા બીબા અને સંબંધી ઇમારતના ગેટ પાસે ટેક્સીની વાટ જોતાં ઊભા હતાં. એ સમયે સાયનની હોટેલની વેન ગેટમાં ઘૂસી ગઇ હતી, જેમાં લોખંડનો ગેટ તૂટીને ત્રણેય મહિલા પર પડ્યો હતો.

આ ઘટનામાં ઘાયલ ડો. મેઘાલીનું મૃત્યુ થયું હતું, જ્યારે તેની માતાને સારવાર બાદ રજા અપાઇ હતી. તો સંબંધી હાલ સારવાર હેઠળ છે. આ ઘટના બાદ પોલીસે વેનના ડ્રાઇવર સુરેશ બોગાતીની ધરપકડ કરી હતી. સુરેશની કોર્ટમાં હાજર કરવામાં આવતાં તેને જામીન અપાયા હતા. ■

## મુંબઈગરા આ બાવીસ દિવસ જરા સંભાળજો

# દરિયામાં ભરતી દરમિયાન ૪.૫ મીટર કરતાં વધુ ઊંચાં મોજાં ઊછળશે

### સૌથી મોટી ભરતી ૨૦ સપ્ટેમ્બરે છેઃ પાલિકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આ વર્ષે ચોમાસામાં ૨૨ દિવસ દરિયામાં ભરતી દરમિયાન મોજાં સાડાચાર મીટર કરતાં પણ વધુ ઊંચા ઉછળશે, તેમાં પણ ૨૦ સપ્ટેમ્બરના દરિયામાં મોટી ભરતી હશે એ દરમિયાન મોજાં ૪.૮૪ મીટર ઊંચાં ઉછળશે. આ દિવસો દરમિયાન જો ભારે વરસાદ પડ્યો તો મુંબઈ સહિત થાણે, મીરા-ભાયંદર જેવા વિસ્તારોમાં જળબંબાકાર થવાની શક્યતા છે. પાલિકાએ નાગરિકોને આ દિવસે સાવચેતી રાખવાની અપીલ કરી છે. દરમિયાન ૧૧મી જૂનને બદલે બે દિવસ પહેલાં જ મેઘરાજાએ પધરામણી કરી હતી અને થાણે શહેરને હચમચાવી મૂક્યું હતું. અહીં ભારે વરસાદ પડવાને કારણે અનેક ઠેકાણે પાણી ભરાઈ ગયાં હતાં. જોકે છેલ્લા ઘણા સમયથી ઉકળાટનો સામનો કરી રહેલા મુંબઈગરાને શનિવારે રાતથી પડેલા વરસાદને કારણે તાપમાનમાં થયેલા (જુઓ પાનું ૪)

# થાણે શહેરમાં ૧૦ ટકા પાણી કાપ અમલમાં

થાણેઃ મુંબઈ બાદ થાણે મહાનગરપાલિકા વિસ્તારમાં પણ ૧૦ ટકા પાણીકાપ લાગુ કરી દેવામાં આવ્યો હોવાની જાહેરાત થાણે પાલિકાએ કરી છે. મુંબઈ મહાનગરને પાણીપુરવઠો કરનારાં જળાશયોમાં પાણીના જથ્થામાં સતત ઘટાડો થઈ રહ્યો છે અને ચોમાસામાં સારો વરસાદ પડીને જ્યાં સુધી પાણીની સપાટીમાં વધારો થાય નહીં ત્યાં સુધી મુંબઈમાં ૧૦ ટકા પાણીકાપ અમલમાં રહેવાનો છે. મુંબઈ મહાનગરપાલિકા દ્વારા થાણે મહાનગરપાલિકાને પણ પાણીપુરવઠો (જુઓ પાનું ૪)

# પુત્રવધૂને પ્રધાન બનતાં સસરા ખડસેની આંખમાંથી હર્ષનાં આંસુ વહ્યાં

### મતદારોનો ખરા મનથી માન્યો આભાર

મુંબઈઃ લોકસભાની ચૂંટણીમાં રાવર લોકસભા મતવિસ્તારના ભાજપના નવા ચૂંટાયેલાં સાંસદ રક્ષા ખડસેને પ્રધાનપદ મળવાની શક્યતા છે. રક્ષા ખડસેને ભાજપ તરફથી મંત્રી તરીકે શપથ ગ્રહણ કરવા માટે દિલ્હી આવવાનો ફોન આવ્યો હતો. તેઓ આજે શપથ ગ્રહણ સમારોહ માટે દિલ્હી ગયાં છે. તેમની સાથે તેમના સસરા અને ભાજપના વરિષ્ઠ નેતા એકનાથ ખડસે પણ દિલ્હી ગયા છે. દરમિયાન પુત્રવધૂને પ્રધાન બનવાની તક મળતાં સસરા એકનાથ ખડસેની આંખોમાં આંસુ આવી ગયાં હતાં. તેમના ગળે ડૂમો ભરાઈ ગયો હતો અને બાદમાં તેમણે ભીની આંખે ખુશી વ્યક્ત કરી હતી.

અમારો પરિવાર અને ગ્રામજનો ખૂબ જ ખુશ છે કે રક્ષા ખડસે કેન્દ્રીયપ્રધાન બની રહ્યાં છે. મને લાગે છે કે ઘણાં વર્ષો સુધી ભાજપમાં કામ કરવાને કારણે અને તેમના કામ અને ભાજપ પ્રત્યેની વફાદારીના પરિણામે આજે રક્ષા ખડસેને શપથ ગ્રહણ માટે બોલાવવામાં આવ્યાં છે. અમારા પરિવાર સાથે બધાના આશીર્વાદ છે. ખાસ કરીને ત્રીજી વખત રક્ષા ખડસેને તક આપવા બદલ મતદારોનો આભાર. મતદારોના કારણે જ તેમને દિલ્હી અને કેન્દ્રીય પ્રધાનપદની તક મળી, એમ એકનાથ ખડસેએ કહ્યું હતું.

શું તમે પણ રક્ષા ખડસે સાથે દિલ્હી જશો? એવો સવાલ જ્યારે એકનાથ ખડસેને કરવામાં આવ્યો ત્યારે તેમણે જણાવ્યું હતું કે, હું પણ દિલ્હી જઈ રહ્યો છું. એકનાથ ખડસેએ એમ પણ જણાવ્યું હતું કે રક્ષા ખડસે ઉત્તર મહારાષ્ટ્રનાં પ્રથમ મહિલા પ્રધાન છે અને તેમની મહારાષ્ટ્રની નવી કેબિનેટમાં પ્રથમ મહિલા મંત્રી તરીકે પણ પસંદગી કરવામાં આવી છે. બીજા શબ્દોમાં કહીએ તો નવી કેબિનેટમાં મહારાષ્ટ્રના મહિલા મંત્રી તરીકે રક્ષાતાઈનું નામ આપવામાં આવ્યું છે. તેથી મહારાષ્ટ્રના પ્રધાન તરીકે તેમણે મહારાષ્ટ્ર અને જળગાંવને ન્યાય આપવાનો પ્રયાસ કરવો જોઈએ. રક્ષા ખડસેના વખાણ કરતાં એકનાથ ખડસેની આંખોમાં આંસુ આવી ગયાં હતાં. તેમને ગળે ડૂમો બાઝ્યો હતો. રક્ષા ખડસેને પ્રધાનપદના શપથ લેવા માટે બોલાવવામાં આવ્યા તેનાથી તેમને ઘણી જ ખુશી થઇ છે. અત્રે ઉલ્લેખનીય છે કે રક્ષા ખડસે સતત ત્રીજી વખત રાવર લોકસભાથી સાંસદ તરીકે ચૂંટાયાં છે. પોતાની જીત બાદ રક્ષા ખડસેએ જણાવ્યું હતું કે લોકસભાની ચૂંટણીમાં જીત અને આ સફળતા લોકોને લીધે છે. કારણ કે જનતાના કારણે હું ત્રીજી વખત સાંસદ તરીકે ચૂંટાઇ છું. હું અમારા તમામ નેતાઓનો આભાર માનું છું, તેમના યોગદાનને કારણે હું ચૂંટાઇ છું. ■

# કોસ્ટલ રોડ અઠવાડિયામાં પાંચ દિવસ જ ખુલ્લો રહેશે

### આજે ઉદ્ઘાટન બાદ મંગળવારથી ટ્રાફિક માટે ખુલ્લો મુકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાનો અત્યંત મહત્ત્વાકાંક્ષી ગણાતો અને ૧૩,૯૮૪ હજાર કરોડ રૂપિયાના ખર્ચે બનેલા મુંબઈ કોસ્ટલ પ્રોજેક્ટમાં બીજા તબક્કાના રોડને સોમવારે ઉદ્ઘાટન બાદ મંગળવારથી વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવવાનો છે. જોકે હાલ સોમવારથી શુક્રવાર અઠવાડિયાના પાંચ દિવસ જ વાહનચાલકો કોસ્ટલ રોડનો ઉપયોગ કરી શકશે. પ્રોજેક્ટમાં હજી અમુક કામ બાકી હોવાથી તે કામ શનિવાર અને રવિવારની રજાના દિવસે કરવામાં આવવાના છે.

મુંબઈ કોસ્ટલ રોડના બીજા તબક્કામાં મંગળવાર, ૧૧ જૂનથી મરીન ડ્રાઈવથી ઉત્તરમાં ભુલાભાઈ દેસાઈ રોડ, બેરિસ્ટર રજની પટેલ ચોક (લોટ્સ જેટ્ટી) અને વત્સલાબાઈ દેસાઈ ચોક (હાજી અલી ચોક) આ ત્રણ રોડ સુધીનો પ્રવાસ વાહનચાલકો કરી શકશે. તો કોસ્ટલ રોડથી ઉત્તર તરફનો પ્રવાસ વધુ સુવિધાજનક બનાવવા માટે બિંદુમાધવ ઠાકરે ચોક સુધીના (જુઓ પાનું ૪)

# પ્રફુલ્લ પટેલને કરોડોની માલમતા પાછી મળશે

મુંબઈઃ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ અજિત પવાર જૂથના નેતા અને રાજ્યસભાના સંસદ સભ્ય પ્રફુલ પટેલને મુંબઈ સ્થિત અપીલ ન્યાયાધિકરણે મોટી રાહત આપી છે. થોડા વખત પહેલા એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ પ્રફુલ પટેલની ૧૮૦ કરોડની માલમત્તા જપ્ત કરી હતી. આ કાર્યવાહી ગેરકાનૂની હોવાની સ્પષ્ટતા ન્યાયાધિકરણ દ્વારા કરવામાં આવી છે. પ્રફુલ પટેલ સાથે સંબંધ ધરાવતી સીજે હાઉસ ઈમારતમાં ચાર માળ પર ટાંચ મારવામાં આવી હતી. દાઉદ ઈબ્રાહિમના વિશ્વાસુ ઈકબાલ મિર્ચી પરિવાર સાથે આ જગ્યા સંદર્ભે વ્યવહાર કરવામાં આવ્યો હોવનો આરોપ છે. એ સંદર્ભે ઈડી દ્વારા તપાસ કરવામાં આવી રહી હતી. જોકે, મુંબઈ સ્થિત અપીલ ન્યાયાધિકરણે ઈડીનો દાવો ફગાવી દીધો છે.

પ્રફુલ પટેલની માલમત્તા મની લોન્ડરિંગ મામલામાં નથી આવતી અને એનો મિર્ચી સાથે કોઈ સંબંધ નથી એવું પણ જણાવવામાં આવ્યું છે. અપીલ ન્યાયાધિકરણે વધુમાં જણાવ્યું છે કે સીજે હાઉસ સ્થિત મેમણ અને તેના બે પુત્ર સંબંધિત ૧૪ હજાર ચોરસ ફૂટની જગ્યા ઈડીએ જપ્ત કરી હોવાથી પ્રફુલ પટેલની માલમત્તા જપ્ત કરવાનો સવાલ જ નથી આવતો કારણ કે તેમનો આ ગુના સાથે કોઈ સંબંધ નથી. ■

# નાગપુરમાં હથિયારના ઘા ઝીંકી કોન્ટ્રેક્ટરની હત્યા

નાગપુરઃ મહિલાને લઇ થયેલા વિવાદમાં તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી લેબર કોન્ટ્રેક્ટરની હત્યા કરાઇ હતી, એમ પોલીસે જણાવ્યું હતું. પોલીસે આ પ્રકરણે ૧૯ વર્ષના યુવકની ધરપકડ કરી હતી, જ્યારે બે કિશોરને તાબામાં લીધા હતા. નાગપુરના એમઆઇડીસી વિસ્તારમાં શનિવારે રાતે આ ઘટના બની હતી. જેમાં મૃત્યુ પામેલા લેબર કોન્ટ્રેક્ટરની ઓળખ બાદલ નિંભ્રાતે (૨૭) તરીકે થઇ હતી. આરોપી પાટીલની ગર્લફ્રેન્ડની બાદલ છેડતી કરતો હતો અને ગર્લફ્રેન્ડથી દૂર રહેવાની તેને આરોપીએ ચેતવણી પણ આપી હતી. ■

# મોદી ૩.૦ કેબિનેટમાં મહારાષ્ટ્રના છ પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સતત ત્રીજી વખત પીએમ પદના શપથ લીધા હતા. રાષ્ટ્રપતિ ભવનમાં શપથ ગ્રહણ સમારોહની તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૮૦૦૦ થી વધુ મહાનુભાવોએ હાજરી આપી હતી. જે સંસદસભ્યોને શપથ ગ્રહણ કરવાના હતા તેમને પહેલેથી જ દિલ્હીથી ફોન કરીને જાણકારી આપવામાં આવી હતી એમ પણ જાણવા મળ્યું હતું.

મહારાષ્ટ્રમાંથી પાંચ સાંસદો પ્રધાન બન્યા હતા. મહારાષ્ટ્રના ભાજપના સાંસદ નીતિન ગડકરી, પીયૂષ ગોયલ, મુરલીધર મોહોળ અને રક્ષા ખડસેને કેન્દ્રીય પ્રધાન બનાવવામાં આવ્યાં હતાં.

આ સાથે જ આરપીઆઈ ચીફ રામદાસ આઠવલેને ત્રીજી વખત મોદી સરકારમાં પ્રધાન બનવાની તક મળશે. બીજી તરફ, એકનાથ શિંદેની શિવસેનાને એક કેન્દ્રીય પ્રધાન પદ મળ્યું છે, જ્યારે અજિત પવારની એનસીપીના કોઈ નેતાને શપથ ગ્રહણ સમારોહમાં શપથ લેવડાવવામાં આવ્યા નહોતા. શિંદે કેમ્પના સાંસદ પ્રતાપરાવ જાધવને પ્રધાન તરીકે શપથ લેવડાવવામાં આવ્યા હતા.

મોદી સરકારના ત્રીજા કાર્યકાળ માટે પ્રધાન પદ આપતી વખતે પ્રાદેશિક અને જ્ઞાતિનું સંતુલન પણ જાળવવામાં આવ્યું હતું. જો આપણે ધ્યાન આપીએ તો નીતિન ગડકરી વિદર્ભના, જ્યારે પીયૂષ ગોયલ મુંબઈના પ્રતિનિધિ છે. જાતિના સમીકરણને જોતા રામદાસ આઠવલેને ફરીથી કેન્દ્રીય પ્રધાન બનાવવામાં આવી રહ્યા છે, જ્યારે ઉત્તર મહારાષ્ટ્રના વરિષ્ઠ નેતા એકનાથ ખડસેની પુત્રવધૂ રક્ષા ખડસેને પ્રધાન બનવાની

### કેબિનેટ પ્રધાનનો આગ્રહ રાખવાને કારણે એનસીપીને સ્થાન નહીં: ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અને રાજ્ય ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસે રવિવારે કહ્યું હતું કે અજિત પવારના નેતૃત્વ હેઠળની એનસીપીને કેબિનેટ દરજ્જાનું પ્રધાનપદુ જોઈતું હતું અને તેમણે ભાજપની રાજ્યકક્ષાના સ્વતંત્ર પ્રભારના ખાતાની ઓફર ઠુકરાવી દીધી હોવાથી તેઓ રવિવારના શપથગ્રહણમાં શપથ ગ્રહણ કરી શક્યા નહોતા. અમે એક પ્રધાનપદાની ઓફર કરી હતી, જે તેમણે નકારી કાઢી હતી, એમ ફડણવીસે કહ્યું હતું. તેમણે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે કેબિનેટના વિસ્તરણમાં એનસીપીનો સમાવેશ કરાશે.■

# થાણેમાં અપહરણ કરાયેલા છ મહિનાના બાળકનો છુટકારો

### બેની ધરપકડ

થાણેઃ થાણે જિલ્લામાં છ મહિનાના બાળકનું અપહરણ કરવા બદલ રવિવારે પોલીસે રિક્ષાચાલક અને દરજીની ધરપકડ કરી હતી. અપહૃત બાળકનો ઉલ્હાસનગરમાં દરજીના નિવાસેથી છુટકારો કરાવવામાં આવ્યો હતો.

કલ્યાણના મુરબાડ માર્ગ પરના ફૂટપાથ પર શુક્રવારે મળસકે બાળક તેની માતા સાથે સૂઇ રહ્યું હતું ત્યારે રિક્ષાચાલકે તેનું અપહરણ કર્યું હતું.

ડેપ્યુટી પોલીસ કમિશનર (ઝોન-૩ કલ્યાણ) સચિન ગુંજાલે જણાવ્યું હતું કે પુત્ર મળી ન આવતાં તેની માતાએ મહાત્મા ફૂલે ચોક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે અપહરણનો ગુનો દાખલ કરીને તેની શોધ માટે ત્રણ ટીમ તૈયાર કરાઇ હતી.

પોલીસ ટીમે ઘટનાસ્થળ તથા આસપાસના વિસ્તારોમાંના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા અને ત્યાર બાદ મળેલી માહિતીને આધારે રિક્ષાચાલકને તાબામાં લીધો હતો, જેની ઓળખ દિનેશ ભૈયાલાલ સરોજ (૩૫) તરીકે થઇ હતી. (પીટીઆઇ)■

# પશ્ચિમ રેલવેએ ખુદાબક્ષો પાસેથી વસૂલ્યો ₹ ૩૮ કરોડનો દંડ

મુંબઈઃ પશ્ચિમ રેલવેમાં પ્રવાસીઓનો પ્રવાસ આરામદાયક અને સુરક્ષિત રહે એ માટે લોકલ, મેલ, એક્સપ્રેસ તેમ જ પેસેન્જન રેલવે અને સ્પેશિયલ ટ્રેનોમાં વિના ટિકિટ પ્રવાસ કરનારા પ્રવાસીઓ પર રેલવે દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. હાલમાં રેલવે દ્વારા સ્પેશિયલ ટિકિટ ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી છે. એપ્રિલ, મે, ૨૦૨૪ દરમિયાન અનેક સ્પેશિયલ ડ્રાઈવ હાથ ધરીને ખુદાબક્ષ પ્રવાસીઓ પાસે કરોડો રૂપિયાનો દંડ વસૂલ્યો હતો. પશ્ચિમ રેલવે દ્વારા એપ્રિલ અને મે મહિનામાં ૩૮ કરોડ રૂપિયાનો દંડ વસૂલ્યો છે. એકલા મે મહિનામાં ટિકિટ વિના પ્રવાસ કરનારા ૨.૮૦ લાખ પ્રવાસીઓ પાસેથી ૧૭.૧૯ કરોડ રૂપિયાનો દંડ વસૂલ્યો હતો. મુંબઈ ઉપનગરીય વિભાગમાં એક લાખ પ્રવાસીઓ પાસેથી ૪.૭૧ કરોડ રૂપિયાનો દંડ વસૂલ્યો હતો. આ ઉપરાંત પશ્ચિમ રેલવે દ્વારા એસી લોકલમાં ટ્રેનમાં ટિકિટ વિના પ્રવાસ કરનારા પ્રવાસીઓ સામે કાર્યવાહી કરવા માટે પણ ટિકિટ ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. ■

## પુણેમાં હૃદય કંપાવી દે એવો અકસ્માત

# પુણેમાં ગર્ભવતી મહિલાને કારચાલકે અડફેટે લેતાં ફૂટબોલની જેમ ફંગોળાઈ

પુણેઃ પુણેના નિઘોજેમાં અજ્ઞાત વાહનચાલકે ગર્ભવતી મહિલાને અડફેટે લેતાં એ ગંભીર રીતે જખમી થઇ હતી. કારચાલકે મહિલાને એટલી જોરદાર ટક્કર મારી હતી કે ગર્ભવતી મહિલા ફૂટબોલની જેમ ફંગોળાઈ હતી. મહિલાને અડફેટે લીધી હોવાનો વીડિયો વાઈરલ થયો હતો. મહિલાની ઓળખ પોલીસે શ્રદ્ધા ચેળવંડે તરીકે કરી હતી.

અકસ્માતમાં જખમી થયેલી શ્રદ્ધા ગર્ભવતી હતી. જોકે તેનો ગર્ભ સુખરૂપ હોવાની માહિતી પોલીસે આપી હતી. પોલીસે અડફેટે લેનારા વાહનચાલકને (જુઓ પાનું ૪)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u




# ન્યૂ યૉર્કનું મેદાન તિરંગામયઃ ગેઈલ પણ ગેલમાં આવી ગયો





ન્યૂ યૉર્કમાં ગઈ કાલે વરસાદના વિઘ્ન બાદ ખેલાડીઓ સ્થાનિક બાળકો સાથે રાષ્ટ્રગીત માટે મેદાન પર આવ્યા હતા (એકદમ ડાબે). રમત શરૂ થયા બાદ ફરી વરસાદનું વિઘ્ન આવ્યું હતું. ભૂતપૂર્વ ક્રિકેટર ક્રિસ ગેઈલ ભારતીય તિરંગા જેવા રંગોની સ્લીવવાળો કોટ પહેરીને મેદાન પર આવ્યો હતો (ડાબે) અને એના પર રોહિત-વિરાટ સહિતના ખેલાડીઓના ઑટોગ્રાફ લીધા હતા. (એપી/પીટીઆઇ)

# સાનિયા મિર્ઝા હજયાત્રાએ જવા નીકળી

## પોતાનાથી કંઈ ખોટું થયું હોય, કોઈ ખામી રહી ગઈ હોય તો એ બદલ મિત્રો-ચાહકોની ક્ષમા માગી!



હૈદરાબાદ/દુબઈઃ મૂળ હૈદરાબાદની અને વર્ષોથી દુબઈમાં રહેતી ભારતની ભૂતપૂર્વ ટેનિસ ક્વીન સાનિયા મિર્ઝા હજયાત્રાએ જવા નીકળી છે. પાકિસ્તાનના ક્રિકેટર શોએબ મલિક સાથેના તલાકને પાંચ મહિના થઈ ગયા છે અને આ કઠિન પાંચ મહિના દરમ્યાન તે સોશિયલ મીડિયા પર બહુ ઓછી આવી છે. જોકે હજયાત્રા માટે સાઉદી અરેબિયા જવા રવાના થતાં પહેલાં સાનિયાએ પોતાના ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર પોતાની હજયાત્રા વિશેની જાણકારી શૅર કરવાની સાથે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ હજયાત્રાથી તેની મનોદશામાં મોટું પરિવર્તન આવશે. સાનિયાએ મીડિયામાં પોતાના મિત્રો અને સ્વજનોને ઉદ્દેશીને લખ્યું હતું કે 'મને પૂરી ખાતરી છે કે મારાથી કંઈ ખોટું થયું હોય કે મારાથી કોઈ પ્રકારની ખામી રહી ગઈ હોય તો તમે મને માફ કરી દેશો.'

સાનિયા સાથેના લગ્નજીવન દરમ્યાન જ શોએબ મલિકે પાકિસ્તાનની અભિનેત્રી સના જાવેદ સાથે રિલેશનશિપ બાંધી હતી અને છેવટે સાનિયાએ શોએબની આ રિલેશનશિપથી કંટાળીને તેની સાથે ડિવૉર્સ લઈ લીધા. સાનિયાએ સોશિયલ મીડિયા પરની પોસ્ટમાં આ પ્રમાણે લખ્યું છે, 'મારા વ્હાલા મિત્રો અને સ્વજનો, મને પવિત્ર હજયાત્રા કરવાની અમૂલ્ય તક મળી છે. હું આશા રાખીશ કે તમે સર્વે મને દુઆમાં યાદ રાખશો.' ■

# 'તેલ લગા કે ડાબર કા, વિકેટ ગિરાઓ બાબર કા...' રિષભ પંતે આ સૂત્ર સાંભળીને જાણો શું પ્રતિક્રિયા આપી?



ન્યૂ યૉર્કઃ થોડાં વર્ષોથી ભારતની પાકિસ્તાન સામેની મૅચ વખતે ભારતમાં ખાસ કરીને પાકિસ્તાની કૅપ્ટન બાબર આઝમને નિશાન બનાવીને એક સૂત્ર પોકારવામાં આવે છે અને એનો ઉલ્લેખ તાજેતરમાં 'આપ કી અદાલત' શોમાં વિખ્યાત પત્રકાર રજત શર્માએ વિકેટકીપર-બૅટર રિષભ પંતના લીધેલા ઇન્ટરવ્યૂ દરમ્યાન કર્યો ત્યારે પંત પણ તેમના મંતવ્ય સાથે સહમત થયો હતો. ફેમસ થયેલું સૂત્ર આ મુજબ છેઃ 'તેલ લગા કે ડાબર કા, વિકેટ ગિરાઓ બાબર કા...'

રવિવાર, ૯ જૂનની ટી-૨૦ વર્લ્ડ કપની મૅચ પહેલાં સોશિયલ મીડિયામાં 'ડાબર...બાબર'વાળા સૂત્રની વાત કરીને રજત શર્માએ પંતને એના સંબંધમાં પ્રતિક્રિયા માગી ત્યારે પહેલાં તો પંત ખૂબ હસ્યો હતો અને પછી તેણે ક્રિકેટ પ્રત્યે બન્ને દેશના લોકોમાં જે પૅશન હોય છે એની વાત કરી હતી.

રજત શર્માએ પંતને પૂછ્યું, 'અગાઉ જ્યારે ભારત-પાકિસ્તાનની મૅચ હતી ત્યારે ભારતમાં લોકોનું સૂત્ર હતું, 'તેલ લગા કે ડાબર કા, વિકેટ ગિરાઓ બાબર કા...' એ વિશે તમારું શું માનવું છે?'

પંતે જવાબમાં કહ્યું, 'ખેલાડી તરીકે કહું તો તે પણ પોતાના દેશ માટે અથાક મહેનત કરતો હોય છે. મસ્તી-મજાક હંમેશાં થતી જ હોય છે, એક દેશ પ્રત્યેની ભાવનાના રૂપમાં લોકોની લાગણીઓ જે રીતે એકરૂપ થતી હોય છે એ જોવું ખૂબ રસપ્રદ બની જતું હોય છે, પછી ભલે ભારત દેશના ક્રિકેટફૅન્સની ભાવના હોય કે પાકિસ્તાન દેશના ક્રિકેટપ્રેમીઓની. જેમ તમે કહ્યું કે તેલ લગા કે ડાબર કા, વિકેટ ગિરાઓ બાબર કા...આવી બધી બાબતોથી ક્રિકેટ ખૂબ રસપ્રદ બની જતી હોય છે.'

પંતે કાર-અકસ્માતને લીધે થયેલી ઈજા બદલ લગભગ દોઢ વર્ષ સુધી મેદાનથી દૂર રહ્યા બાદ તાજેતરમાં જ કમબૅક કર્યું છે. તેણે આઇપીએલમાં ૪૪૬ રન બનાવ્યા હતા અને ત્યાર બાદ બાંગલાદેશ સામેની વૉર્મ-અપ મૅચમાં ૩૨ બૉલમાં ૫૩ રન તેમ જ આયરલૅન્ડ સામેની પ્રથમ લીગ મૅચમાં ૨૬ બૉલમાં અણનમ ૩૬ રન બનાવ્યા હતા.

# ડિફેન્ડિંગ ચેમ્પિયન ઇંગ્લૅન્ડની એક્ઝિટ સંભવ છે

## ઑસ્ટ્રેલિયા ૨૦૦ રનના ટોટલ સુધી પહોંચનારી પહેલી ટીમ બની અને વિજેતા થઈઃ ઝૅમ્પા મૅન ઑફ ધ મૅચ

બ્રિજટાઉન (બાર્બેડોઝ): ઑસ્ટ્રેલિયા (૨૦ ઓવરમાં ૨૦૧/૭)એ શનિવારે ટી-૨૦ વર્લ્ડ કપમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન ઇંગ્લૅન્ડ (૨૦ ઓવરમાં ૧૬૫/૬)ને ૩૬ રનથી હરાવીને જોસ બટલરની ટીમનું આ ટૂર્નામેન્ટમાં ટકવું મુશ્કેલ કરી દીધું હતું. ગ્રૂપ "બી"માં ૨૦૨૨ના ચેમ્પિયન ઇંગ્લૅન્ડ પાસે બે મેચ બાદ હવે માત્ર એક પોઈન્ટ છે જે એને સ્કૉટલૅન્ડ સામેની અનિર્ણીત મેચ બદલ મળ્યો હતો.

દરેક ગ્રૂપમાંથી માત્ર બે ટીમ સુપર એઇટ રાઉન્ડમાં જશે. ઇંગ્લૅન્ડ હજી પણ ક્વોલિફાઈ થઈ શકે એમ છે. જોકે એણે ગુરુવારે ઓમાનને અને શનિવારે નામિબિયાને હરાવવું જ પડશે. એ ઉપરાંત ઇંગ્લૅન્ડનો નેટ રન-રેટ સ્કોટલૅન્ડથી સારો હોવો જોઈશે.

ઑસ્ટ્રેલિયા આ વખતના વિશ્વ કપમાં ૨૦૦ રન સુધી પહોંચનારી પ્રથમ ટીમ બની હતી.

એક તરફ આઈપીએલ-૨૦૨૪માં બીજા જ દિવસે (૨૩મી માર્ચે) ૨૦૦ રનનું ટોટલ (કોલકાતા ૨૦૮/૭, ઈડન ગાર્ડન્સમાં, હૈદરાબાદ સામે) જોવા મળ્યું હતું અને આખી સીઝનમાં કુલ ૪૧ વાર ૨૦૦-પ્લસનો ટીમ-સ્કોર નોંધાયો હતો ત્યાં હવે ટી-૨૦ વર્લ્ડ કપ-૨૦૨૪માં પહેલી વાર ૨૦૦ રન જોવા મળ્યા અને એ પણ ટૂર્નામેન્ટ શરૂ થયાના છેક આઠમા દિવસે.



ઝૅમ્પાએ ફિલ સૉલ્ટને ૩૭ રને ક્લીન બોલ્ડ કર્યો હતો. (એપી/પીટીઆઇ)

શનિવારે બ્રિજટાઉનમાં એક સ્કવેર બાઉન્ડરી નવ મીટર ટૂંકી હતી (પિચથી કુલ માત્ર ૫૮ મીટર દૂર હતી) એટલે ઑસ્ટ્રેલિયાના ઓપનર્સ ડેવિડ વૉર્નર (૩૯ રન, ૧૬ બોલ, ચાર સિક્સર, બે ફોર) તથા ટ્રેવિસ હેડ (૩૪ રન, ૧૮ બોલ, ત્રણ સિક્સર, બે ફોર)ની જોડીએ શરૂઆતથી જ એનો પૂરો ફાયદો ઉઠાવી એ ટૂંકી બાઉન્ડરી (શોર્ટ લેગ બાઉન્ડરી) તરફ વધુ રન બનાવ્યા હતા. પેસ બોલર માર્ક વૂડની પ્રારંભિક ઓવરમાં બાવીસ રન બન્યા બાદ કૅપ્ટન બટલરે બીજી ઓવર પાર્ટ-ટાઈમ ઑફ સ્પિનર વિલ જૅક્સને આપવાની મોટી ભૂલ કરી હતી. તેની એ ઓવરમાં ચાર બૉલમાં ત્રણ સિક્સર ગઈ હતી અને આખી ઓવરમાં પણ બાવીસ રન બન્યા હતા. કહેવાય છેને કે જેની શરૂઆત સારી એનો અંત પણ મોટા ભાગે સારો જ હોય છે. હેડ-વૉર્નર વચ્ચે પાંચ ઓવરમાં ૭૦ રનની ભાગીદારી થઈ હતી જે છેવટે મૅચ-વિનિંગ નીવડી હતી.

બન્નેને અનુક્રમે મોઇન અલી અને જૉફ્રા આર્ચરે ક્લીન બોલ્ડ કર્યા હતા.

ઑસ્ટ્રેલિયાની ટીમને ૨૦૦-પ્લસનો સ્કોર અપાવવામાં કેપ્ટન મિચલ માર્શ (૩૫ રન), સ્ટોઈનિસ (૩૦ રન), મેક્સવેલ (૨૮ રન) અને મેથ્યૂ વેડ (૧૭ અણનમ)ના પણ સાધારણ યોગદાન હતા. બ્રિટિશ ટીમ વતી ક્રિસ જૉર્ડને સૌથી વધુ બે વિકેટ લીધી હતી.

ઇંગ્લૅન્ડે ફિલ સોલ્ટ (૩૭ રન, ૨૩ બોલ, બે સિક્સર, ચાર ફોર) અને સુકાની બટલર (૪૨ રન, ૨૮ બોલ, બે સિક્સર, પાંચ ફોર) વચ્ચેની ૭૩ રનની ભાગીદારી સાથે શરૂઆત સારી કરી હતી, પણ સ્પિનર ઍડમ ઝૅમ્પાએ પોતાની બે ઓવરમાં સૉલ્ટ અને બટલરને પેવિલિયન ભેગા કરીને ઇંગ્લૅન્ડના સઢમાંથી હવા કાઢી નાખી હતી. ઝૅમ્પાને એ શરૂઆતની બે વિકેટના પર્ફોર્મન્સ બદલ જ મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો.

પૅટ કમિન્સે પણ બે વિકેટ તેમ જ હૅઝલવૂડ, સ્ટોઈનિસે એક-એક વિકેટ લીધી હતી. આઈપીએલના હીરો મિચલ સ્ટાર્કને ૩૭ રનમાં અને મૅક્સવેલને બાવીસ રનમાં વિકેટ નહોતી મળી. ■

# વર્લ્ડ કપનો લોએસ્ટ ૩૯ રનનો સ્કોર હવે યુગાન્ડાના નામે પણ લખાયો

## ૨૦૧૪માં નેધરલૅન્ડ્સ પણ ૩૯માં આઉટ થયેલુંઃ વેસ્ટઈન્ડિઝની વિક્રમી ૧૩૪ રનથી જીત

પ્રૉવિડન્સ (ગયાના): ટી-૨૦ વર્લ્ડ કપમાં ગઈ કાલે વેસ્ટ ઈન્ડિઝે યુગાન્ડાને ખરાબ રીતે હરાવ્યું હતું. કૅરિબિયન ટીમનો ૧૩૪ રનના તોતિંગ માર્જિનથી વિજય થયો હતો. આ વર્ષે વેસ્ટ ઈન્ડિઝની આ સતત છઠ્ઠી જીત છે.

વેસ્ટ ઈન્ડિઝે ટૉસ જીતીને બૅટિંગ પસંદ કરી હતી અને પાંચ વિકેટે ૧૭૩ રન બનાવ્યા હતા. જવાબમાં ક્રિકેટની નવીસવી યુગાન્ડાની ટીમનું માત્ર ૩૯ રનમાં પડીકું વળી ગયું હતું. ટી-૨૦ વર્લ્ડ કપમાં સૌથી નીચો ૩૯ રનનો ટીમ-સ્કોર અગાઉ નેધરલૅન્ડ્સના નામે હતો જે ૨૦૧૪માં શ્રીલંકા સામે નોંધાયો હતો.

હવે યુગાન્ડા પણ ૩૯ રનમાં આઉટ થઈ જતાં નેધરલૅન્ડ્સ સાથે બૅડ-બુકમાં આવી ગયું છે.

૨૦૧૪ના વર્લ્ડ કપમાં મીરપુરમાં પાકિસ્તાન સામેની ૮૪ રનની જીતને વટાવીને તમામ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં વેસ્ટ ઈન્ડિઝની આ (૧૩૪ રનની) સૌથી મોટી જીત છે. યુગાન્ડાના ત્રણ બૅટર ઝીરો પર આઉટ થઈ ગયા હતા.



કૅરિબિયન સ્પિનર અકીલ હોસૈને ૧૧ રનમાં પાંચ વિકેટ લીધી હતી.

એક જ બૅટર જુમા મિયાગી (૧૩ અણનમ) ડબલ-ડિજિટમાં રન બનાવી શક્યો હતો.

વેસ્ટ ઈન્ડિઝની જીતનો હીરો લેફ્ટ-આર્મ સ્પિનર અકીલ હોસૈન હતો જેણે ૪ ઓવરમાં ૧૧ રન આપીને ૫ વિકેટ ઝડપી હતી. પાંચમાંથી ત્રણ બૅટર એલબીડબ્લ્યૂ અને બે ક્લીન બોલ્ડ થયા હતા.

અલ્ઝારી જોસેફે બે વિકેટ લીધી હતી. અકીલનું આ પ્રદર્શન ટી-૨૦ વર્લ્ડ કપમાં વેસ્ટ ઈન્ડિઝના કોઈપણ બોલર દ્વારા સર્વશ્રેષ્ઠ છે.

અકીલે આમ ૨૦૧૪માં મીરપુરમાં બાંગ્લાદેશ સામેના સેમ્યૂઅલ બદરીના ૪/૧૫ના પ્રદર્શનને ઝાંખુ પાડી દીધું છે.

યુગાન્ડાની ટીમ એક સમયે ટી-૨૦ વર્લ્ડ કપમાં શરમજનક રેકોર્ડ બનાવવાની નજીક હતી.

જોકે, ૩૯ રનમાં આઉટ થઈને આ નવી ટીમે ચોક્કસપણે નેધરલૅન્ડ્સના એ જૂના રેકોર્ડની બરાબરી કરી લીધી હતી.

આ મેચમાં વેસ્ટ ઈન્ડિઝના કેપ્ટન રૉવમેન પૉવેલે ગયાનામાં યુગાન્ડા સામે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો.

આ મેચમાં વેસ્ટ ઈન્ડિઝ તરફથી જોન્સન ચાર્લ્સે સૌથી વધુ ૪૪ રન બનાવ્યા હતા.

અંતમાં આન્દ્રે રસેલ આવ્યો અને તેણે ૧૭ બૉલમાં ૩૦ રન બનાવ્યા હતા. આ રીતે વેસ્ટ ઈન્ડિઝે ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૧૭૩ રન બનાવ્યા હતા.

યુગાન્ડા માટે સૌથી સફળ બોલર બ્રાયન મસાબા રહ્યો, જેણે બે વિકેટ લીધી હતી. ■

# સચિન તેન્ડુલકર ન્યૂ યૉર્કમાં બેઝબૉલ રમ્યો



ન્યૂ યૉર્કઃ ક્રિકેટિંગ-ગૉડ સચિન તેન્ડુલકર ન્યૂ યૉર્કમાં શનિવારે એક સ્થળે ભૂતપૂર્વ ક્રિકેટર અને ભૂતપૂર્વ હેડ-કોચ રવિ શાસ્ત્રી સાથે બેઝબૉલ રમ્યો હતો.

અમેરિકામાં ક્રિકેટની રમત હજી 'પા...પા...પગલી' ભરી રહી છે ત્યાં તેમને ટી-૨૦ વર્લ્ડ કપ જેવી મેગા આઇસીસી ઇવેન્ટ મળી છે એટલે ત્યાં તો જાણે ક્રિકેટોત્સવ જ શરૂ થઈ ગયો છે. અમેરિકામાં થોડી ક્રિકેટ જેવી જ કહી શકાય એવી બેઝબૉલની રમત ખૂબ લોકપ્રિય છે. માસ્ટર બ્લાસ્ટર ન્યૂ યૉર્કમાં રવિવારની ભારત-પાકિસ્તાનની મૅચ પહેલાં શનિવારે ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર અને ભૂતપૂર્વ હેડ-કોચ રવિ શાસ્ત્રી સાથે બેઝબૉલ રમ્યો હતો. સચિને અમુક સારા શૉટ માર્યા હતા. આઇસીસીએ ઇન્સ્ટાગ્રામ પર સચિન-શાસ્ત્રીના બેઝબૉલવાળી ઇવેન્ટનો વીડિયો શૅર કર્યો છે જે ખૂબ વાઇરલ થયો છે. આ વીડિયોને રવિવાર સાંજ સુધીમાં ૧,૦૭,૩૨૭ લાઇક્સ મળી હતી. ■

# પાકિસ્તાનના હેડ-કોચ ગૅરી કર્સ્ટને ભારત સામેના મુકાબલા પહેલાં પત્રકારોને બાબરની ટીમ વિશે શું કહ્યું હતું?

ન્યૂ યૉર્કઃ ૧૩ વર્ષ પહેલાં (૨૦૧૧માં) વન-ડેના વર્લ્ડ કપ દરમ્યાન પાકિસ્તાન સામેની મોહાલી ખાતેની સેમિ ફાઇનલ વખતે સાઉથ આફ્રિકાના ક્રિકેટ-લેજન્ડ ગૅરી કર્સ્ટન ભારતીય ટીમના હેડ-કોચ હતા અને રવિવારે ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત સામેની મૅચ પહેલાં પાકિસ્તાનની ટીમને કોચિંગ આપી રહ્યા હતા. કર્સ્ટનને રવિવારે ન્યૂ યૉર્કમાં પાકિસ્તાનની ટીમના ભારત સામેની મૅચ પહેલાંના ઉત્સાહ વિશે એક ઇન્ટરવ્યૂમાં સવાલ પૂછવામાં આવ્યો ત્યારે તેમણે ખૂબ રસપ્રદ જવાબ આપ્યો હતો. ૨૦૧૧ની એ સેમિ ફાઇનલની થોડી વાત કરીએ તો ભારતે સચિન તેન્ડુલકરના ૮૫ રન તેમ જ ઝહીર ખાન, આશિષ નેહરા, મુનાફ પટેલ, હરભજન સિંહ અને યુવરાજ સિંહની બે-બે વિકેટની મદદથી પાકિસ્તાનને ૨૯ રનથી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો જેમાં ભારતે શ્રીલંકાને ૧૦ બૉલ બાકી રાખીને છ વિકેટના માર્જિનથી વિજય મેળવ્યો હતો.

પાકિસ્તાનના હેડ-કોચ ગૅરી કર્સ્ટનનું એવું માનવું છે કે કટ્ટર હરીફ ભારતનો સામનો કરવાની વાત આવે ત્યારે બાબર આઝમ અને તેની ટીમને વધુ મૉટિવેટ કરવાની જરૂર હોય જ નહીં. કર્સ્ટને પત્રકારોને કહ્યું, 'આ બહુ મોટી મૅચ છે એટલે એમાં મારે પાકિસ્તાનની ટીમને વધુ ઉત્સાહ અપાવવાની જરૂર હોય જ નહીં. ભારત સામે મૅચ રમતાં પહેલાં જ બાબરની ટીમ મૉટિવેટ થઈ ચૂકી હોય છે. આ વખતે પણ એવું જ છે. છેલ્લા થોડા દિવસમાં શું બન્યું (અમેરિકા સામેની શૉકિંગ હાર) એ અમારે ભૂલી જવું પડશે અને આગળ શું બનવાનું છે એના પર જ લક્ષ્ય આપવું જોઈશે.'

# નેધરલૅન્ડ્સ સામે સાઉથ આફ્રિકા હૅટ-ટ્રિક હારથી માંડ-માંડ બચ્યું

## મિલર-સ્ટબ્સની ભાગીદારીએ બચાવ્યા, ૧૫માંથી ૧૩ વિકેટ પેસ બોલરે લીધી

ન્યૂ યૉર્કઃ નેધરલૅન્ડ્સ (૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૦૩ રન) સામે સાઉથ આફ્રિકા (૧૮.૫ ઓવરમાં છ વિકેટે ૧૦૬ રન) શનિવારે અહીં ગ્રૂપ 'ડી'માં સતત બીજી મૅચ જીતીને મોખરે રહ્યું હતું. જોકે એઇડન માર્કરમની ટીમે આ લો-સ્કોરિંગ મૅચમાં પણ મહામહેનતે વિજય મેળવ્યો હતો. એ સાથે, સાઉથ આફ્રિકાએ યુરોપના નેધરલૅન્ડ્સ સામે આઇસીસી ટૂર્નામેન્ટમાં લાગલગાટ ત્રીજો પરાજય ટાળ્યો હતો. અગાઉ સાઉથ આફ્રિકાએ નેધરલૅન્ડસ સામે ઉપરાઉપરી બે મૅચમાં પરાજય જોવો પડ્યો હતો.

નેધરલૅન્ડ્સે સીબ્રૅન્ડ એન્જલબ્રેટ (૪૦ રન, ૪૫ બૉલ, એક સિક્સર, બે ફોર) અને લૉગન વૅન બીક (૨૩ રન, બાવીસ બૉલ, ત્રણ ફોર)ના સાધારણ યોગદાનની મદદથી માત્ર ૧૦૩ રન બનાવ્યા હતા. સાઉથ આફ્રિકાના ૩૧ વર્ષીય પેસ બોલર ઑટનીલ બાર્ટમૅને ફક્ત ૧૧ રનમાં ચાર વિકેટ તેમ જ માર્કો યેનસેન અને ઍન્રિચ નોર્કિયાએ બે-બે વિકેટ લીધી હતી.

સાઉથ આફ્રિકાએ માત્ર ૧૦૪ રનનો લક્ષ્યાંક મેળવવા જતાં પાંચ ઓવરમાં ફક્ત ૧૨ રનમાં ચાર વિકેટ ગુમાવી દેતાં નેધરલૅન્ડ્સની છાવણીમાં હર્ષોલ્લાસ વ્યાપી ગયો હતો.

જોકે આઇપીએલમાં ટી-૨૦ની સારીએવી પ્રૅક્ટિસ કરીને વર્લ્ડ કપમાં રમવા આવેલા ડેવિડ મિલર (૫૯ અણનમ, ૫૧ બૉલ, ચાર સિક્સર, ત્રણ ફોર) તથા ટ્રિસ્ટેન સ્ટબ્સ (૩૩ રન, ૩૭ બૉલ, એક સિક્સર, એક ફોર)ની જોડીએ પાંચમી વિકેટ માટે ૬૫ રન બનાવીને સાઉથ આફ્રિકાની ઇનિંગ્સને ફરી ચેતનમય કરી હતી.

૭૭મા રને સ્ટબ્સની વિકેટ પડ્યા બાદ ૮૮ રનના સ્કોર પર યેનસેને વિકેટ ગુમાવી હતી, પરંતુ મિલર સાથે કેશવ મહારાજ (૦) વિજય મળ્યા સુધી અણનમ રહ્યો હતો. નેધરલૅન્ડ્સના વિવિયન કિંગ્મા અને લૉગન બીકે બે-બે વિકેટ લીધી હતી.

આ મૅચમાં કુલ ૧૫ વિકેટ પડી હતી જેમાંથી ૧૩ વિકેટ પેસ બોલર્સે લીધી અને બે બૅટર રનઆઉટ થયા હતા. કોઈ સ્પિનરને એકેય વિકેટ નહોતી મળી.

મિલરને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો. સાઉથ આફ્રિકા હવે ન્યૂ યૉર્કમાં (જ્યાં રવિવારે ભારત અને પાકિસ્તાનની ટીમ વરસાદને કારણે પરેશાન હતી) સોમવારે (ભારતીય સમય અનુસાર રાત્રે ૮.૦૦ વાગ્યાથી) બાંગલાદેશ સામે રમશે. ■

# નવી સરકારના સત્તારૂઢ થવાથી બજારની સુનામી અંકુશમાં આવશેઃ નિફ્ટી માટે મહત્ત્વનું રેઝિસ્ટન્સ લેવલ ૨૩,૭૦૦ અને સપોર્ટ લેવલ ૨૨,૫૦૦, ઘટાડે લેવાલી હિતાવહ

વૈશ્વિક પરિબળોને કોરાણે મૂકીને શેરબજારે સમીક્ષા હેટળના પાછલા સપ્તાહમાં સ્થાનિક પરિબળોને આધારે સુનામી ઉછાળા અને પછડાટનો અનુભવ કરાવ્યો હતો, જેમાં એક્ઝિટ પોલના જૂઠાણાં અને અંતિમ પરિણામના સત્ય વચ્ચે આખલો મૂંઝાઇ ગયો હતો. જોકે. અંતે રિઝર્વ બેન્કે જીડીપીના ગ્રોથ પ્રોજેકશનમાં જાહેર કરેલી વૃદ્ધિ સાથે એનડીએની સરકાર સતત ત્રીજી વખત સત્તારૂઢ થઇ રહી હોવાના સંકેત મળતાં સેન્સેક્સ અને નિફ્ટીએ નવી ઓલટાઇમ ઊંચી સપાટી હાંસલ કરવામાં સફળતા મેળવી છે.

સેન્સેક્સ અને નિફ્ટીમાં માટે બે ટકાનો વધારો નોંધાવનાર ૨૦૨૪નું આ અત્યાર સુધીનું સૌથી મજબૂત સપ્તાહ હતું, જેમાં સેન્સેક્સ ૭૬,૬૯૩.૩૬ પોઇન્ટની અને નિફ્ટી ૨૩,૨૯૦.૧૫ પોઇન્ટના નવા વિક્રમી શિખરે સ્થિર થયો હતો.

બજારોનું ધ્યાન હવે મંત્રાલયની ફાળવણી, ચોમાસાની પ્રગતિ, નાણાકીય વર્ષ ૨૦૨૫ના કોર્પોરેટ પરિણામ, જીડીપી વૃદ્ધિ, જીએસટી વસૂલી અને એફઆઇઆઇના રોકાણ પ્રવાહ પર કેન્દ્રિત કરશે. નવી સરકારે ચાર્જ સંભાળ્યા પછી પાછલા અઠવાડિયે બજારોમાં જે તોફાની સુનામી જોવા મળી હતી, તેના પર અંકુશ આવશે અને ઊથલપાથલ મર્યાદિત બનશે એવી અપેક્ષા વિશ્લેષકો વ્યક્ત કરી રહ્યાં છે. બજાર ૨,૦૦૦થી વધુ પોઇન્ટની રેન્જમાં ફંગોળાતું રહ્યું હતું, જે મે ૨૦૨૦ પછીની સૌથી પહોળી વીકલી રેન્જ હતી. એક્ઝિટ પોલમાં બીજેપી માટે જે નિર્ણાયક જીતની આગાહી કરવામાં આવી હતી તે અપેક્ષા પૂર્ણ ન થવાથી ભયાનક અફડાતફડી મચી હતી અને સપ્તાહના અંત સુધીમાં બજાર તેના પહેલાના સ્તરે પાછું ફરી ગયું હતું. રાજકીય સ્થિરતા સાથે નીતિ સાતત્યની અપેક્ષાએ બજારની શરૂઆત તેજી સાથે થવી જોઇએ.

આ ઉપરાંત અઠવાડિયે જાહેર થનારા ફુગાવાના આંકડા અને ઈન્ડેક્સ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન (આઇઆઇપી) પણ બજારને અસર કરશે.

મે મહિનાના ફુગાવાના આંકડા ૧૨ જૂને જાહેર થવાની ધારણા છે. અર્થશાસ્ત્રીઓ અપેક્ષા રાખે છે કે તે એપ્રિલના ૪.૮૩ ટકાથી વધુ ઘટીને ૪.૮ ટકા થશે, જે માર્ચમાં ૪.૮૫ કરતાં થોડો ઓછો હતો. એપ્રિલમાં ઘટાડા મોટે ભાગે બળતણ અને ઊર્જાના ભાવમાં ઘટાડો (માર્ચમાં -૪.૨૪ ટકા વિરુદ્ધ -૩.૨૪ ટકા); ખાદ્ય ફુગાવો સતત ઉપરના માર્ગે રહ્યો (માર્ચમાં ૭.૮૭ ટકા વિરુદ્ધ ૭.૬૮ ટકા). ૧૪ જૂને, જથ્થાબંધ ભાવ સૂચકાંક (ડબલ્યુપીઆઇ) ડેટા પણ જાહેર થશે અને એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તે એપ્રિલમાં ૧.૨૬ ટકાથી વધીને મે મહિનામાં ૪ ટકા થઈ જશે; આ મોટે ભાગે ફ્યુઅલ ઇન્ફ્લેશનના કારણે હોઈ શકે છે, જે એપ્રિલમાં ૧.૩૮ ટકાથી મે મહિનામાં વધીને ૭ ટકા થવાની ધારણા છે.

એ જ દિવસે ઈન્ડેક્સ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન (આઇઆઇપી) ડેટા પણ જાહેર થશે, જે એપ્રિલમાં ૪.૯ ટકાથી મે મહિનામાં ૩.૯ ટકા સુધી ધીમું થવાની ધારણા છે, જ્યારે અપેક્ષિત ૫.૧ ટકાથી નીચે હતી. મેન્યુફેક્ચરિંગ, જે ઇન્ડેક્સના ૭૮ ટકાનો સમાવેશ કરે છે, મે મહિનામાં ૪.૯ ટકાની ધીમી વૃદ્ધિ જોવાની ધારણા છે, જે એપ્રિલમાં



૫.૨ ટકા હતી. ૧૩ જૂનના રોજ, ગ્રાહકોના સેન્ટિમેન્ટને ટ્રેક કરવા માટે બજાર મે પેસેન્જર-વ્હિકલ સેલ્સ ડેટા પર પણ નજર રાખશે.

ફેડરલ ઓપન માર્કેટ કમિટી (એફઓએમસી) ૧૧ અને ૧૨ જૂનની વચ્ચે મળશે અને યુએસ ફેડ ૧૩ જૂને તેના નીતિ વલણની જાહેરાત કરશે. બજાર મોટાભાગે સેન્ટ્રલ બેન્ક તેના દર ૫.૨૫-૫.૫૦ ટકા પર રાખવાની અપેક્ષા સેવે છે. જોકે, પ્રથમ દરમાં ઘટાડો સપ્ટેમ્બર કે ડિસેમ્બર ૨૦૨૪માં થશે કે કેમ તે અંગે અભિપ્રાય વિભાજિત છે.

વિદેશી ફંડોનું વલણ પણ ખૂબ અગત્યનું છે. ગયા અઠવાડિયે, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) નેટ સેલર જ બની રહ્યા હતા, જેમણે રૂ. ૧૬,૯૭૧ કરોડથી વધુ ઇક્વિટીનું વેચાણ કર્યું હતું. પરંતુ તેઓ ડેટ માર્કેટમાં નેટ બાયર્સ રહ્યાં હતા અને રૂ. ૪,૬૬૯ કરોડની લેવાલી નોંધાવી હતી. ડીઆઇઆઇ (સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો) કેશ સેગમેન્ટમાં ચોખ્ખા ખરીદદાર રહ્યાં હતા, જેમણે રૂ. ૫,૫૭૮ કરોડથી વધુની ઇક્વિટી ખરીદી હતી. આ સપ્તાહમાં, મતદાનનો ચુકાદો અનુમાનોની વિરુદ્ધ જતાં અને ખાસ કરીને મૂડી ખર્ચ સંદર્ભની નીતિમાં ફેરફારની મર્યાદિત તક જોતાં વિદેશી રોકાણકારો નેટ સેલર્સ બની રહે એવી સંભાવના છે.

ટોચના ટેક્નિકલ એનાલિસ્ટે કહ્યું હતું કે, નિફ્ટી માટે ૨,૦૦૦ પોઈન્ટથી વધુની રેન્જમાં ફંગોળાતા બેન્ચમાર્કની આટલી મોટી રેન્જ સાથેનું અસાધારણ સપ્તાહ રહ્યું છે. ઉપરાંત, દરેક ટ્રેડિંગ સેશન સાથે, ઇન્ડેક્સ કાં તો ગેપ અપ અથવા ગેપ ડાઉન ખુલ્યો. આમ થવા છતાં, ઇન્ડેક્સ ત્રણ ટકા વધ્યો હતો.

નિષ્ણાતો માને છે કે ટ્રેડર્સે ઓવર-લીવરેજ્ડ પોઝિશન ટાળવી જોઈએ. સાપ્તાહિક ચાર્ટ (ગત સપ્તાહથી) હેંગિંગ મેન જેવી કેન્ડલસ્ટિક પેટર્ન દર્શાવે છે. ૧૪-પીરિયડ આરએસઆઇ (રિલેટિવ સ્ટ્રેન્થ ઇન્ડેક્સ) પર દૈનિક સમયમર્યાદામાં પણ નકારાત્મક વિચલન જોવા મળ્યું હતું. નકારાત્મક વિચલન ત્યારે થાય છે જ્યારે કિંમત હાયર હાઇ લેવલને સ્પર્શે છે, જ્યારે આરએસઆઇ નીચી ઊંચી સપાટી બનાવે છે.

આ સ્પષ્ટપણે સૂચવે છે કે ટ્રેડર્સે ઓવર-લીવરેજ્ડ પોઝિશન્સ બનાવવાનું અને ભાવનો પીછો કરવાનું ટાળવું જોઈએ. ઓપ્શન્સ ડેટા સૂચવે છે કે નિફ્ટી ૫૦ માટે મહત્ત્વનું રેઝિસ્ટન્સ લેવલ ૨૩,૭૦૦ અને સપોર્ટ લેવલ ૨૨,૫૦૦ રહેશે અને તાત્કાલિક રેન્જ આ બંનેની વચ્ચે હશે. એકંદરે નિષ્ણાતો ઘટાડે લેવાલીની સલાહ આપી રહ્યાં છે.

રિઝર્વ બેન્કે વ્યાપક ધારણા અનુસાર ચાવીરૂપ વ્યાજદર યથાવત રાખ્યા છે. રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસે સાતમી જૂનના રોજ જાહેર કરેલી નવી નાણાકીય નીતિ અંતર્ગત બેન્ચમાર્ક વ્યાજ દરો સતત આઠમી વખત ૬.૫ ટકાના સ્તરે યથાવત રાખ્યા છે, જે ફેબ્રુઆરી ૨૦૨૩થી સ્થિર છે. આ વર્ષ માટે વિકાસદર ૭.૨ ટકાની આસપાસ રહેવાની, જ્યારે ફુગાવો ૪.૫૦ ટકા પર ફુગાવાની અપેક્ષા છે. આરબીઆઇએ છલ્લે ફેબ્રુઆરી ૨૦૨૩માં દરોમાં ફેરફાર કર્યો હતો. વાર્ષિક છૂટક ફુગાવો માર્ચમાં ૪.૮૫ ટકાથી એપ્રિલમાં થોડો ઓછો થઈને ૪.૮૩ ટકા થયો હતો, પરંતુ તે હજુ પણ એમપીસીના લક્ષ્યાંક કરતાં ઊંચા સ્તરે છે.

નિષ્ણાતો માને છે કે, નજીકના ગાળામાં, એફઆઇઆઇની વ્યાપક વેચવાલી ચાલુ રહેવાથી બજાર ઘટે તેવી શક્યતા છે. પાછલા ત્રણ દિવસ દરમિયાન કુલ આ વર્ગે રૂ. ૨૪,૯૬૦ કરોડની વેચવાલી નોંધાવી હોવાથી ફાઇનાન્શિયલ અને આઇટી જેવા સેક્ટરમાં લાર્જકેપ્સ જ્યાં એફઆઇઆઇના સંચાલન હેઠળ મોટી સંપત્તિ છે, તે શેરો અંડરપરફોર્મ કરી શકે છે. જ્યારે વિદેશી ફંડો લેવાલી ફરી શરૂ કરશે ત્યારે આ વલણ બદલાશે, જે અનિવાર્ય જ જણાય છે. દરમિયાન લાંબા ગાળાના રોકાણકારો આ ઉચ્ચ ગુણવત્તાવાળા લાર્જકેપ પર ધ્યાન આપી શકે છે.

# એફઆઈઆઈની ₹ ૧૨,૧૦૫ કરોડની ચોખ્ખી વેચવાલી છતાં સેન્સેક્સ ૨,૭૩૨ પોઈન્ટ ઊછળ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ બીએસઈ સેન્સેક્સ પાછલા સપ્તાહના શુક્રવારના ૭૩,૯૬૧.૩૧ના બંધથી ૨,૭૩૨.૦૫ પોઈન્ટ્સ (૩.૬૯ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ સોમવારે ૭૬,૫૮૩.૨૯ ખૂલી ૪ જૂન, ૨૦૨૪ને મંગળવારે નીચામાં ૭૦,૨૩૪.૪૩ અને શુક્રવાર, ૭ જૂન, ૨૦૨૪ના રોજ ઉપરમાં ૭૬,૭૯૫.૩૧ સુધી જઈ અંતે ૭૬,૬૯૩.૩૬ પર બંધ રહ્યો હતો.

બીએસઈ સેન્સેક્સમાં સમાવિષ્ટ ૩૦ શેરોમાંથી સૌથી અધિક વધેલા પાંચ શેરોમાં મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧૨.૨૭ ટકા, ટેક મહિન્દ્ર ૧૦.૭૯ ટકા, વિપ્રો ૯.૬૪ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૯.૬૨ અને ઈન્ફોસિસ ૮.૨૯ ટકા વધ્યો હતો. જ્યારે સૌથી અધિક ઘટેલા પાંચ શેરોમાં લાર્સન એન્ડ ટુબ્રો ૩.૮૧ ટકા, પાવર ગ્રીડ ૦.૧૮ ટકા, સ્ટેટ બેન્ક ૦.૦૨ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૨૦ ટકા અને એનટીપીસી ૦.૫૦ ટકા ઘટ્યો હતો.

સેન્સેક્સમાંની ૨૭ સ્ક્રિપ્સ વધી હતી અને ત્રણ ઘટી હતી. બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સમાંની ૮૫ સ્ક્રિપ્સ વધી હતી અને ૧૬ સ્ક્રિપ્સ ઘટી હતી. બીએસઈ ૨૦૦ સમાવિષ્ટ ૧૪૯ સ્ક્રિપ્સ વધી અને ૫૨ ઘટી હતી, મિડકેપમાંની ૧૨૭ સ્ક્રિપ્સમાંથી ૯૪ વધી અને ૩૩ ઘટી હતી. સ્મોલ કેપમાંની ૯૯૯ સ્ક્રિપ્સમાંથી ૭૫૪ વધી અને ૨૪૧ ઘટી હતી.સપ્તાહ



દરમિયાન સ્થાનિક સંસ્થાઓની રૂ.૭,૬૯૨.૮૮ કરોડની ચોખ્ખી લેવાલી જ્યારે એફઆઈઆઈની રૂ.૧૨,૧૦૫.૧૮ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી.

કોર્પોરેટ હલચલમાં પાવર એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશન (ગુજરાત) લિમિટેડે ૨૦૨૪ના નાણાકીય પરિણામમાં ૭.૦૯ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૧૦૨.૦૩ કરોડની કુલ આવક, ૪૪.૫૩ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૨.૩૬ કરોડનું અબિટા, ૬૧.૧૩ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૫.૯૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એબિટા માર્જિન ૧૨.૧૨ ટકા અને પીએટી માર્જિન ૫.૮૧ ટકા રહ્યું હતું. દેશભરમાં આઈટી સેવાઓ સાથે લેપટોપ, ડેસ્કટોપ, સર્વર અને નેટવર્ક સાધનોના વેચાણ સહિતના આઇટી હાર્ડવેર સોલ્યુશન્સ પૂરા પાડનાર સ્લોન ઈન્ફોસિસ્ટમ્સ લિમિટેડે કુલ ૫૦૦૦ લેનોવા વી૧૪ જી-થ્રી લેપટોપના સપ્લાય માટે રૂ. ૧૧.૮૧ કરોડનો ઓર્ડર મેળવ્યો છે. કંપનીને મુંબઈ સ્થિત ત્રણ કંપનીઓ પાસેથી આ ઓર્ડર મળ્યા છે. જેમાં સિલિકોન રેન્ટલ સોલ્યુશન્સ લિમિટેડે, બીહાઈવ ટેક સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ અને કોમ્પ્રિન્ટ ટેક-સોલ્યુશન્સ (આઇ) પ્રાઈવેટ લિમિટેડનો સમાવેશ છે.

બજાજ જૂથની બજાજ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડે સેબી પાસે રૂ. ૭૦૦૦ કરોડના આઇપીઓ માટે ડ્રાફ્ટ રેડ હેરીંગ પ્રોસ્પેક્ટ્સ ફાઇલ કરાવ્યું છે. આ ઓફરમાં રૂ. ૪૦૦૦ કરોડનો હિસ્સો ફ્રેશ ઇક્વિટી ઇશ્યૂ માટેનો અને રૂ. ૩૦૦૦ કરોડનો હિસ્સો એફર ફોર સેલનો રહેશે. કંપની ભરણાના ભંડોળનો ઉપયોગ ભાવિ બિઝનેસની આવશ્યકતા માટે મૂડીપાયો વિસ્તૃત કરવા માટે કરવાનો પ્રસ્તાવ ધરાવે છે.

દરમિયાન, આ સપ્તાહના અંતે માર્કેટ કેપ રૂ. ૪૨૩.૪૯ લાખ કરોડ રહ્યું હતું, જે ૨૪ મે, શુક્રવારના અંતે રૂ. ૪૧૨.૧૨ લાખ લાખ કરોડ હતું. એસએન્ડપી બીએસઈ આઈપીઓ ૨.૫૦ ટકા અને એસએમઈ આઈપીઓ ૮.૩૯ ટકા વધ્યા હતા.

જ્યારે બ્રોડ બેઝ્ડ ઈન્ડેક્સમાં બીએસઈ-૧૦૦ ઈન્ડેક્સ ૩.૫૦ ટકા, બીએસઈ-૨૦૦ ઈન્ડેક્સ ૩.૧૨ ટકા, બીએસઈ-૫૦૦ ૩.૧૭ ટકા, બીએસઈ મિડકેપ ૨.૯૪ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૩.૧૧ ટકા વધ્યા હતા. એ ગ્રુપની ૭૧૬ કંપનીઓમાં ૫૪ સ્ક્રિપ્સના ભાવ વધ્યા, ૧૭૦ સ્ક્રિપ્સના ભાવ ઘટ્યા અને બે સ્ક્રિપ્સના ભાવ સ્થિર રહ્યા હતા.

સેકટરલ ઈન્ડેક્સમાં પીએસયુ ૧.૮૪ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૭૨ ટકા, પાવર ૦.૪૫ ટકા, અને ઓઈલ એન્ડ ગેસ ૦.૦૯ ટકા ઘટ્યા હતા, જ્યારે મુખ્યત્વે આઈટી ૮.૧૭ ટકા, ટેક ૬.૯૪ ટકા, એફએમસીજી ૬.૯૩ ટકા, ઓટો ૬.૭૮ ટકા, રિયલ્ટી ૪.૮ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૪.૦૭ ટકા, હેલ્થકેર ૪.૦૫ ટકા, બેન્કેક્સ ૧.૭૮ ટકા અને મેટલ ૧.૭૪ ટકા વધ્યા હતા.

# સેબીએ બોન્ડ રોકાણની મર્યાદા ઘટાડીઃ રિટેલ ભાગીદારીમાં નોંધપાત્ર વધારો થઇ શકે

મુંબઇઃ માર્કેટ રેગ્યુલેટર ભારતીય સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ (સેબી) એ એક મોટા સુધારાને મંજૂરી આપી છે, સેબીએ બોન્ડ રોકાણ માટે રોકાણ મર્યાદા ઘટાડાતા ફિક્સ્ડ-ઇન્કમ રોકાણકારો માટે ફાયદામંદ રહેશે. સેબીના નિર્ણયથી ભારતીય બોન્ડ માર્કેટમાં રિટેલ ભાગીદારીમાં નોંધપાત્ર વધારો થશે.

સેબીએ કોર્પોરેટ બોન્ડ્સ માટે લઘુત્તમ રોકાણની રકમ રૂ. એક લાખથી ઘટાડીને માત્ર રૂ. ૧૦,૦૦૦ જાહેર કરી છે. આ ક્ષેત્રના નિષ્ણાતો માને છે કે ૩૦ મે, ૨૦૨૪ના રોજ સેબીની બોર્ડ મીટિંગ દરમિયાન લેવામાં આવેલા આ નિર્ણયથી ભારતીય બોન્ડ માર્કેટમાં રિટેલ ભાગીદારીમાં નોંધપાત્ર વધારો થશે. અગાઉ, ઉચ્ચ ન્યૂનતમ રોકાણની રકમ ઘણા રોકાણકારો માટે મર્યાદિત પ્રવેશ હતો, પરંતુ હવે, નીચલા થ્રેશોલ્ડ સાથે, વધુ વ્યક્તિઓ કોર્પોરેટ બોન્ડ્સમાં રોકાણ કરવાનું વિચારી શકે છે, એવો અંદાજ બજારના નિરિક્ષકે વ્યક્ત કર્યો હતો. સુધારાનો હેતુ બોન્ડ રોકાણોને લોકતાંત્રિક બનાવવા અને વધુ બિન-સંસ્થાકીય રોકાણકારોને આકર્ષવાનો છે. ઇશ્યુઅર્સ હવે નવી ન્યૂનતમ રકમ રૂ. ૧૦,૦૦૦ પર ખાનગી પ્લેસમેન્ટ દ્વારા નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (એનસીડી) અથવા નોન-કન્વર્ટિબલ રિડીમેબલ પ્રેફરન્સ (એનસીઆરપીએસ) શેર્સ ઓફર કરી શકે છે. આ ઇન્સ્ટ્રુમેન્ટ સીધા, વ્યાજ અથવા ડિવિડન્ડ ધરાવતા હશે અને તેમાં ક્રેડિટ ઉન્નતીકરણો શામેલ હોઈ શકે છે. નેવું ટકાથી વધુ કોર્પોરેટ ઋણ ખાનગી રીતે મૂકવામાં આવતાં, આ ફેરફારથી કોર્પોરેટ બોન્ડ માર્કેટમાં રિટેલ ઇન્વોલ્વમેન્ટને મોટા પ્રમાણમાં પ્રોત્સાહન મળશે તેવી અપેક્ષા છે. આ ઉપરાંત, સેબીએ અન્ય નોંધપાત્ર પગલાઓને મંજૂરી આપી છે. એક મુખ્ય ફેરફાર એ ડેબ્ટ સિક્યોરિટીઝ અને નોન-કન્વર્ટિબલ રિડીમેબલ પ્રેફરન્સ શેરના પાત્ર ધારકોને ઓળખવા માટે રેકોર્ડ તારીખનું માનકીકરણ છે.

અસંગતતાઓને દૂર કરવા અને એકરૂપતા સુનિશ્ચિત કરવા માટે, વ્યાજ અથવા ડિવિડન્ડ ચુકવણીઓ અને મુખ્ય ચુકવણી માટેની રેકોર્ડ તારીખ હવે નિયત તારીખના ૧૫ દિવસ પહેલા નક્કી કરવામાં આવશે. આ વહીવટી પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરશે, મૂંઝવણ ઘટાડશે અને રોકાણકારોને સ્પષ્ટ માહિતી પ્રદાન કરશે. ભારતીય બોન્ડ માર્કેટમાં રિટેલ ભાગીદારીમાં નોંધપાત્ર વધારો થશે. અગાઉ, ઉચ્ચ ન્યૂનતમ રોકાણની રકમ ઘણા રોકાણકારો માટે મર્યાદિત ઍક્સેસ હતી, પરંતુ હવે, નીચલા થ્રેશોલ્ડ સાથે, વધુ વ્યક્તિઓ કોર્પોરેટ બોન્ડ્સમાં રોકાણ કરવાનું વિચારી શકે છે અને આ સગેમેન્ટમાં રોકાણકારોનો ઉત્સાહ વધી શકે તેવું અનુમાન છે.

# બેન્કો ક્રેડિટકાર્ડ ડિફોલ્ટથી ત્રણ ગણો વધુ દંડ બચત ખાતા પર વસૂલી રહી છે

મુંબઈઃ શું બેંક ખાતામાં નમિનિમમ બેલેન્સથ ના જાળવવું એ ક્રેડિટકાર્ડ ડિફોલ્ટ કરતાં મોટો ગુનો છે? દેશની બેંકો આ બાબતે મનમાની કરી રહી છે. તેઓ ક્રેડિટકાર્ડના ડિફોલ્ટ્સ પર વાર્ષિક ૪૦ ટકાના દરે દંડ વસૂલે છે, પરંતુ સેવિંગ્સ એકાઉન્ટ્સમાં લઘુત્તમ બેલેન્સ ન રાખનારાઓ પર વાર્ષિક ૧૦૩ ટકાનો દંડ ફટકારી રહી છે. ફાઇનાન્સિયલ વ્હીસલ બ્લોઅર સુચેતા દલાલની નમનીલાઇફ ફાઉન્ડેશનપ અને આઇઆઇટી બોમ્બેના નિષ્ણાતોએ આ વાતનો ઘટસ્ફોટ કર્યો છે.

આ નિષ્ણાતોએ ૨૫ સરકારી અને ખાનગી બેંકો દ્વારા મિનિમમ બેલેન્સ ન રાખવા બદલ વસૂલવામાં આવતા દંડનો અભ્યાસ કર્યો હતો. રિપોર્ટ અનુસાર, બેંકો વાર્ષિક ધોરણે ૧૦૩ ટકા દંડ વસૂલ કરી રહી છે. નિયમ એ છે કે શોટ ફોલ રકમને ત્રણ સ્લેબમાં ટકાવારીના આધારે પેનલ્ટી વસૂલવામાં આવે. સ્લેબ વધે તેમ ટકાવારીમાં ઘટાડો જરૂરી છે. રિઝર્વ બેંકે શોર્ટફોલ માટે રૂ. ૧૦૦૦ સુધીના ત્રણ સ્લેબ નક્કી કર્યા છે. રિઝર્વ બેંકનો આશય એ છે કે ગ્રાહકને વધુ પડતી ખામીના કિસ્સામાં વધુ પડતો દંડ ન ભોગવવો જોઈએ પરંતુ બેંકો મનસ્વી રીતે કામ કરી રહી છે. ૨૫માંથી ૧૬ બેંકો નિયમો તોડી રહી છે, સરકારી બેંકો પણ પાછળ નથી. ૨૫ માંથી ૧૪ બેંકોમાં એકથી વધુ સ્લેબની ખામી જોવા મળી છે. જ્યારે ૧૨ બેન્કોએ ટકાવારીને બદલે નિશ્ચત રકમનો દંડ લાદ્યો હતો. જ્યારે નવ બેન્કોમાં સ્લેબ જ નહતો અને ચાર્જ ૪.૩ ટકા માસિક (૫૨ ટકા વાર્ષિક) હતો. ૧૪ બેંકોમાં સ્લેબનું માળખું હતું. પરંતુ ટકાવારીમાં ચાર્જ લેવાને બદલે નિયત રકમ રૂપિયામાં લેવામાં આવી રહી હતી. આ રકમ અલગ-અલગ સ્લેબમાં હતી. પરંતુ તે દરેક સ્લેબ માટે સમાન ટકાવારીમાં હતું.

નિયમ પ્રમાણે, જેમ જેમ રકમ વધે તેમ ટકાવારી ઘટવી જોઈએ. સરેરાશ ૮.૬ ટકા માસિક, ૧૦૩ ટકાની વાર્ષિક વસુલાત જોવા મળી છે. ખાનગી બેંકો મિનિમમ બેલેન્સ ન રાખવા માટે સૌથી વધુ રકમ વસૂલે છે. પરંતુ ચાર્જ સરકારી બેંકનો સૌથી વધારે છે.

# રિઝર્વ બેન્ક દ્વારા બલ્ક ડિપોઝિટ લિમિટમાં પાંચ વર્ષ બાદ પચાસ ટકાનો વધારો

મુંબઇઃ આરબીઆઈ દ્વારા ધિરાણનીતિ જાહેર કરવા સાથે તેમાં કેટલાક પ્રસ્તાવો પણ જાહેર કર્યા છે. મોનેટરી પોલિસીની ઘોષણા કરતા રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું કે, બલ્ક ડિપોઝિટની મર્યાદા વધારવામાં આવી છે.

પાંચ વર્ષ બાદ બલ્ક ડિપોઝિટની વ્યાખ્યામાં સંશોધન કરવામાં આવ્યું છે. બલ્ક ડિપોઝિટ ૫૦ ટકા વધારવામાં આવી છે. બલ્ક ડિપોઝિટ લિમિટ વધતા એફડી થાપણદારોને ફાયદો થશે. બલ્ક ડિપોઝિટ એટલે બેંકમાં એક વખતમાં જમા કરવામાં આવતી રકમ છે. બલ્ક ડિપોઝિટ લિમિટ, એ લિમિટ છે જેનાથી વધારે રકમ એક સાથે બેંકમાં જમા કરી શકાતી નથી.

બલ્ક ડિપોઝિટ લિમિટ વધારવાનો ઉદ્દેશ્ય બેન્કિંગ સેક્ટરમાં મોટા પ્રમાણમાં થાપણોને આકર્ષવાનો છે. જાહેર કરવામાં આવેલી ધિરાણનીતિમાં આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું કે, બલ્ક ડિપોઝિટ ની વ્યાખ્યામાં સંશોધન કરવાનો પ્રસ્તાવ મૂકાયો છે. તેની અસર સામાન્ય બેંકો અને સ્મોલ ફાઇનાન્સ બેંક બંને પર થશે.

જો કે ક્ષેત્રીય ગ્રામિણ બેંકોને તેમાંથી બાકાત રાખવામાં આવી છે. આરબીઆઈ ગવર્નરે ઉમેર્યુ કે, નવા પ્રસ્તાવ અનુસાર ત્રણ કરોડથી વધુને થાપણને બલ્ક ડિપોઝિટ ગણવાની ભલામણ છે. હાલ બેંકમાં એક સાથે બે કરોડ રૂપિયા સુધીની થાપણ જમા કરવામાં આવે તો તેને બલ્ક ડિપોઝિટ ગણવામાં આવે છે.

રિઝર્વ બેંકના પ્રસ્તાવને નાણાં મંત્રાલયની મંજૂરી મળ્યા બાદ બલ્ક ડિપોઝિટની લિમિટ બે કરોડથી વધારી ત્રણ કરોડ રૂપિયા કરવામાં આવશે. બેંકોના ભંડોળ એકત્ર કરવાની કામગીરીમાં સરળતા રહે તે હેતુસર આ પગલાં લેવામાં આવ્યા છે.

આરબીઆઈ એ ઉમેર્યુ કે, બેંકોને તેમની આવશ્યકતા અને એસેટ લાયબિલિટી મેનેજમેન્ટ અંદાજ અનુસાર ફિક્સ્ડ ડિપોઝિટ પર અલગ અલગ વ્યાજદર રાખવાનો વિવેકાધિકાર છે. આ પગલું બેન્કિંગ રેગ્યુલેશનની ઉભરતી બજાર સ્થિતિઓને સાનુકુળ બનાવવાના પ્રયાસોના ભાગ સ્વરૂપે લેવામાં આવ્યું છે.

બલ્ક ડિપોઝિટ લિમિટ ૫ વર્ષ બાદ વધારવામાં આવી રહી છે. છેલ્લે ફેબ્રુઆરી ૨૦૧૯માં બલ્ક ડિપોઝિટ લિમિટ ૧ કરોડથી વધારી ૨ કરોડ કરવામાં આવી હતી. તે અગાઉ ફેબ્રુઆરી ૨૦૧૩માં બલ્ક ડિપોઝિટ લિમિટની સમીક્ષા કરવામાં આવી હતી, તે સમયે એક કરોડ રૂપિયા અને તેનાથી વધુ રકમને બલ્ક ડિપોઝિટ કેટેગરીમાં રાખવામાં આવી હતી.

# થાપણ કરતા ધિરાણ વૃદ્ધિ ઊંચી રહેતા બેન્કિંગ ક્ષેત્ર ચિંતિત

મુંબઈ : ધિરાણ તથા થાપણ વૃદ્ધિ વચ્ચે વધી રહેલા અંતર પ્રત્યે ચિંતા વ્યકત કરી દેશની બેન્કિંગ નિયામક રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ દેશની બેન્કોને તેમની વેપાર પદ્ધતિમાં ફેરફાર કરવા સૂચન કર્યું છે. બેન્કિગ વ્યવસ્થામાં થાપણ કરતા ધિરાણ વૃદ્ધિ ઊંચી જોવા મળી રહી છે. ૧૭મી મેના સમાપ્ત થયેલા પખવાડિયાના આંક પ્રમાણે, ધિરાણમાં ૧૯.૫૦ ટકા વૃદ્ધિ જ્યારે થાપણમાં ૧૩.૩૦ ટકા વૃદ્ધિ રહી હતી. થાપણોમાં વધારો કરવા છેલ્લા એક વર્ષથી બેન્કો પ્રયત્નશીલ હોવા છતાં થાપણમાં અપેક્ષિત વધારો જોવા મળતો નથી. થાપણની સરખામણીએ ધિરાણ વૃદ્ધિ ઊંચી રહેતા બેન્કોએ લિક્વિડિટીની સમશ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. આ હકીકતને ધ્યાનમાં રાખી બેન્ક બોર્ડસે તેમના વેપાર પ્લાન્સમાં ફેરબદલ કરવા વિચારવું જોઈએ એમ રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું હતું. થાપણથી ધિરાણનું પ્રમાણ હાલમાં ૮૦ ટકા સાથે એક દાયકાની ઊંચી સપાટીએ રહ્યા કરે છે. જે બેન્કિંગ વ્યવસ્થામાં ધિરાણની સરખામણીએ થાપણમાં વૃદ્ધિ થતી નહીં હોવાનું સૂચવે છે.અનસિકયોર્ડ રિટેલ લોન્સ તથા એનબીએફસી દ્વારા ભંડોળ માટે બેન્કો પર વધુ પડતી નિર્ભરતા પર રિઝર્વ બેન્ક દ્વારા લવાયેલા અંકૂશોના થોડાઘણાં પરિણામો જોવા મળી રહ્યા હોવાનું પણ જણાવ્યું હતું.

# અર્થશાસ્ત્રીઓને નાણાકીય વર્ષ ૨૦૨૫માં આર્થિક વિકાસદરની વૃદ્ધિ સાત ટકાથી ઓછી રહેવાની આશંકા

નવી દિલ્હી : અર્થશાસ્ત્રીઓનો અંદાજ છે કે, નાણાકીય વર્ષ ૨૦૨૫માં આર્થિક વિકાસદરની વૃદ્ધિ સાત ટકાથી ઓછી રહેશે. બાહ્ય ગતિવિધિઓ, ઉચ્ચ આધારની આંકડાકીય અસર અને ટેકનિકલ પરિબળોના કારણે ભારતનું ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ વર્તમાન નાણાકીય વર્ષમાં સાત ટકા કરતા ઓછું વધી શકે છે એવી આશંકા અર્થશાસ્ત્રીઓ વ્યકત કરી રહ્યાં છે.

ભારતીય રિઝર્વ બેંકએ શુક્રવારે, નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે ભારતના જીડીપી વૃદ્ધિ અંદાજને ૨૦ બેસિસ પોઈન્ટ્સ વધારીને ૭.૨ ટકા જાહેર કર્યો છે. દસ અર્થશાસ્ત્રીઓમાંથી મોટા ભાગના એવું માને છે કે નાણાકીય વર્ષ ૨૦૨૫માં જીડીપી વૃદ્ધિ સાત ટકાની નીચે રહેશે અને કેટલાક તેને ૬.૫ ટકા પણ અંદાજે છે. અર્થશાસ્ત્રીઓએ જણાવ્યું હતું કે, અમે આ નાણાકીય વર્ષમાં ૬.૫ ટકા જીડીપી વૃદ્ધિની અપેક્ષા રાખીએ છીએ, તેમ છતાં જો ચોખ્ખા પરોક્ષ વેરામાં વૃદ્ધિ અમારી ધારણા મુજબ ધીમી ન પડે તો પણ તેમાં થોડો વધારો થઈ શકે છે. નાણાકીય વર્ષ ૨૦૨૫ માં ગ્રોસ-વેલ્યુ-ઍડેડ ૬.૮ ટકાના દરે વૃદ્ધિની અપેક્ષા રાખે છે અને પ્રતિકૂળ આધાર અને સબસિડી બિલ નીચલા સ્તરે સ્થિર થવાની પૃષ્ઠભૂમિમાં જીડીપી વૃદ્ધિની સંભાવના જુએ છે. નાણાકીય વર્ષ ૨૦૨૪માં, દેશનો ગ્રોસ-વેલ્યુ-ઍડેડ ૭.૨ ટકા વધ્યો હતો, જ્યારે જીડીપી ૮.૨ ટકા વધ્યો હતો. આ બંને વચ્ચેનું ૧૦૦ બેસિસ પોઇન્ટનું અંતર મુખ્યત્વે પાછલા વર્ષોની સરખામણીમાં પરોક્ષ કરની ઊંચી વસૂલાત અને સબસિડી ખર્ચમાં નોંધપાત્ર ઘટાડાનું પરિણામ હતું.



**રાજકોટ સિવિલ હોસ્પિટલ ફરી વિવાદમાં...**

રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ડોકટર દ્વારા યોગ્ય સારવાર નહિ આપતા હોવાના દરદીના સગાએ આક્ષેપ કરતા મામલો બિચક્યો હતો તેમજ તબીબો અને કોન્ટ્રાકટ પર રખાયેલા કર્મચારી વચ્ચે બોલાચાલી થઈ હતી. આ ઘટનાના બીજા દિવસે રવિવારે મેડિકલ કોલેજ બહાર રેસિડન્ટ તબીબોએ ઉગ્ર સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. તબીબોએ કોન્ટેક્ટ કર્મચારીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની માગણી કરી હતી. (તસવીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

# રિજિયોનલ સાયન્સ સેન્ટર ભાવનગર ખાતે વર્લ્ડ ઓશિયન ડેની ઉજવણી

ભાવનગરઃ વર્લ્ડ ઓશિયન ડે દર વર્ષે ૮મી જૂને ઉજવવામાં આવે છે. આ દિવસ વિશ્વના મહાસાગરોના રક્ષણ અને સંરક્ષણના મહત્ત્વ વિશે જાગૃતિ લાવવા માટે સમર્પિત છે. આબોહવાને નિયંત્રિત કરીને, લાખો લોકોને ખોરાક અને આજીવિકા પૂરી પાડીને અને ઓક્સિજન ઉત્પન્ન કરીને મહાસાગરો પૃથ્વી પર જીવન ટકાવી રાખવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જો કે, તેઓ પ્રદૂષણ, અતિશય માછીમારી, રહેઠાણનો વિનાશ અને આબોહવા પરિવર્તન જેવા અસંખ્ય જોખમોનો સામનો કરે છે. વિશ્વ મહાસાગર દિવસનો ઉદ્દેશ્ય આ મુદ્દાઓને પ્રકાશિત કરવાનો અને ભવિષ્યની પેઢીઓ માટે આપણા મહાસાગરોનું રક્ષણ અને જાળવણી કરવા માટેના પગલાંને પ્રેરણા આપવાનો છે.

આરએસસી ભાવનગર ખાતે વાઇલ્ડ લાઈફ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા તથા ક્ષિતિજ ફાઉન્ડેશન ભાવનગરના સંયુક્ત ઉપક્રમે વર્લ્ડ ઓશિયન ડેની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં વાઇલ્ડ લાઈફ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દેહરાદૂન ખાતે થી રિસર્ચર તથા એક્સપર્ટ સ્પીકર આવેલ હતા. જેને બાળકોને મહાસાગરોમાં રહેલ વન્યજીવના સંરક્ષણ માટે જાગૃત કરી અને વર્લ્ડ ઓશિયન ડે ૨૦૨૪ની થીમ અવેકેન ન્યૂ ડેપ્થને વિસ્તૃત રીતે સમજાવી. આ કાર્યક્રમ માં ભાવનગર યુનિવર્સિટીના પ્રાધ્યાપક અને વન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે રિજિયોનલ સાયન્સ સેન્ટર ભાવનગર, ખાતેની મરીન એક્વેટિક ગેલેરીમાં એક નવી પ્રજાતિ, બ્રાઉનબેન્ડેડ બામ્બુ શાર્ક નો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ગેલેરી મુલાકાતીઓ માટે હોટફેવરિટ રહી છે. આ ગેલેરી માં માછલી ની ઘણી બધી પ્રજાતિઓ છે. ■

# ઊનાના ગીરગઢડા પંથકમાં મેઘરાજાનું આગમન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ઊનાઃ ભારે ગરમી અને ઉકળાટ વચ્ચે ઊના ગીર પંથકના ગ્રામ્ય વિસ્તારમાં વાતાવરણમાં પલટો આવતા ભારે પવનનાં સુસવાટા સાથે વરસાદ પડતાં ચારે તરફ ઠંડું વાતાવરણ સર્જાતાં લોકોમાં આનંદ ફેલાયો હતો.

બપોર બાદ અચાનક ગીર પંથકના ધોકડવા નિતલી વડલી મોતિસર બેડીયા ચીખલ કુબા જસાધાર નગડીયા સહિત ગ્રામ્ય વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ પડયો હતો તુલશીશ્યામ આસપાસના ગામડાઓમાં પવન સાથે વરસાદ વરસતા મેઘરાજાની પધરામણી થઇ હતી ગીરમાં અસહ્ય ગરમી બાદ પવન સાથે વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરાવી હતી. ઊના શહેરમાં પણ વાદળો ઘેરાયાં હતાં અને વરસાદના ઝાપટાં પડતાં ઠંડું વાતાવરણ ફેલાયું હતું. ચોમાસાનાં આગમનની ઘડીઓ ગણાઇ રહી છે અને ભારે ગરમી વચ્ચે લોકોને અચાનક પવન સાથે વરસાદ વરસતા મેઘરાજાની વહેલી પધરામણીથી ધોકડવા પંથકમાં આનંદ ફેલાયો હતો. ■

# દુધરેજ નર્મદા કેનાલ પરના પુલ ઉપર ગાબડુંઃ બે વર્ષમાં પાંચ વાર ગાબડાં પડ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર શહેરથી ધ્રાંગધ્રા અને પાટડી તરફ જવાના મુખ્ય રસ્તા પર દુધરેજ નર્મદા કેનાલ આવેલી છે. આ કેનાલ ઉપર બનાવાયેલા પુલ પર મસમોટું ગાબડું પડી ગયું હતું. આ પુલ પર અવારનવાર ગાબડા પડે છે અને રિપેરિંગ કરવામાં આવે છે. છેલ્લા બે વર્ષમાં જ ૪થી ૫ વાર ગાબડાં પડી ચૂક્યાં છે. રિપેર કરાયેલાં ગાબડાં નજીક જ શુક્રવારે ફરી ગાબડું પડવાનો બનાવ બન્યો છે. કોઈ મોટી જાનહાનિ થાય તે પહેલા પુલનું સંપૂર્ણ નિરીક્ષણ કરવા માગ ઊઠી છે.

સુરેન્દ્રનગરથી ધ્રાંગધ્રા અને પાટડી તરફ જવાના મુખ્ય રસ્તા પર આ પુલ આવેલો છે. આથી પુલ પરથી દિવસ અને રાતભર મોટા વાહનો સાથે અનેક વાહનચાલકો પસાર થાય છે. ત્યારે એકવાર સમગ્ર પુલનું ટેકનિકલ નિરીક્ષણ કરી જરૂર જણાય તે ભાગ તોડી રિપેર કરવામાં આવે તેવી લોકમાગ ઊઠી છે. કારણ કે, આ તો નાનું ગાબડું હતું, પરંતુ મોટું ગાબડું પડે અને વાહનચાલક વાહન સાથે કેનાલમાં ખાબકે તો મોટી જાનહાની થવાની શકયતા રહેલી છે. ■

# ભાવનગરના ઉમરાળામાં ભારે પવન સાથે અડધો ઇંચ વરસાદઃ પાલિતાણા-શિહોરમાં ઝાપટાં



(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ગોહિલવાડ પંથકમાં જે રવિવારે સાંજે ઉમરાળામાં વાજડી સાથે વરસાદ પડ્યો હતો. ઉમરાળામાં અડધો ઇંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે પાલિતાણા અને શિહોરમાં છૂટો છવાયો વરસાદ પડ્યો હતો.

ભાવનગરમાં બપોર સુધી ભારે ગરમી બાદ સાંજે વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ભારે પવન ફૂંકાયો હતો. ભાવનગર જિલ્લાના ઉમરાળા પંથકમાં સાંજે ભારે પવન સાથે વરસાદ તૂટી પડ્યો હતો અને વૃક્ષો પડયાં હતાં. થાંભલા તૂટ્યા હતા . મકાનો અને શેડના પતરાં ઉડ્યાં હતાં. ઉમરાળામાં ૧૧ મી.મી. વરસાદ નોંધાયો છે. જ્યારે ભાવનગર જિલ્લાના પાલિતાણામાં સાંજે છૂટો છવાયો વરસાદ પડ્યો હતો સિહોર પંથકમાં પણ સાંજે પવન સાથે વરસાદ પડ્યો હતો. ભાવનગર શહેરમાં સાંજે વરસાદી માહોલ ઊભો થયો હતો અને પવન ફૂંકાયો હતો પરંતુ વરસાદ પડ્યો ન હતો.

દરમિયાન ભાવનગર શહેરનું મહત્તમ તાપમાન ૪૦.૯ ડિગ્રી નોંધાયું હતું .જ્યારે આજનું લઘુતમ તાપમાન ૩૦.૧ ડિગ્રી રહેવા પામ્યું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૪૦ ટકા રહ્યું હતું. જ્યારે પવન ની ઝડપ ૨૬ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી. ભાવનગર શહેર અને સમગ્ર જિલ્લામાં વરસાદી માહોલ ઊભો થતા મેઘરાજાની પધરામણી થશે તેવી આશાએ ધરતીપુત્રોમાં આનંદની લાગણી ફેલાય છે. ■

# ભાવનગરમાં સ્કૂલ બેગની પાંચ દુકાનમાં જીએસટીનું સર્ચ ઓપરેશન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગર શહેરમાં આવેલા સ્કૂલ બેગના શૉ રૂમની પાંચ દૂકાનોમાં એસજીએસટી વિભાગે દરોડા પાડયા છે. ભાવનગરમાં એસ.કે. બેગની પાંચ દુકાનમાં એસજીએસટી તંત્ર દ્વારા સર્ચ ઓપરેશન કરવામાં આવ્યું હતું. ઓછું ટર્નઓવર તેમ જ બિલ વગરના માલ વેચતા હોવાની શંકાને પગલે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. એસ.કે. બેગની પાંચ દુકાનના સ્ટોક તેમ જ તેમના ગોડાઉનના સ્ટોક બૅન્ક હિસાબો અને કોમ્પ્યુટરના હિસાબો સહિતની ચકાસણી કરવામાં આવી રહી છે.

સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા શનિવારે રાજ્યભરમાં ખાસ કરીને અમદાવાદ, નવસારી, ગાંધીનગર, હિંમતનગર, ખેડા, બનાસકાંઠા અને રાજકોટ ખાતેના ૧૫ મોટા વોટરપાર્કના ૨૭ ધંધાના સ્થળે તપાસની કાર્યવાહી હાથ ધરાઇ હતી, જેમાં રૂપિયા ૫૭ કરોડથી વધુનાં શંકાસ્પદ વ્યવહારો મળી આવ્યા હતા.

સ્ટેટ જીએસટીના દરોડા દરમિયાન પેઢીવાર જુદા-જુદા પ્રકારની રીતરસમો ધ્યાનમાં આવી છે. અમુક પેઢીઓ દ્વારા કોસ્ચ્યુમ, લોકર, મોબાઇલ કવર તેમ જ ટ્યુબ્સ વગેરેના ભાડાં-વેચાણ હિસાબી ચોપડે દર્શાવ્યા વગર રોકડેથી વ્યવહાર કરાયા હોવાનું દરોડા દરમિયાન જાણવા મળ્યું છે. આ ઉપરાંત વોટર પાર્કમાં આવેલા રેસ્ટૉરન્ટમાં કાચી ચિઠ્ઠીથી રોકડમાં થયેલા વ્યવહારો અંગેની વિગતો પણ ધ્યાનમાં આવી છે.

રાજ્યમાં આઈસક્રીમ અને જ્યૂસ પાર્લરમાં જીએસટી વિભાગે દરોડા પાડયા હતા. આ દરોડાની કાર્યવાહીમાં ૪૦ કરોડથી વધુની કરચોરી સામે આવી હતી. અમદાવાદ, સુરત અને રાજકોટના ૨૪ મોટા ટર્નઓવર ધરાવતા આઈસક્રીમ અને જ્યૂસ પાર્લર પર દરોડા પાડવામાં આવ્યા હતા. ■

## ૧૬ જૂનથી સિંહોનું વેકેશનઃ

# ગિરનાર અભયારણ, ગીર નેશનલ પાર્ક બંધ રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢમાં એક તરફ શાળાઓમાં વેકેશન પૂર્ણ થવાનો સમય આવી ગયો અને બીજી તરફ સાસણ ગીરમાં સિંહોનું વેકેશન શરૂ થવાનું છે. આગામી તા.૧૬ જૂનથી સાસણ ગીરમાં સિંહોનું વેકેશન શરૂ થવા જઈ રહ્યું છે. આ વેકેશન ચાર મહિના સુધી ચાલશે. આ વેકેશનના ચાર માસ સિંહોનો સંવનનકાળ કહેવામાં આવે છે.

એશિયાટિક સિંહોના એકમાત્ર નિવાસસ્થાન ગણાતા ગીર નેશનલ પાર્કમાં ૧૬ જૂનથી ૧૫ ઑક્ટોબર ચાર મહિના સુધી પ્રવાસીઓ સફારીમાં સિંહના દર્શન કરી શકશે નહીં. હકીકતમાં સિંહોનો મેટિંગ સમય હોવાથી ૧૬ જૂનથી ૧૫ ઓક્ટોબર સુધી સિંહોના સંવનનકાળ ચાલતો હોવાથી આ ચાર મહિના સુધી સિંહોનું વેકેશન રહે છે. આ દરમિયાન પ્રવાસીઓ માટે દેવળિયા પાર્ક ખુલ્લું રહે છે.

ચોમાસાની સિઝનમાં સિંહ સહીત વન્ય જીવો માટે સંવનનકાળ હોવાથી વન્ય જીવોને ખલેલ ન પહોંચે તે માટે સાસણના જંગલમાં ચોમાસાનું ચાર માસનું વેકેશન પડી જશે. ચાર માસના વેકેશન દરમિયાન જીપ્સીઓના તમામ રૂટ બંધ થશે અને પ્રવાસીઓ માટે માત્ર દેવળીયા સફારી પાર્ક ચાલુ રહેશે. ચોમાસાની સીઝન સિંહો, દીપડા, હરણ, સાબર, ચિંકારા સહિતના મોટા ભાગના વન્ય જીવોમાં પ્રજનન કાળ ચાલતો હોય છે. ■

# મવડીનો કારખાનેદાર પત્ની અને પુત્ર સાથે ૨૬ દિવસથી લાપતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ ઉમિયા ચોકમાં રહેતા કારખાનેદાર તેમના પત્ની અને પુત્ર સાથે છેલ્લા ૨૬ દિવસથી ઘર છોડીને ભેદી રીતે લાપતા થઇ જતા પરિવારજનો આકુળ વ્યાકુળ થઈ ગયા છે. લેણિયાત ઘરે આવતા પિતાએ પોલીસમાં જાણ કરી હતી. દેવું વધી જતા ઘર છોડ્યું હોવાની શંકાએ પોલીસે ત્રણેયની ભાળ મેળવવા કોલ ડીટેઇલ આધારે તપાસ હાથ ધરી છે.

રાજકોટના ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉમિયા ચોકમાં આવેલી વૈકુંઠધામ સોસાયટીમાં રહેતા અને કાંગશીયાળી પાસે સબમર્સિબલના પાર્ટ્સનું કારખાનું ધરાવતા હરસુખભાઈ નાગજીભાઈ બુસા ગત તારીખ ૧૪ મેના રોજ પત્ની મનીષાબેન અને પુત્ર તીર્થ સાથે ઘરેથી નીકળી ગયા બાદ ભેદી રીતે લાપતા થઈ ગયા છે. દંપતી અને પુત્ર લાપતા થઈ જતા પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી, પરંતુ કોઈ પતો લાગ્યો ન હતો તેમનો ફોન પણ સતત સ્વીચ ઑફ આવતો હતો.

આ દરમિયાન ઘરે લેણિયાત પહોંચતા કદાચ દેવું વધી જતા ત્રણેય ઘર છોડીને જતા રહ્યા હોય તેવી શંકાએ કાલાવડના મોટાવડાળા ગામે રહેતા હરસુખભાઈના પિતા નાગજીભાઈ બુસાએ માલવિયાનગર પોલીસમથકે પુત્ર, પુત્રવધૂ અને પૌત્ર ગૂમ થયાની જાણ કરી હતી.

હરસુખભાઈ બે ભાઈ અને બે બહેનમાં મોટા છે મનીષાબેનનું માવતર કાલાવડના બાવાખાખરીયા ગામે છે. આ અંગે માલવિયાનગર પોલીસ મથકના પીઆઇએ જણાવ્યું હતું કે, ત્રણેય ગુમશુદા અંગે અમને ગઈકાલે જાણ કરવામાં આવી છે તેમને શોધવા માટે કોલ ડીટેઇલ આધારે તપાસ હાથ ધરી છે. ■

# મેટોડા જીઆઇડીસીમાં ગેસ લાઈટર બનાવતી ફેક્ટરીમાં ભીષણ આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટની મેટોડા જીઆઇડીસીમાં લાઇટર બનાવવાની ફેક્ટરીમાં ગઇકાલ શનિવારે મોડી સાંજે આગ લાગ્યાની ઘટના બનતા ફાયરની ચાર ગાડીઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી. આગના કારણે આજુબાજુમાં મોટી સંખ્યામાં લોકોનાં ટોળાં ઉમટ્યાં હતાં.

મળતી વિગતો અનુસાર, મેટોડા જીઆઇડીસીમાં આવેલી આશીર્વાદ ઇન્ડસ્ટ્રીઝમાં એક ફેક્ટરીમાં આગ લાગવાની ઘટના સામે આવી હતી. ગેસના લાઈટર બનાવતી ફેક્ટરીમાં આગ લાગી હતી.

રાજકોટ ફાયર વિભાગ તેમજ વોટર બાઉઝર સહિતના સાધનો દ્વારા આગ બુઝાવાની કામગીરી કરવામાં આવી હતી. આગની જાણ કર્મચારીઓને થતા જ તેઓ તાત્કાલિક કંપનીની બહાર દોડી આવ્યા હતા. તેમજ આગની જાણ થતા જ તાત્કાલિક જીઆઇડીસી પોલીસ પણ ઘટના સ્થળ પર પહોંચી હતી. આગ કયાં કારણોસર લાગી તે જાણી શકાયું નથી. ■



**ભાવનગરમાં રથયાત્રાની તૈયારી...**

દર વર્ષે પરંપરાગત રીતે ભાવનગરમાં નીકળતી ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રા પહેલા એક માસ અગાઉથી ભાવનગરમાં જુદાં-જુદાં સ્થળો પર ધાર્મિક અને રાષ્ટ્રભક્તિ વાળા કટ-આઉટ લગાવવામાં આવે છે અને કેસરી ધજાઓ, બેનર્સ વગેરે દ્વારા ભાવનગરમાં કેસરિયો માહોલ ઊભો કરવામાં આવે છે તે મુજબ રવિવારે ભાવનગરના હાર્દસમા ઘોઘાગેઈટ ચોકમાં ૩૩ ફૂટ ઊંચું ભગવાન શ્રીકૃષ્ણ પરમાત્માનું કટઆઉટ લગાવવામાં આવ્યું છે. આ કટઆઉટ અને તેના ઉપરનું લાઈટ ડેકોરેશનને કારણે લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. અને લોકોમાં આગામી રથયાત્રાની જાણ થાય છે. (તસવીરઃ વિપુલ હિરાણી, ભાવનગર)

# ઢાલ સરીખા મિત્રોઃ તળાજા હોમગાર્ડ યુનિટ એક દિવસનું વેતન સાથી પરિવારને નામ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના તળાજા હોમગાર્ડ યુનિટ વર્ષોથી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરે છે. જેમાં એક સેવા તેઓની અતિ પ્રસંશનીય છે. ફરજ બજાવતા હોમગાર્ડ જવાનનું અકાળે અવસાન થાય તો એક દિવસની મહેનતનું વેતન આફટગ્રસ્ત પરિવારને આપી મદદ કરવામાં આવે છે. લાકડીયા ગામના વતની અને તળાજા હોમગાર્ડમાં ફરજ બજાવતા નિમેશ બોઘાભાઈ માથાવડીયાને તાવ આવ્યા બાદ આઠેક દિવસ પહેલાજ અવસાન પામ્યા હતા. અચાનક મોતના પગલે આવી પડેલી આફતને લઈ તળાજા હોમગાર્ડ યુનિટના જવાનોએ એક દિવસની ફરજમાં મળતા રૂ.૪૫૦ લેખે ૪૪૦૦૦ રોકડ આફટગ્રસ્ત પરિવારને રોકડ આપીને દુઃખમાં સધિયારો આપી સ્ટાફનું સંગઠન, મિત્રતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. હોમગાર્ડ યુનિટના તળાજા કમાડીંગ ઓફિસર દેવેન્દ્ર જોશી, ડી.જી.ગોહિલ સહિતના સાથે રહ્યા હતા. ■

# મેઘપરમાં માદક પદાર્થ સાથે શખ્સ પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ઔદ્યોગિકીકરણ બાદ નશાખીરીનું હબ બની ચૂકેલા ભાતીગળ પ્રદેશ કચ્છમાં પૂર્વ કચ્છના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે અંજાર તાલુકાના મેઘપર બોરીચીમાં એક રહેણાક મકાનમાંથી નશીલા પદાર્થના જથ્થા સાથે એક આરોપીની ધરપકડ કરી હતી.

એસઓજીના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, મેઘપર બોરીચી વિસ્તારમાં આશાપુરા નગરના મકાન નં.૩૧માં નશીલો પદાર્થ હોવાની બાતમીના આધારે અહીં દરોડો પાડવામાં આવ્યો હતો જેમાં ૮.૨૬૫ કિલોગ્રામ પોષડોડા, ઠળિયા તથા પોષડોડા પાવડર ૫.૪૮૫ કિલોગ્રામ સાથે કુલ ૧૩.૭૫૦ કિલોગ્રામ જથ્થો મળી આવ્યો હતો, જેની કિંમત રૂ. ૪૧૨૫૦ આંકવામાં આવી હતી. આ કાર્યવાહીમાં આરોપી પરસોત્તમ રાધોમલ રિજવાની (રહે.આશાપુરા નગર,મેઘપર બોરીચી)ની એક મોબાઈલ ફોન કિં.રૂ.પાંચ હજાર, ડિજિટલ કાંટો કિં.રૂા. બે હજાર સાથે કુલ રૂ. ૫૦૪૫૦ના મુદ્દામાલ સાથે ધરપકડ થઈ હતી.

પકડાયેલો માદક પદાર્થનો જથ્થો તખુભા જાડેજા (રહે. હારીજ) પાસે આવ્યો હોવાનું બહાર આવતાં પોલીસે આ તહોમતદારને પકડી પાડવાની દિશામાં વધુ તપાસ આરંભી છે. ■

# કચ્છના નાના રણ પાસેથી શરાબના જથ્થા સાથે કારમાં આવેલા બે શખસ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સરહદી જિલ્લા કચ્છમાં નશાખોરીનું દૂષણ સતત વધી રહ્યું છે તેવામાં વાગડ તરફના નાના રણ ખાતે ગાંધીનગરની સ્ટેટ મોનિટરિંગ સેલની ટુકડીઓએ સ્થાનિક પોલીસને ઊંઘતી રાખી પાડોશી રાજ્ય રાજસ્થાનથી ગુજરાતમાં અંગ્રેજી શરાબનો જથ્થો ઘુસાડવાનાં કારસ્તાનને વિફળ બનાવી એક મોટરકારમાંથી રૂ.૧.૬૫ લાખની કિંમતના અંગ્રેજી દારૂ સાથે બે આરોપીઅને પકડી પાડ્યા હતા. જાણવા મળેલી વિગતો અનુસાર કચ્છનાં નાના રણમાંના સીમાવર્તી વરણુ ગામથી વાછરાદાદા મંદિર તરફ જતા ચાર રસ્તા પર શરાબ ભરેલી કાર આવતી હોવાની બાતમીના આધારે સ્ટેટ મોનિટરિંગ સેલની ટુકડીએ બાતમી મુજબની નિશાન ટેરેનો કારને રોકાવી હતી અને તલાસી લેતાં અંદર બોક્સમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની ૧૦૦૫ નાની-મોટી બોટલ તથા બિયરના ટીન મળી આવ્યા હતા જેની કિંમત રૂ. ૧,૬૫,૧૮૦ આંકવામાં આવી છે.

આ કાર્યવાહીમાં નિશાન ટેરેનો ગાડી નં. જીજે ૧૮ બીસી ૬૧૯૭ કિં.રૂ. ત્રણ લાખ, એક મોબાઈલ ફોન કિં.રૂ. પાંચ હજાર સાથે કુલ રૂ. ૪,૭૦,૧૮૦ના મુદ્દામાલ સાથે આરોપી મહેશ નાગજી લુણ (રબારી) (રહે. દેશર ગામ, તા. સાંતલપુર, જિલ્લો પાટણ), દિલીપ નેમા ઠાકોર (રહે. ભાડિયા ગામ, તા. રાધનપુર) ની ધરપકડ કરી હતી.

પકડાયેલા આરોપીની પૂછપરછ દરમ્યાન દારૂનો વેપાર કરનારો મુખ્ય આરોપી દિલીપ પોપટજી ઠાકોર (રહે. ભલગામ, તા. કાંકરેજ), દારૂનો જથ્થો લેનારા આરોપી સલીમ મુસલમાન (રહે. અમરાપર, તા. સાંતલપુર) તથા દારૂની ગાડી આપવા આવેલો અજાણ્યો શખ્સ અને ગાડીના માલિકની સંડોવણી ખૂલી હતી, જેને પકડવા માટે ચક્રો ગતિમાન કરાયા છે. ■

# નવાગામમાં ₹.૧૦.૩૨ લાખના ૩૫ એસીની ચોરીઃ ડ્રાઈવર ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના નવાગામમાં આવેલા એક ગોડાઉનમાંથી રૂ.૧૦.૩૨ લાખના ૩૫ જેટલા એસી ચોરાયાની ફરિયાદ પોલીસમાં નોંધવામાં આવી હતી. આ મામલે પોલીસે તપાસ કરતા ગોડાઉનમાં કામ કરતો ડ્રાઇવર પીકઅપ વાનમાં ૩૫ એસી લઇ જતો સીસીટીવીમાં દેખાયો હતો. જેથી પોલીસે આરોપીને પકડી તમામ મુદ્દામાલ રીકવર કર્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, યુનિવર્સિટી રોડ પર રાધાપાર્ક બી-૩ હવેલી વાળી શેરીમાં રહેતા દિપભાઇ હિતેશભાઇ સવજીયાણી (ઉ.વ.૨૫)એ ફરિયાદમાં પારસ દેવાભાઇ ઠાકર (રહે. સાનિધ્ય-૫ એપાર્ટમેન્ટ બ્લોક નં.૫૦૧-એ), રાજલક્ષ્મી સોસાયટી-રાજકોટ)નું નામ આપતા તેમની સામે બી ડીવીઝન પોલીસના સ્ટાફે ગુનો નોંધ્યો હતો.

દિપભાઇએ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ એસીનો વેપાર કરે છે તેઓએ તા.૧૬/૫ના રોજ મિત્ર બ્રિજેશભાઇ વાઘવાણીનું ગોડાઉન જે નવાગામ ખાતે બંસી હોટેલની બાજુમાં ન્યારા પેટ્રોલ પંપની સામે આવેલું છે ત્યાં ૧૫ દિવસથી ૨૦૦ જેટલા એસી રાખ્યા હતા.

સવારે ગોડાઉનમાં જોતા ૩૫ જેટલા એસી રૂ.૧૦.૩૨ લાખના પાર્સલ જોવા મળ્યા નહોતા. જેથી આ અંગે ગોડાઉનના સીસીટીવી ફૂટેજમાં તપાસતા ડ્રાઇવર પારસ ઠાકર એસી પીકઅપ વાનમાં નાંખી બે ફેરા કરતો નજરે પડયો હતો. તેને કોલ કરતાં તેણે મોબાઇલ સ્વિચ ઓફ કરી નાખ્યો હતો. આ મામલે પોલીસે આરોપીને પકડી તમામ મુદ્દામાલ કબજે કર્યો હતો. ■